# જિત

## ધાર્મિક અભ્યાસક્રમ

પ્રેરણા : પ.પૂ.આ.ભ.શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ



JEET
JAIN EDUCATION & EMPOWERMENT TRUST
Estd. : 2006

# SUMMARY OF INCOME-EXPENDITURE (2008 - 2015)

| PARTICULARS | FY 08-09 | FY 09-10 | FY 10-11 | FY 11-12 | FY 12-13 | FY 13-14 | FY 14-15 |
|---|---|---|---|---|---|---|---|
| **INFLOW** | | | | | | | |
| Donation Received | 274876 | 4054178 | 3994706 | 8735931 | 13918378 | 16594477 | 13519367 |
| SAV Fee and Interest Income | | | | | | 1914838 | 3698858 |
| Interest Income | 1002 | 36336 | 12175 | 797 | | 64843 | 68980 |
| **TOTAL INFLOW - A** | **275878** | **4090514** | **4006881** | **8736728** | **13918378** | **15945876** | **17287205** |
| **OUTFLOW** | | | | | | | |
| **Exp. Towards Object of Trust** | | | | | | | |
| Educational Supports | 529021 | 1427196 | 4449680 | 5774738 | 8900285 | 8213465 | 8700326 |
| Educational Supports - Loan | | | 1049597 | 1810273 | 2522867 | 2376313 | 2251350 |
| Shree Adinath Vidyapeeth Expenses | | | | | 960203 | 1534499 | 2078927 |
| Empowerment Supports | 18000 | 33000 | | | 100000 | 321600 | 391300 |
| | **547021** | **1460196** | **5499277** | **7585011** | **12483355** | **12445877** | **13421903** |
| **Administrative Expenses** | | | | | | | |
| Bank Charges | 5647 | 14433 | 64212 | 28833 | 4641 | 6316 | 5408 |
| Computer Expenses | | 15000 | | 23510 | 15550 | | 2125 |
| Depreciation | | | | | 318538 | 283541 | 268956 |
| Electricity Exp. | | | | 35530 | 54690 | 53160 | 31390 |
| Marketing & Advert. | 3030 | 5338 | 18150 | | 404964 | 20718 | 273950 |
| Office Expenses | 15291 | 31086 | 21080 | 60752 | 142802 | 54890 | 101419 |
| Misc. Expenses | 14991 | 3156 | 15231 | 4200 | | | |
| Postage, Telegram & Telephone Exp. | 5455 | 14019 | 49124 | 103933 | 219447 | 175325 | 235350 |
| Printing & Stationery Expenses | 2872 | 120898 | 104627 | 221748 | 431846 | 372944 | 290615 |
| Repair & Maintenance | | | 6500 | 121000 | | 6759 | |
| Staff Welfare | 4000 | | | 20656 | | | |
| Salary | 70774 | 100700 | 176255 | 307522 | 436491 | 531121 | 749800 |
| Sundry Exp. | | | | 19520 | 63286 | 28596 | 42860 |
| | | | | | | | |
| | **122060** | **304630** | **455179** | **947204** | **2092255** | **1533370** | **2001873** |
| **TOTAL OF OUTFLOW - B** | **669081** | **1764826** | **5954456** | **8532215** | **14575610** | **13979247** | **15423776** |
| **CLOSING BALANCE (A - B) NET TRNASFERED TO P& L ACCOUNTS** | **(393203)** | **2325688** | **(1947575)** | **204513** | **(657232)** | **4594911** | **1863429** |

# જિત

## ધાર્મિક અભ્યાસક્રમ
## વિભાગ ૧ થી ૫

: પ્રેરણા :

પ.પૂ.આ.ભ.શ્રી વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :

જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટર ટ્રસ્ટ (JEET)
૫૦૨, વેસ્ટર્ન એજ.-૧,
વેસ્ટન એક્સપ્રેસ હાઈ-વે, બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૬



જિત (ધાર્મિક અભ્યાસક્રમ-વિભાગ ૧ થી ૫)

પ્રકાશન : સં. ૨૦૭૩

પ્રાપ્તિસ્થાન :

- જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ (**JEET**)
  ૫૦૨, વેસ્ટર્ન એજ.-૧,
  વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ-વે, બોરીવલી (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૬

- જિત - બ્રાંચ ઓફીસ
  શાકુંતલ બિલ્ડીંગ - બેઝમેન્ટ,
  સી.એન. વિદ્યાલય સામે, આંબાવાડી,
  અમદાવાદ.
  સમ્પર્ક : ૮૮૪૯૬૭૩૨૩૭
  ૯૮૨૪૦૧૭૦૨૯

મુદ્રણ :
કિરીટ ગ્રાફીક્સ - અમદાવાદ. મો. ૯૮૯૮૪૯૦૦૯૧





'જિત' જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ જૈન સાધર્મિક ભાઈઓના બાળકોને ભણતરમાં આર્થિક સહાયનું કાર્ય કરી રહેલ છે. દર વર્ષે ૨ થી ૩ હજાર બાળકોને ભણવામાં આર્થિક સહાયનું કાર્ય કરે છે. એ બાળકો સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસ પણ કરે તે માટે એમને વિશેષ પ્રોત્સાહન આપીએ છીએ. એના ફળસ્વરૂપે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પાંચ-પ્રતિક્રમણનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ બે પ્રતિક્રમણનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. અને ૧૧૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ બે પ્રતિક્રમણનો અભ્યાસ કરી રહેલ છે.

એ બાળકોના આધ્યાત્મિક વિકાસ માટે આ એક ધાર્મિક અભ્યાસક્રમ કરેલ છે. આ પ્રમાણેનો અભ્યાસ કરી સ્વ-પર ઉભયનું કલ્યાણ કરનારા થાઓ.

જિત પરિવાર

# INDEX


| | |
|---|---|
| વિભાગ - ૧ | ૧ |
| વિભાગ - ૨ | ૨૩ |
| વિભાગ - ૩ | ૪૫ |
| વિભાગ - ૪ | ૭૪ |
| વિભાગ - ૫ | ૮૯ |

# વિભાગ - ૧

નવકારથી સામાઇયવયજુત્તો સુધીના સૂત્રો

સામાયિક લેવા-પારવાની વિધિ

## સામાયિક લેવાની વિધિ

સામાયિક કરવામાં જોઈતી વસ્તુઓ :

૧. સીવ્યા વિનાનાં શુદ્ધ વસ્ત્રો, ૨. કટાસણું ૩. મુહપત્તિ ૪.સાપડો ૫. પુસ્તક ૬. ચરવળો ૭. ઘડી

૧. પ્રથમ શુદ્ધ વસ્ત્રો પહેરવાં, પછી ચરવળાથી જગ્યા પૂંજી સ્થાપનાજી સ્થાપવા માટે પુસ્તક સાપડા પર મૂકીને મુહપત્તિ ડાબા હાથમાં રાખી જમણો હાથ પુસ્તક સામે રાખીને નવકાર પંચિંદિય કહીને સ્થાપનાજી સ્થાપવા.

૨. પછી એક ખમાસમણ દઈને ઈરિયાવહીયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ કહી એક લોગસ્સનો (ન આવડે તો ચાર નવકારનો) કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને (નમો અરિહંતાણં કહીને) પ્રગટ લોગસ્સ બોલવો પછી-

૩.ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં.** કહીને મુહપત્તિ પડિલેહવી.

૪. પછી એક ખમાસમણ દઈ, **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક સંદિસાહું ? ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક ઠાઉ ? ઈચ્છં** કહી બે હાથ જોડી એક નવકાર ગણવો.

૫. પછી **ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી,** એમ કહી કરેમિ ભંતે સૂત્ર પોતે બોલવું, અથવા ગુરુ કે વડીલ હોય તો તેમની પાસે બોલાવવું.

૬. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ બેસણે સંદિસાહુ ? ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ, **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! બેસણે ઠાઉ ? ઈચ્છં !** કહી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં** કહી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સજ્ઝાય કરું ? ઈચ્છં** કહી બે હાથ જોડીને ત્રણ નવકાર ગણવા.

૭. પછી બે ઘડી અર્થાત્ અડતાલીસ (૪૮) મિનિટ સુધી સ્થિર આસને બેસી ધર્મધ્યાન કરવું. સ્વાધ્યાય કરવો. સામાયિકમાં સંસારની વાત ન થાય - વિચાર પણ ન થાય.

૮. સામાયિકમાં સર્વ સાધુ મ.ને વંદના ન થાય.

## સામાયિક પારવાનો વિધિ

૧. પ્રથમ એક ખમાસમણ દઈને **ઈરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ** કહી એક લોગસ્સ અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. (નમો અરિહંતાણં કહીને) પારીને પ્રગટ લોગસ્સ બોલવો.

૨. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં** કહીને મુહપત્તિ પડિલેહવી.

૩. પછી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારું ?** એમ આદેશ માગવો પછી યથાશક્તિ બોલી એક ખમાસમણ દઈ **ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પાર્યું ?** એમ કહી **તહત્તિ** કહેવું. પછી જમણો હાથ ચરવળા અથવા કટાસણા ઉપર સ્થાપીને એક નવકાર ગણી સમાઈઅ-વયજુત્તો સૂત્ર બોલવું.

૪. સ્થાપનાજી સ્થાપેલા હોય તો જમણો હાથ સવળો રાખી એક નવકાર ગણી સ્થાપનાજી ઉત્થાપી લેવાં.

ગુરુવંદનની વિધિ અને તેમાં આવતા સૂત્રોના અર્થ તેમજ ભાવાર્થ

## ગુરુવંદનની વિધિ

૧. પહેલાં ઊભા થઈ બે ખમાસમણ દેવાં.

૨. ત્યાર બાદ ઊભા રહી ઈચ્છકાર સૂત્રનો પાઠ બોલવો. (આચાર્ય ભગવંત અથવા પદસ્થ સાધુ હોય તો એક ખમાસમણ દેવું)

૩. પછી ઊભા રહી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ? ઈચ્છં ખામેમિ દેવસિઅં. આટલું બોલ્યા બાદ જમણો હાથ જમીન પર સ્થાપી ડાબોહાથ મુખ પાસે રાખી બાકીનો અબ્ભુટ્ઠિઓ પૂર્ણ બોલવો.

૪. પછી ઊભા થઈ એક ખમાસમણ દેવું.

નોંધ : સવારે 'રાઈ' શબ્દ અને બપોરે બાર વાગ્યા પછી 'દેવસિ' શબ્દ બોલવો. બંને સાથે ન બોલાય.

## જનરલ જ્ઞાન

ચોવીસ તીર્થંકરોનાં નામ, લાંછન અને વર્ણ

| | | |
|---|---|---|
| ૧. શ્રી ઋષભદેવ | બળદ | કાંચન |
| ૨. શ્રી અજિતનાથ | હાથી | કાંચન |
| ૩. શ્રી સંભવનાથ | ઘોડો | કાંચન |

| | | |
|---|---|---|
| ૪. શ્રી અભિનંદનસ્વામી | વાંદરો | કાંચન |
| ૫. શ્રી સુમતિનાથ | કૌંચપક્ષી | કાંચન |
| ૬. શ્રી પદ્મપ્રભસ્વામી | (સૂર્ય) કમળ | રાતો |
| ૭. શ્રી સુપાર્શ્વનાથ | સાથિયો | કાંચન |
| ૮. શ્રી ચંદ્રપ્રભસ્વામી | ચંદ્ર | ઉજ્જ્વળ |
| ૯. શ્રી સુવિધિનાથ | મગરમચ્છ | ઉજ્જ્વળ |
| ૧૦. શ્રી શીતલનાથ | શ્રીવત્સ | કાંચન |
| ૧૧. શ્રી શ્રેયાંસનાથ | ગેંડો | કાંચન |
| ૧૨. શ્રી વાસુપૂજ્યસ્વામી | મહિષ (પાડો) | રાતો |
| ૧૩. શ્રી વિમલનાથ | વરાહ (ભૂંડ) | કાંચન |
| ૧૪. શ્રી અનંતનાથ | સીંચાણો | કાંચન |
| ૧૫. શ્રી ધર્મનાથ | વજ્ર | કાંચન |
| ૧૬. શ્રી શાંતિનાથ | મૃગ | કાંચન |
| ૧૭. શ્રી કુંથુનાથ | છાગ (બોકડો) | કાંચન |
| ૧૮. શ્રી અરનાથ | નંદાવર્ત્ત | કાંચન |
| ૧૯. શ્રી મલ્લિનાથ | કુંભ | કાંચન |
| ૨૦. શ્રી મુનિસુવ્રતસ્વામી | કાચબો | શ્યામ |
| ૨૧. શ્રી નમિનાથ | લીલું કમળ | કાંચન |
| ૨૨. શ્રી નેમિનાથ | શંખ | શ્યામ |
| ૨૩. શ્રી પાર્શ્વનાથ | સર્પ | લીલો |
| ૨૪. શ્રી મહાવીરસ્વામી | સિંહ | કાંચન |

## નવપદના નામ, વર્ણ, ગુણ

| ક્રમ | નામ | વર્ણ | ગુણ |
|---|---|---|---|
| ૧ | અરિહંત | સફેદ | ૧૨ |
| ૨ | સિદ્ધ | લાલ | ૮ |
| ૩ | આચાર્ય | પીળો | ૩૬ |
| ૪ | ઉપાધ્યાય | નીલ | ૨૫ |
| ૫ | સાધુ | કાળો | ૨૭ |
| ૬ | દર્શન | સફેદ | ૬૭ |
| ૭ | જ્ઞાન | સફેદ | ૫૧ |
| ૮ | ચારિત્ર | સફેદ | ૭૦ |
| ૯ | તપ | સફેદ | ૫૦ |

## નવતત્વના નામ

૧. જીવ ૨. અજીવ ૩. પુણ્ય ૪. પાપ ૫. આશ્રવ ૬. સંવર ૭. બંધ ૮. નિર્જરા ૯. મોક્ષ.

અષ્ટપ્રકારી પૂજાના દૂહા

**૧. જળ-પૂજા**

**જળપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ ;**
**જળપૂજા ફલ મુજ હજો, માગું એમ પ્રભુ પાસ ૧.**

**૨. ચંદન-પૂજા**

**શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ ;**
**આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ૨.**

૩. પુષ્પ-પૂજા

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ ;
સુમ-જંતુ ભવ્યજ પરે, કરીએ સમકિત છાપ ૩.

૪. ધૂપ-પૂજા

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામનયન જિન ધૂપ ;
મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મસ્વરૂપ ૪.

૫. દીપક-પૂજા

દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક ;
ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ૫.

૬. અક્ષત-પૂજા

શુદ્ધ અખંડ-અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ ;
પૂરી પ્રભુ સંમુખ રહો, ટાળી સકલ જંજાળ ૬.

૭. નૈવેદ્ય-પૂજા

અણાહારી પદ મેં કર્યાં, વિગ્ગહ ગઈ અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત ૭.

૮. ફળ-પૂજા

ઈંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ ;
પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવફળત્યાગ. ૮.

## ભગવાન સન્મુખ બોલવાની સ્તુતિ

(૧)

રૂપ તારું એવું અદ્‌ભુત, પલક વિણ જોયા કરું,
નેત્ર તારાં નીરખી નીરખી, પાપ મુજ ધોયા કરું;

હૃદયના શુભભાવ પરખી, ભાવના ભાવિત બનું,
ઝંખના એવી મને કે, હું જ તુજ રૂપે બનું...

(૨)

જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દ્રષ્ટિને પણ ધન્ય છે;
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે;

પીયે મુદા વાણી સુધા તે કર્ણયુગને ધન્ય છે;
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે..

(૩)

હે દેવ ! તારા દિલમાં, વાત્સલ્યના ઝરણાં ભર્યાં;
હે નાથ ! તારા નયનમાં કરુણા તણાં અમૃત ભર્યાં;
વીતરાગ તારી મીઠી મીઠી વાણીમાં જાદુ ભર્યાં;
તેથી જ તારા ચરણમાં બાલક બની આવી રહ્યા...

## જૈન ધર્મની દ્રષ્ટિએ આંકડાકીય જ્ઞાન

૧. આત્મા  ૨. રાગ-દ્વેષ

૩. દેવ-ગુરુ-ધર્મ  ૪. દાન-શીલ-તપ-ભાવ

૫. અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ

## કાવ્ય વિભાગ

આદિમં પૃથિવીનાથ-માદિમં નિષ્પરિગ્રહમ:
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિ નં સ્તુમ:

### આદિનાથ ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય

#### ચૈત્યવંદન

આદિદેવ અલવેસરુ, વિનીતાનો રાય,
નાભિરાયા કુલમંડણો, મરુદેવા માય... ૧

પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમદયાળ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાળ... ૨

વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણમણિખાણ,
તસ પદ **પદ્મ** સેવન થકી, લહીએ અવિચલ ઠાણ... ૩

## સ્તવન

માતા મરૂદેવીના નંદ !
દેખી તાહરી મૂરતિ મારું મન લોભાણું જી;
મારૂં દિલ લોભાણુંજી, મારૂં ચિત્ત ચોરાણુંજી... ૧

કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચન વાન;
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચસે માન... માતા... ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતી જલધાર... માતા... ૩

ઉર્વશી રૂડી અપચ્છરાને, રામા છે મન રંગ;
પાયે નેઉર રણઝણે કાંઇ, કરતી નાટારંભ... માતા... ૪

તું હિ બ્રહ્મા તુંહિ વિધાતા, તું જગતારણહાર;
તુજ સરિખો નહિ દેવ જગતમાં, અરવડીઆ આધાર... માતા...૫

તુંહિ ભ્રાતા, તુંહિ ત્રાતા, તુંહિ જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ... માતા... ૬

શ્રી સિદ્ધાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ;
કીર્તિ કરે માણેક મુનિ તાહરી, ટાળો
ભવભયફંદ...માતા...૭

## થોય

(૧)

આદિ જિનવર રાયા, જાસ સોવન્નકાયા,
મરુદેવી માયા, ધોરી લંછન પાયા;
જગતસ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવલસિરિ રાયા, મોક્ષનગરે સિધાયા... ૧

(૨)

સવિજિન સુખકારી, મોહમિથ્યા નિવારી,
દુર્ગતિ દુઃખભારી, શોક સંતાપ વારી;
શ્રેણિ ક્ષપક સુધારી, કેવલાનંતધારી,
નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

(૩)

સમવસરણે બેઠા, લાગે છે જિનજી મીઠા,
કરે ગણપ પઈટ્ઠા, ઈન્દ્રચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા,
ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા...૩

(૪)

સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા,
જેહ સજ્જન સંતા, ટાલીયે મુજ ચિન્તા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દુરંતા,
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખદિંતા...૪

## ક્રોધની સજ્ઝાય

કડવા ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે...કડવા ફળ છે... ૧
ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન આય... ૨
સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ... ૩
આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે... ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળનાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી... ૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નિર્મળી, ઊપશમરસે નાહી... ૬

•

## નવકાર સંબધી પ્રશ્નોત્તરી

પ્ર. : નવકાર મંત્રનો અર્થ શું ?

ઉ. : નવકાર એટલે નમસ્કાર, પ્રણામ, વંદન અને મંત્ર એટલે આપત્તિમાં રક્ષા કરવાવાળો મંત્ર.

પ્ર. : નવકાર મંત્રના અક્ષર કેટલા ?

ઉ. : ૬૮ અક્ષર

પ્ર. : નવકાર મંત્રના પદ કેટલા ?

ઉ. : નવ પદ

પ્ર. : નવકાર મંત્રની સંપદા કેટલી ?

ઉ. : આઠ

પ્ર. : સંપદા એટલે શું ?

ઉ. : જેમાં અર્થપૂર્ણ હોય એવા પદોની રચનાને સંપદા કહેવાય.

પ્ર. : પંચ પરમેષ્ઠિમાં કોણ આવે ?

ઉ. : અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

પ્ર. : પરમેષ્ઠિ એટલે શું ?

ઉ. : જે પરમપદમાં બિરાજમાન છે અને અતિ ઉત્તમ સ્થાન પર બિરાજમાન છે તેવા સર્વશ્રેષ્ઠ મહાપુરુષ.

**પ્ર.** : પંચ પરમેષ્ઠિમાં દેવ કેટલા ? ગુરુ કેટલા ?

**ઉ.** : દેવ - ૨ અરિહંત, સિદ્ધ. ગુરુ - ૩ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

**પ્ર.** : ચૌદપૂર્વનો સાર શું ?

**ઉ.** : નમસ્કાર મંત્ર એ ચૌદ પૂર્વનો સાર છે.

**પ્ર.** : નવકાર મંત્રથી મનમાં કેવા ભાવ પ્રગટ થાય ?

**ઉ.** : નમ્રતા આવે અને વિનય ગુણનો વિકાસ થાય.

**પ્ર.** : નવકાર મંત્ર ક્યારે સ્મરણ કરાય છે ?

**ઉ.** : નવકાર મંત્ર ઉપદ્રવની શાંતિમાં તેમજ માંગલિક માટે સ્મરણ કરાય છે. ઉત્તમ મનુષ્યો સુતા, બેસતાં, ઉઠતાં, બોલતાં, ચાલતા તેમજ કોઇ પણ કાર્ય કરતા, ગમે તે સ્થળે આ મંત્ર ગણાય છે.

**॥ अरिहंतो मह देवो ॥**

## આ મારા ભગવાન

મારા ભગવાનનું નામ અરિહંત પરમાત્મા છે.

મારા ભગવાનને સમસ્ત વિશ્વનું જ્ઞાન હોય છે.

મારા ભગવાન સર્વ દોષોથી મુક્ત હોય છે.

મારા ભગવાનમાં અનંત ગુણ હોય છે.

મારા ભગવાનની સેવા દેવલોકના દેવો અને ઈન્દ્રો પણ કરે છે.

મારા ભગવાન દાન, શીલ, તપ અને ભાવધર્મ લોકોને બતાવે છે.

મારા ભગવાન લોકોને મોક્ષનો રસ્તો બતાવે છે.

મારા ભગવાન દુઃખમય સંસારને બનાવતા નથી. બતાવે છે.

મારા ભગવાન પરમ દયાળુ છે.

મારા ભગવાન જન્મ જરા મરણ રોગ શોકાદિ દુઃખોથી મુક્ત થઈને મોક્ષમાં ગયા છે.

મારા ભગવાન બધા જીવોનું કલ્યાણ કરે છે.

**મારા ભગવાનના બનાવેલા બધા સિદ્ધાંતો scientifik proove છે.**

એવા પરમ ઉપકારી, પરમ દયાળુ, અનંત ગુણમય એવા ભગવાનનું પ્રતિદિન દર્શન, પૂજન, સ્મરણ અને આજ્ઞાપાલન કરવાથી આપણે બધા દુઃખોથી મુક્ત થઈ શકીશું.

## ભગવાન આદિનાથ

સમય આદિ અને અંત વિનાનો છે. વિકાસના યુગથી શરૂ કરી વિનાશ સુધી સતત વિસ્તરતો રહે છે. જૈન પરંપરા પ્રમાણે વિકાસના યુગને ઉત્સર્પિણી અથવા ચઢતા પરિણામનો સમય કહેવાય છે, જેમાં દીર્ઘ આયુષ્ય, અઢળક સંપત્તિ તથા તમામ પ્રકારના સુખ સમયે સમયે વધતા જોવા મળે છે. બીજી બાજુ પડતીના સમયને અવસર્પિણી કાળ અથવા ઊતરતા પરિણામનો સમય કહેવામાં આવે છે, જેમાં જીવનનો કાળ ટૂંકો થતો જાય છે અને સામાન્ય રીતે તમામ પ્રકારના દુઃખો વધતા જોવા મળે. આ બે પ્રકારના યુગથી સમયનું ચક્ર ચાલે છે.

જૈનધર્મની કાળમીમાંસા (બ્રહ્માંડ મીમાંસા) પ્રમાણે દરેક ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ છ આરામાં વહેંચાયેલો હોય છે. અત્યારનો સમય અવસર્પિણી કાળનો પાંચમો આરો ગણાય છે. હિંદુ પરંપરા પ્રમાણે તેને કળિયુગ કહે છે.

અવસર્પિણી કાળના ત્રીજા આરા સુધી લોકો વધુ સાહજિક અને સાદું જીવન જીવતા હતા. કુદરત લોકોની તમામ જરૂરિયાત પૂરી કરતી હતી તેથી માણસને તે માટે વધુ મહેનત નહોતી કરવી પડતી. વૃક્ષ રહેવા માટે મકાન તથા ડાળી પાંદડા વસ્ત્રો પૂરા પાડતા. વળી ભૂખ લાગે તો ફળ ફૂલથી તૃપ્ત થતા. ન્હાવા ધોવા પીવા પાણી પણ

પૂરતું મળી રહેતું. ટૂંકમાં જીવન નિર્વાહ માટે તેમને સંઘર્ષ ન્હોતો કરવો પડતો. શાંતિથી જીવન ચાલતું હતું. આ સમય હજારો કે કરોડો વર્ષ પહેલાંનો ગણાય છે અને તે વખતે મનુષ્યનું આયુષ્ય લાખો વર્ષોનું હતું.

તેઓ સમૂહમાં રહેતાં. તેમના નાયકને કુલકર અથવા રાજા કહેતા. આ અરસામાં નાભિરાયા કુલકરની આગેવાનીમાં સહુ શાંતિમય જીવન વ્યતીત કરતા હતા. તેમને મરુદેવી નામની રાણી તથા ઋષભ નામનો પુત્ર હતા. જેમ-જેમ સમય વીતતો ગયો તેમ-તેમ લોકોને પોતાની રોજિંદી જરૂરિયાત માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડતો. લોકોમાં ઈર્ષ્યા અને વેરભાવ વધી પડ્યા. રાજા તરીકે નાભિરાયાએ લોકોની જરૂરિયાત પૂરી પાડવા ખૂબ જ પ્રયત્નો કર્યા. ઋષભ બહાદુર, ચતુર અને ખૂબ જ ઉત્સાહી યુવરાજ હોવાથી નાભિરાયાએ રાજ્યનો કારભાર તેમને સોંપ્યો.

ઋષભ દીર્ઘદ્રષ્ટિવાળા હતા. વિચારક અને તકલીફમાંથી રસ્તા કાઢનારા હતા. જીવવા માટેના સંઘર્ષને નિવારવા માટે કોઈ ચોક્કસ યોજનાઓ જરૂરી હતી. તેમણે લોકોને અનાજ કેમ ઉગાડવું તથા કાપડ કેમ બનાવવું તે શીખવ્યું. જીવનમાં વધુ સુવિધાઓ પ્રાપ્ત કરવા માટે તેમણે લોકોને વાસણો બનાવતા, રસોઈ બનાવતા, ઘર બાંધતા, કાપડ વણતાં તથા પશુપાલન જેવા વ્યવસાયો કરતાં શીખવ્યું. પથ્થર, ધાતુ તથા લાકડામાંથી સુંદર વસ્તુઓ બનાવતાં શીખવ્યું. આમ વિનીતા-જે પાછળથી અયોધ્યા નામે જાણીતું બન્યું - નગરનું નિર્માણ થયું.

ઋષભે લગ્નસંસ્થા અને કુટુંબજીવન વ્યવસ્થિત કર્યા. સામાજિક નીતિ-નિયમો અમલમાં આવ્યા. હવે ઋષભ ઋષભદેવ તરીકે ઓળખાયા. તેમણે ઘણો લાંબો સમય રાજ કર્યું. તેમના રાજ્યકાળ

દરમિયાન સહુએ સમાનતા, શાંતિ અને સલામતી અનુભવ્યાં. સહુ ઋષભદેવને ખૂબ જ પ્રેમ કરતા.

ઋષભદેવને બે રાણીઓ હતી સુમંગલા અને સુનંદા. ઋષભદેવને ૧૦૦ દીકરા તથા બ્રાહ્મી અને સુંદરી નામે બે દીકરીઓ હતી. પણ સૌથી મોટા બે ભરત અને બાહુબલી જ જાણીતા છે. આ ચાર ભાઈ-બહેન અનેક કલા ઉદ્યોગમાં પ્રવીણ હતા. ભરત બહાદુર સૈનિક અને કાબેલ રાજા હતા. એક એવો પણ મત છે કે ભારત દેશનું નામ પણ એમના નામ પરથી પડ્યું હશે. બાહુબલિ પણ નામ પ્રમાણે જ ગુણવાળા હતા.

બાહુ એટલે બાવડા અને બલિ એટલે તાકાતવાળા. બાહુબલિ તેમના અદ્વિતીય બાહુબલ માટે જાણીતા હતા. બ્રાહ્મી ખૂબ જ વિદ્વાન હતા. લિપિ લખવાની કળામાં પારંગત હતા. તેના નામ પરથી બ્રાહ્મી લિપિ અસ્તિત્વમાં આવી હતી. સુંદરી ગણિતશાસ્ત્રમાં પારંગત હતા.

ઋષભદેવને સંસાર ઉપર વૈરાગ્યભાવ જાગ્રત થયો. તેઓ મૃત્યુ વિશે સતત વિચારતા રહ્યા. વિશ્વની દરેક વસ્તુ અને દરેક પરિસ્થિતિ સતત બદલાયા કરે છે. કશું જ શાશ્વત નથી. આવું વિચારીને તેમણે ભૌતિક સુખોનો પરમ શાશ્વત સુખ માટે ત્યાગ કર્યો. પોતાનું રાજ્ય પોતાના પુત્રોને વહેંચી દીધું. ભરતને વિનીતા નગરી (અયોધ્યા) અને બાહુબલિને તક્ષશિલા આપ્યું. બાકીના ૯૮ ને પોતાના વિશાળ રાજ્યના ભાગો આપ્યા. અંતિમ સત્યની શોધ માટે એમણે સર્વસ્વનો ત્યાગ કર્યો અને સાધુ બની ગયા. એમના ચાર હજાર સાથીદારો એમના ધર્મમાર્ગના અનુયાયી બન્યા.

સાધુ જીવનના નિયમ પ્રમાણે ઋષભદેવ લોકોના ઘેર ગોચરી માટે જતા પણ પોતાના વહાલા રાજાને શું આપવું તેની સમજ ન

હોવાથી તેઓ ઋષભદેવને પોતાની પાસેની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ઘરેણાં, પોતાના ઘર તથા અન્ય કિંમતી ચીજ વસ્તુઓ લેવા આગ્રહ કરવા લાગ્યા. પણ ભોજનનો આગ્રહ કરતા નહિ કારણ કે ભોજન કે ભોજન જેવી સામાન્ય વસ્તુ મહાન રાજાને ન અપાય એમ સમજતા હતા. પરિણામે ઋષભદેવને દિવસો સુધી ઉપવાસ કરવા પડ્યા. આમ આશરે ૪૦૦ દિવસના ઉપવાસ થયા. એક દિવસ હસ્તિનાપુર પાસેના શેરડીના ખેતરમાંથી પસાર થતા હતા જે તેમના પ્રપૌત્ર શ્રેયાંસનું ખેતર હતું. તેણે પોતાના પ્રિય પ્રપિતામહને શેરડીનો રસ સ્વીકારવા કહ્યું. આમ શેરડીના રસથી લાંબા ઉપવાસનું પારણું થયું. આ વૈશાખ સુદ ૩ નો દિવસ હતો જેને આપણે અક્ષય તૃતીયા તરીકે ઓળખીએ છીએ. આ દિવસ મે મહિનામાં આવે છે. આ બનાવને અનુસરીને જૈનો આશરે ૪૦૦ દિવસનું વર્ષીતપનું તપ કરે છે. સળંગ ઉપવાસ સામાન્ય માનવી માટે શક્ય ન હોઈ તેઓ આંતરે દિવસે ઉપવાસ કરી અક્ષય તૃતીયાને દિવસે શેરડીના રસથી પારણું કરે છે.

સાધુ બન્યા પછી ઋષભદેવ ઘણાં સ્થળોએ ફર્યા. ખોરાક પાણીની પરવા કર્યા વિના ધ્યાનસ્થ અવસ્થામાં સતત રહેવા લાગ્યા. પણ એમના અનુયાયીઓ સાધુ જીવન કેમ પસાર કરવું તે જાણતા નહોતા. વળી તેઓ ઋષભદેવની જેમ ઉપવાસ વગેરે કરી નહોતા શકતા. તેઓ સંસારમાં પાછા ફરવા નહોતા ઇચ્છતા. તેથી પાસેના જંગલમાંથી ફળફળાદિ લાવીને ખાતા અને પોતાની સમજ પ્રમાણે જીવવા લાગ્યા.

અનેક વર્ષોની ઉગ્ર ધ્યાન તપશ્ચર્યા અને સત્ય પ્રાપ્તિની સાધનાને અંતે ઋષભદેવને ફાગણ વદ ૧૧ ના દિવસે વડના વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. જે આખરી પરમ સિદ્ધિ અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ કહેવાય છે. સામાન્ય માનવીને સાચા

રસ્તે વાળવા માટે શ્રી ચતુર્વિધ સંઘની ધર્મ વ્યવસ્થા શરૂ કરી જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે.

રાજા ભરતનો પુત્ર ઋષભસેન મુખ્ય વડીલ સાધુ અને બ્રાહ્મી તથા સુંદરી સાધ્વી સમુદાયની વડી સાધ્વી બન્યા. ધર્મતીર્થના સ્થાપક તરીકે ઋષભદેવ હાલના અવસર્પિણી કાળના પહેલા તીર્થંકર હોઈ તેઓ આદિનાથ (આદિ એટલે પહેલા અને નાથ એટલે ઈશ્વર) કહેવાય છે.

આ અવસર્પિણી કાળના ત્રીજા આરાના (૮૯) નેવ્યાસી પખવાડિયા બાકી રહ્યા હતા ત્યારે માઘમાસની કૃષ્ણત્રયોદશીના (મેરૂતેરસ) પૂર્વાહ્ને અભિચી નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો હતો ત્યારે પર્યંકાસને બિરાજેલા પરમાત્મા શ્રી ઋષભદેવ શુક્લધ્યાનના 'સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ' નામના ત્રીજા પાયાને ધ્યાવીને તરત જ 'ઉચ્છિન્નક્રિયા અનિવૃત્તિ' નામના ચોથા પાયાનો આશ્રય કર્યો. બંધના અભાવથી એરંડાનું બીજ જેમ વૃદ્ધિ પામે તેમ કર્મના અભાવથી અનંત ચતુષ્ટયવાળા પરમાત્મા ઊર્ધ્વગતિવાળા બનીને ઋજુગતિ દ્વારા મોક્ષસ્થાને પહોંચ્યા. દશ હજાર કેવલી સાધુઓ પણ ક્ષપકશ્રેણી રૂપી નિસરણી પર આરૂઢ થઈને મુક્તિમંદિરે પહોંચ્યા. ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભદેવના નિર્વાણકલ્યાણકથી, હંમેશા દુઃખનો જ અનુભવ કરતાં નારક જીવોને પણ ક્ષણમાત્ર સુખ પ્રાપ્ત થયું. આ રીતે પ્રભુનું નિર્વાણ કલ્યાણક થયું.

સંન્યસ્ત જીવન દરમિયાન ભગવાન ઋષભદેવે સાંસારિક - શ્રાવકજીવન ઉદાર અને નૈતિક રીતે જીવતાં શીખવ્યું, જૈન ધર્મમાં જાણીતી વરસીતપ તરીકે ઓળખાતી આશરે ૪૦૦ દિવસના ઉપવાસના ઉગ્ર તપશ્ચર્યા ભગવાન ઋષભદેવને થયેલા ઉપવાસની યાદમાં છે. શ્રાવક કે સામાન્ય માનવી માટે પંચમહાવ્રતધારી સાધુને

શુદ્ધ ગોચરી વહોરાવવી એ ઉમદા કર્તવ્ય છે. આ પ્રમાણે આપણે સંન્યાસી જીવન ન સ્વીકારી શકીએ તો સાધુને આહાર-પાણી વહોરાવીને આપણે તેમના પ્રત્યેનો આદરભાવ વ્યક્ત કરી શકીએ, આપણાં શાસ્ત્રોમાં શ્રેયાંસના આ દાનધર્મની પ્રવૃત્તિની ભારોભાર પ્રશંસા કરવામાં આવી છે.

## તીર્થંકર જીવન દર્શન

### શ્રી આદિનાથ

| | |
|---|---|
| માતા :- મરુદેવા | પિતા :- નાભિરાજા |
| વંશ :- ઈક્ષ્વાકુ | ગોત્ર :- કાશ્યપ |
| વર્ણ :- સુવર્ણ | ઊંચાઈ :- ૫૦૦ ધનુષ્ય |
| લાંછન :- વૃષભ | ભવ :- ૧૩ |
| ગર્ભકાળ :- ૯ મહિના ને ૪ દિવસ | કુમારકાળ :- ૨૦ લાખ પૂર્વ |
| રાજ્યકાળ :- ૬૩ લાખ પૂર્વ | ગૃહસ્થકાળ :- ૮૩ લાખ પૂર્વ |
| છદ્મસ્થકાળ :- ૧,૦૦૦ વર્ષ | સંયતકાળ :- ૧ લાખ પૂર્વ |
| જીવનકાળ :- ૮૪ લાખ પૂર્વ | શાસનકાળ :- ૫૦ લાખ કોટિ સાગરોપમ |
| પુત્ર/પુત્રી :- ૧૦૦/૨ | ગણધર :- ૮૪ |
| સાધુ :- ૮૪૦૦૦ | સાધ્વી :- ૩,૦૦,૦૦૦ |
| શ્રાવક :- ૩,૫૦,૦૦૦ | શ્રાવિકા :- ૫,૫૪,૦૦૦ |
| યક્ષ :- ગોમુખ | યક્ષિણી :- ચક્કેશ્વરી |
| ચ્યવનકલ્યાણક :- જેઠ વદ ૪ | ચ્યવનનક્ષત્ર :- ઉત્તરાષાઢા |
| જન્મકલ્યાણક :- ફાગણ વદ ૮ | જન્મનક્ષત્ર :- ઉત્તરાષાઢા |
| જન્મરાશિ :- ધન | જન્મભૂમિ :- અયોધ્યા |
| દીક્ષાકલ્યાણક :- ફાગણ વદ ૮ | દીક્ષાનક્ષત્ર :- ઉત્તરાષાઢા |
| દીક્ષાતપ :- ૨ ઉપવાસ (છઠ) | દીક્ષાશિબિકા :- સુદર્શના |

દીક્ષાવૃક્ષ :- વડ

દીક્ષાભૂમિ :- અયોધ્યા

પારણાનું સ્થળ :- હસ્તિનાપુર

પ્રથમ પારણું :- ઈક્ષુરસ

સહદીક્ષિતો :- ૪૦૦૦

કેવળજ્ઞાન કલ્યાણક :- મહા વદ ૧૧

કેવલજ્ઞાન નક્ષત્ર :- ઉત્તરાષાઢા

કેવલજ્ઞાન તપ :- ૩ ઉપવાસ

કેવળજ્ઞાન વૃક્ષ : વડ

કેવળજ્ઞાન ભૂમિ : પુરિમતાલ

નિર્વાણ કલ્યાણક :- પોષ વદ-૧૩

નિર્વાણનક્ષત્ર :- અભિજિત

નિર્વાણતપ :- ૬ ઉપવાસ

નિર્વાણભૂમિ :- અષ્ટાપદ

## સ્વાધ્યાય

૧. ઋષભદેવ ભગવાનની બે પત્નીઓ કેમ હતી ? એમના નામ આપો ?

૨. ઋષભદેવ ભગવાને કઈ કઈ બાબતો ગૃહસ્થ જીવન ચલાવવા માટે સમજાવી ?

૩. ઋષભદેવ ભગવાનને કોણે, ક્યા અને કઈ વસ્તુથી પારણું કરાવ્યું હતું ? પારણા કરવાનો એ દિવસ કયો હતો ?

૪. મરૂદેવી માતાને કેવલજ્ઞાન કેવી રીતે થયું ? એનું વર્ણન કરો ?

૫. આદિનાથ પ્રભુના પરિવારમાં સાધુ અને સાધ્વીઓની સંખ્યા કેટલી હતી ?

૬. ઋષભદેવ ભગવાન કઈ તિથિએ અને કયા સ્થાનેથી મોક્ષમાં ગયા ?

●

## કલિકાલ સર્વજ્ઞ આ.ભ. શ્રી હેમચન્દ્રાચાર્ય મ.સા.

શ્રી હેમચન્દ્રચાર્યનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૫ની કાર્તિકી પૂનમના દિવસે ધંધુકામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ચાચિગ હતું, માતાનું નામ પાહિણી હતું.

તેમનું બાળપણનું નામ ચાંગદેવ હતું. ચાંગદેવ બાળક (ભાવિ હેમચંદ્રાચાર્ય) પાંચ વર્ષનો થયો ત્યારે એક વખત તે તેની માતા સાથે જિનાલયમાં દર્શન કરી ગુરુવંદન માટે ઉપાશ્રયે ગયો. આ પ્રસંગે ચંચળ સ્વભાવનો બાળક ચાંગદેવ શ્રી દેવચંદ્રસૂરિના આસન ઉપર બેસી ગયો. આ સમયનો લાભ લઈને આચાર્યે બાળકનાં લક્ષણો જોઇ લીધાં.

આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિએ ચાંગદેવમાં જૈનશાસનના મહાપ્રભાવક પુરૂષ તરીકેની યોગ્યતાનાં દરેક શુભ ચિહ્નો અને સ્વાભાવિક ચપળતા જોયા પછી સંઘના આગેવાન ગૃહસ્થોને બોલાવ્યા અને કેટલીક વાતચીત કરીને તેમને સાથે લઈ તેઓશ્રી ચાચિગ અને પાહિણીને ઘેર ગયા.

આચાર્યશ્રી અને શ્રી સંઘને પોતાને આંગણે પધારેલા જોઈ પાહિણીએ તેમનું યોગ્ય સ્વાગત કર્યું અને તેમના આગમનનું કારણ પૂછ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે, તારો પુત્ર જૈન શાસનનો ઉદ્ધાર કરનાર મહાપુરૂષ થઈ શકે તેવા શુભ લક્ષણોથી અલંકૃત છે માટે તારા પુત્રને તું અમને શિષ્ય તરીકે અર્પણ કરી દે.

આ સાંભળી ઘરમાં પાહિણી પોતે એકલી હોવાથી વિમાસણમાં પડી ગઈ કે એક તરફથી બાળકનો પિતા ઘરમાં નથી અને બીજી બાજુ ગુરુદેવ અને શ્રીસંઘ મારે આંગણે પધારેલા છે, આ સ્થિતિમાં મારો ધર્મ શો હોઈ શકે ? તેમ જ પોતાના પ્રામાણિક ગુણવાન પુત્રને આપી દેવો પણ શી રીતે ? આખરે પાહિણીએ જાતે જ નિર્ણય કરી લીધો કે ગુરુદેવ અને શ્રીસંઘ મારા સદ્ભાગ્યે મારે આંગણે પધારેલા છે, તેમના વચનનો અનાદર કરવો જોઇએ નહિ તેમ જ મારો પુત્ર જૈન શાસન અને જગતનો તારણહાર થતો હોય તો મારે આનંદ જ મનાવવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરી

પાહિણીએ પોતાના ગુણવાન પ્રિયપુત્રને ગુરુમહારાજના કરકમલમાં અર્પણ કરી દીધો.

જન્માંતરના શુભસંસ્કારી બાળક ચાંગદેવે ગુરુમહારાજના નિર્મળ સ્નેહભર્યા ઉપદેશામૃતનું પાન કર્યું અને ઉત્સાહપૂર્વક ગુરૂચરણમાં વિક્રમ સંવત ૧૧૫૦માં સંસાર તારિણી પ્રવ્રજ્યા સ્વીકારી અને તેમનું નામ મુનિસોમચંદ્ર રાખવામાં આવ્યું.

એમનો ઊંડો વિદ્યાભ્યાસ, અપૂર્વ ત્યાગવૃત્તિ, પ્રૌઢ તપઃપ્રભાવ અને સ્વાભાવિક ઓજસ્વિતા વગેરે પ્રભાવશાળી ગુણો જોઈ ગુરુદેવ આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિ અને શ્રી સંઘે મળી સંવત ૧૧૬૨માં સત્તર વર્ષની ઉંમરે પહોંચેલા બાળમુનિ શ્રી સોમચંદ્રને આચાર્ય પદ ઉપર સ્થાપન કર્યા અને એમનું નામ સોમચંદ્રને બદલે હેમચન્દ્ર રાખવામાં આવ્યું. આ પછી તેઓશ્રી હેમચંદ્રાચાર્ય તરીકે ઓળખાવા લાગ્યા.

વિદ્વાન ગૂર્જરેશ્વર મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવની રાજસભા એટલે સમગ્ર ગુજરાત અને દેશવિદેશના પંડિત ચક્રવર્તીઓની સભા. એ રાજસભાના સઘળા વિદ્વાનો ભગવાન હેમચંદ્રસૂરિ પ્રત્યે તેમના અબાધ્ય પાંડિત્યને કારણે બહુમાનની નજરે જોતા હતા. વિક્રમ સંવત ૧૧૯૨માં માલવપતિ શ્રી યશોવર્માને હરાવ્યા પછી ત્યાંની લૂંટમાં રાજકીય જ્ઞાનભંડાર (પુસ્તકાલય) ગુર્જરેશ્વરના હાથમાં આવ્યો હતો. તેનું અવલોકન કરતાં તેમાં ભોજવ્યાકરણની નકલ જોયા પછી ગૂર્જરેશ્વરના હૃદયમાં પોતાના દેશમાં સ્વતંત્ર વ્યાકરણના સર્જન માટેની તીવ્ર ઊર્મિ ઉત્પન્ન થઈ અને પોતાનો એ વિચાર તેમણે રાજસભાના માન્ય પ્રખર વિદ્વાનો સમક્ષ જાહેર કર્યો. આ પ્રસંગે રાજસભાના દરેક વિદ્વાને આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્ય તરફ આંગળી ચીંધીને એક અવાજે જણાવ્યું કે મહારાજ ! આપની આ અતિમહાન ઈચ્છાને પૂર્ણ કરવા માટે આ મહાપુરૂષ

સિવાય બીજું કોઈ સમર્થ નથી. છેવટે ગૂર્જરેશ્વરે આચાર્યશ્રીને જોઈતાં દરેક સાધનો પોતાની રાજકીય લાગવગથી પૂરા પાડ્યા અને આચાર્યશ્રીએ પોતાના આ ગૂર્જરેશ્વરના નામને અમર કરતા સર્વાંગપૂર્ણ "સિદ્ધહેમ વ્યાકરણ" ની રચના કરીને માત્ર ગૂર્જરેશ્વરને જ નહિ પણ આખા વિશ્વને પોતાના અજોડ પાંડિત્યનો પરિચય આપ્યો.

રાજા કુમારપાલ જ્યારે મહારાજ સિદ્ધરાજ તરફના મૃત્યુના ભયથી ત્રાસીને નાસભાગ કરતા હતા. તે પ્રસંગે આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યનો કુમારપાલ સાથે સંબંધ થયો હતો.

આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશે મહારાજશ્રી કુમારપાલના હૃદયમાં એટલી તીવ્ર અને ઊંડી અસર નીપજાવી હતી કે આખરે એ એક ધાર્મિક અથવા જૈનધર્માવલંબી રાજા બની ગયો હતો. તે છતાં ભગવાન હેમચંદ્રે તેમની પાસે જૈન ધર્મને લગતાં જ કાર્યો કરાવવામાં તત્પરતા રાખી હતી એમ જ નહોતું પરંતુ સર્વસામાન્ય હિતનાં કાર્યો પણ તેમણે કરાવ્યાં હતાં.

સર્વસામાન્ય હિતનાં કાર્યોમાં મુખ્યપણે સાત વ્યસન - જેમાં જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને વ્યભિચારનો સમાવેશ થાય છે અને જે પ્રજાજીવન અને માનવતાને હલકે દરજ્જે લઈ જનાર છે. તેને ઉપદેશ અને રાજસત્તાદ્વારા અટકાવવામાં આવ્યાં હતાં. જ્યાં લાગવગ પહોંચી શકે તેવાં અન્ય રાજ્યોમાં પણ ચિત્રપટ આદિ સાધનો દ્વારા એ માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ સિવાય અતિપ્રાચીન સમયથી ચાલ્યો આવતો નિર્વારસદાર વિધવા સ્ત્રીઓની મિલ્કત પડાવી લેવાનો રિવાજ, જેની વાર્ષિક આવક બોંતેર લાખની આસપાસની હતી, તેને પણ જતો કરવામાં આવ્યો હતો.

આ બધાય કરતાં આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી મહાભારત અસર એ થઈ હતી કે માંસાહાર નિમિત્તે તેમ જ યજ્ઞયાગાદિમાં નિરર્થક રીતે થતા અનેક પશુઓના સંહારને દયાળુ ગૂર્જરેશ્વર દ્વારા અટકાવવામાં આવ્યો હતો.

ટૂંકમાં આપણે એમ કહી શકીએ કે.... ગુજરાત વગેરે દેશોમાં પણ જે દુર્વ્યસનોના ત્યાગનો પ્રચાર છે, નિર્વંશીયાનું ધન પડાવી લેવાનો રિવાજ જોવામાં નથી આવતો તેમ જ યજ્ઞ - યાગાદિ નિમિત્તે થતો પશુવધ લગભગ અટકી ગયો છે એ ભગવાન હેમચંદ્રસૂરિના પવિત્ર ઉપદેશ અને ગૂર્જરેશ્વરમહારાજશ્રી કુમારપાલની અજોડ ધાર્મિકતાનો જ પ્રતાપ છે.

# વિભાગ - ૨

**નવકાર થી સાતલાખ સુધીના સૂત્રો**

સામાયિક લેવા અને પારવાની વિધિમાં આવતા સૂત્રોના અર્થ. (આવતા સૂત્રો :- નવકાર, પંચિંદિય, ખમાસમણ, ઈરિયાવહિયા, તસ્સઉત્તરી, અન્નત્થ, લોગસ્સ, કરેમિભંતે, સામાઈય વયજુત્તો આ દરેક સૂત્રોના અર્થ.

## જનરલ જ્ઞાન

**ગમણાગમણે સૂત્ર**

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ગમણાગમણે આલોઉં ? ઈચ્છં. ઈર્યાસમિતિ - ભાષાસમિતિ - એષણાસમિતિ - આદાન - ભંડમત્ત-નિક્ખેવણાસમિતિ, પારિષ્ઠાપનિકાસમિતિ મનગુપ્તિ - વચનગુપ્તિ - કાયગુપ્તિ. એ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ એ અષ્ટપ્રવચનમાતા શ્રાવકતણે ધર્મે સામાયિક - પૌષધ લીધે રૂડી પેરે પાળી નહીં, ખંડણા વિરાધના થઈ હોય, તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં...

**અષ્ટપ્રવચન માતાના નામ**

૧. ઈર્યાસમિતિ, ૨. ભાષાસમિતિ, ૩. એષણાસમિતિ, ૪. આદાન-ભંડ-મત્તનિક્ખેવણા સમિતિ, ૫. પારિષ્ઠાપનિકાસમિતિ.

૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૩. કાય ગુપ્તિ = ૫ સમિતિ + ૩ ગુપ્તિ આ પ્રવચન માતા.

**અષ્ટમંગલના નામ**

૧. દર્પણ, ૨. ભદ્રાસન, ૩. વર્ધમાન, ૪. શ્રીવત્સ, ૫. મીનયુગલ, ૬. કલશ, ૭. સ્વસ્તિક, ૮. નંદાવર્ત્ત.

**ચૌદ સ્વપ્ન નામ**

૧. હાથી, ૨. વૃષભ, ૩. સિંહ, ૪. શ્રીદેવી, ૫. ફુલમાલા, ૬. પૂર્ણિમાનો ચંદ્ર, ૭. સૂર્ય, ૮. ધ્વજ, ૯. કળશ, ૧૦. પદ્મસરોવર, ૧૧. ખીરસમુદ્ર, ૧૨. દેવવિમાન, ૧૩. રત્નરાશિ, ૧૪. નિર્ધૂમઅગ્નિ.

## કાવ્યવિભાગ

**નવાંગી પૂજાના દુહા**

૧ - અંગુઠે જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ટણે ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત ૧.

૨ - ઘૂંટણે જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ;
ખડા ખડા કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ ૨.

૩ - કાંડે લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન;
કર કાંડે પ્રભુપૂજના, પૂજો ભવિ બહુમાન ૩.

૪ - ખભે માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત;
ભુજાબળે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત ૪.

૫ - મસ્તકે સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત;
વસિયા તેણે કારણ ભવિ, શિરશિખા પૂજંત ૫.

૬ - કપાળે તીર્થંકર-પદ-પુણ્યથી ત્રિભુવન-જન-સેવંત;
ત્રિભુવનતિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત ૬.

૭ - ગળે	સોળ પ્રહર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ ;
મધુરધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ ૭.

૮ - હૃદયે	હૃદયકમલ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ ૮.

૯ - નાભિએ	રત્નત્રયી ગુણ ઊજળી, સકલ સુગુણ વિશ્રામ;
નાભિકમળની પૂજના, કરતાં અવિચલ ધામ ૯.

### સકલ કુશલવલ્લીનું ચૈત્યવંદન

સકલકુશલવલ્લી, પુષ્કરાવર્ત્ત મેઘો,
દુરિતતિમિર ભાનુ, કલ્પવૃક્ષોપમાન,
ભવજલનિધિપોત, સર્વસંપત્તિ-હેતુ,
સ ભવતુ સતતં વ, શ્રેયસે શાન્તિનાથ,
શ્રેયસે પાર્શ્વનાથ,

### ચૈત્યવંદન કરવાની વિધિ

પ્રથમ એક ખમાસમણ, ઈરિયાવહિયા, તસ્સઉત્તરી, અન્નત્થ, ત્યારબાદ ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ પારીને પ્રગટ લોગસ્સ. પછી ૩ ખમાસમણ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું પછી સકલકુશલવલ્લી કહી પછી કોઈ પણ ભગવાનનું ચૈત્યવંદન કહેવું પછી, જંકિચિ, નમુત્થુણં, જાવંતિ ચેઈઆઈ, ખમાસમણ, જાવંત કેવિ સાહૂ.... નમોર્હત્ કહી સ્તવન કહેવું, ઉવસગ્ગહરં કહેવું, પછી બે હાથ મસ્તક ધરી આભવમખંડા સુધી કહેવા. પછી બે હાથ નીચે ઉતારી જયવીયરાય પૂરા કરવા પછી ઉભા થઈ અરિહંત ચેઈયાણં કહી અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી પારીને નમોર્હત્ કહીને થોય કહેવી પછી એક ખમાસમણ દેવું પછી, અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડમ્ કહેવું.

## આરતી

જય જય આરતી આદિજિણંદા, નાભિરાયા-મરૂદેવીકો નંદા.
પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામીને લ્હાવો લીજે. જય૦ ૧
દૂસરી આરતી દીનદયાળા, ધુલેવા મંડપમાં જગ અજવાળા. જય૦ ૨
તીસરી આરતી ત્રિભુવનદેવા, સુર-નર-ઈંદ્ર કરે તોરી સેવા. જય૦ ૩
ચોથી આરતી ચઉગતિ ચૂરે, મન-વાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૪
પંચમી આરતી પુણ્ય ઉપાયા, મૂળચંદે ઋષભ ગુણ ગાયા. જય૦ ૫

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો. દીવો રે. ૧

સોહામણું ઘેર પર્વ દિવાળી,
અંબર ખેલે અમરા વાળી. દિવો રે. ૨

દીપાલ ભણે એણે કુળ અજવાળી,
ભાવે ભગતે વિઘ્ન નિવારી. દીવો રે. ૩

દીપાલ ભણે એ કલિકાલે,
આરતી ઉતારી રાજા કુમારપાળે. દીવો રે. ૪

અમ ઘેર માંગલિક, તુમ ઘેર માંગલિક,
માંગલિક ચતુર્વિધ સંઘને હોજો. દીવો રે. ૫

શાંતિનાથ ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન અને થોય.

## સ્તુતિ

સુધા-સોદર વાગ્જોત્સ્ના-નિર્મલીકૃતદિઙ્મુખઃ,
મૃગલક્ષ્માઃ તમઃશાન્ત્યૈ, શાન્તિનાથજિનોઽસ્તુ વઃ

## ચૈત્યવંદન

શાન્તિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુલ નભોમણિ, ભવિજન સુખ કંદો... ૧

મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ... ૨

ચાલીશ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ... ૩

## સ્તવન

શાન્તિ જિનેશ્વર સાચોસાહિબ, શાન્તિકરણ ઇણ કલિમેં હો જિનજી... ૧
તું મેરા મન મેં તું મેરા દિલમેં, ધ્યાન ધરું પલપલમેં હો... ૨
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો... ૩
નિર્મલ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો... ૪
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી... ૫
જિન રંગ કહે પ્રભુ શાન્તિ જિનેસર, દીઠોજી દેવ સકલમેં હો જિનજી...૬

## થોય

વંદો જિન શાંતિ, જાસ સોવન્નકાંતિ,
ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ,
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ... ૧

દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા,
દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા;

ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા,
સોળ સ્વામીજી પીલા, આપજો મોક્ષલીલા... ૨

જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી,
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી,
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી... ૩

વાગેશ્વરી દેવી, હર્ષ હિયરડે ધરેવી,
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી;
જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી,
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી... ૪

## જનરલ જ્ઞાન

**જૈન ધર્મની દ્રષ્ટિએ આંકડાકીય જ્ઞાન.**

૬. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય....છ કાય

૭. ઈહલોક ભય, પરલોકભય, આદાન ભય, અકસ્માત ભય, આજીવિકાભય, મરણભય, અપયશભય...સાત ભય

૮. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય કર્મ...આઠ કર્મ

૯. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ...નવ તત્ત્વ

૧૦. ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન, બ્રહ્મચર્ય...દસ મુનિધર્મ

## માન ની સજ્ઝાય

રે જીવ ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે ?... ૧

સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતા, તે કેમ લહિએ જુક્તિ રે... ૨

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જો જો વિચારી રે... રે... ૩

માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે... રે... ૪

સૂકા લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે...૫

## સામાયિક અને પ્રતિક્રમણ સંબંધી પ્રશ્નોત્તરી

પ્ર. : પ્રતિક્રમણ એટલે શું ?

ઉ. : પ્રતિક્રમણ એટલે પાપ થી પાછા હટવું. આત્માને લાગેલા નાના-મોટા પાપોની શુદ્ધિ આ ક્રિયામાં કરવામાં આવે છે તેમજ દિવસ-રાત્રિના પાપોની શુદ્ધિ પણ પ્રતિક્રમણ દ્વારા કરવામાં આવે છે.

પ્ર. : પ્રતિક્રમણ કેટલા પ્રકારે ?

ઉ. : પાંચ પ્રકારે ૧. રાઈઅ ૨. દેવસિઅ ૩. પક્ખિ ૪. ચૌમાસી ૫. સંવત્સરી.

પ્ર. : પાંચ પ્રકારના પ્રતિક્રમણ વર્ષમાં કેટલી વાર આવે ?

ઉ. : રાઈઅ પ્રતિક્રમણ - ૩૬૦ વાર

દેવસિઅ પ્રતિક્રમણ - ૩૩૫ વાર

પક્ખિ પ્રતિક્રમણ - ૨૧ વાર

ચોમાસી પ્રતિક્રમણ - ૩ વાર

સંવત્સરી પ્રતિક્રમણ - ૧ વાર

**પ્ર.** : પ્રતિક્રમણમાં મુખ્ય શું આવે ?

**ઉ.** : આવશ્યક મુખ્ય આવે.

**પ્ર.** : આવશ્યક એટલે શું ?

**ઉ.** : આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય તે...

**પ્ર.** : પક્ખિ, ચૌમાસી, સંવત્સરી પ્રતિક્રમણમાં સ્તવન તરીકે શું બોલાય છે ?

**ઉ.** : અજીત શાંતિ સ્તવન બોલાય છે

**પ્ર.** : આવશ્યક કેટલા ? અને કયા કયા ?

**ઉ.** : આવશ્યક છ છે તે આ ૧. સામાયિક ૨. ચઉવિસત્થો ૩. વાંદણા ૪. પ્રતિક્રમણ ૫. કાઉસ્સગ્ગ ૬. પચ્ચક્ખાણ.

**પ્ર.** : સામાયિક એટલે શું ?

**ઉ.** : સામાયિક એટલે સમતાનો લાભ, જેનાથી જૂનાં બંધાયેલા કર્મો નાશ પામે અને નવા કર્મો બંધાતા અટકી જાય એવી શ્રી જિનેશ્વર ભગવાને બતાવેલી ક્રિયા.

**પ્ર.** : સામાયિક કેટલી ઘડીનું હોય ?

**ઉ.** : ૪૮ મિનિટ, પોણો કલાક અને ત્રણ મિનિટ અથવા ૨ ઘડીનું.

**પ્ર.** : સામાયિક કરવા માટે કેટલા ઉપકરણ જોઈએ ? કયા કયા ?

**ઉ.** : આઠ. ૧. કટાસણું ૨. મુહપત્તિ ૩. ચરવળો ૪. નવકારવાળી ૫. સ્થાપનાચાર્યજી ૬. શુદ્ધ વસ્ત્ર ૭. પુસ્તક. ૮. સાપડો.

પ્ર. : સામાયિકની વિધિમાં સામાયિકની પ્રતિજ્ઞાનું સૂત્ર કયું ?

ઉ. : કરેમિભંતે સૂત્ર.

પ્ર. : સામાયિક કરવાથી શું લાભ થાય ?

ઉ. : શાંતિની અને સમતાની પ્રાપ્તિ થાય, પાપથી બચાય.

પ્ર. : સામાયિકમાં શું કરવાનું ?

ઉ. : સ્વાધ્યાય, ધ્યાન, કાઉસ્સગ, જાપ વગેરે શુભ પ્રવૃત્તિ કરવી.

પ્ર. : સામાયિકમાં શું ન કરાય ? કઈ પ્રવૃત્તિ ન કરવી ?

ઉ. : સામાયિકમાં સાંસારિક વિચાર, સાંસારિક કાર્ય અને પાપ લાગે તેવી સાવદ્ય પ્રવૃત્તિ ન કરવી.

પ્ર. : સામાયિકનું ફળ શું ?

ઉ. : સામાયિકનું તાત્કાલિક (Direct) ફળ સમતાની પ્રાપ્તિ અને પરંપર in (Direct) ફળ અશુભ કર્મ છેદાય અને મોક્ષ મળે.

પ્ર. : કોની સામાયિકના વખાણ પ્રભુ વીરના શ્રી મુખે થયા હતા.

ઉ. : પુણિયા શ્રાવકની સામાયિકના વખાણ.

પ્ર. : શાસ્ત્રોમાં સામાયિકના કેટલા પ્રકાર બતાવ્યા છે ?

ઉ. : ચાર. ૧. સમ્યક્ત્વ સામાયિક ૨. શ્રુત સામાયિક ૩. દેશવિરતિ સામાયિક ૪. સર્વવિરતિ સામાયિક.

## Rotiune life (Jain time table)

## શ્રાવકોની દિવસ-કરણી (દિનચર્યા)

સવારે વહેલા જાગવું. જાગતા જ 'નમો અરિહંતાણં' બોલવું. પથારી (ગાદલું) છોડી, નીચે બેસી શાંત ચિત્તે ૮ નવકાર ગણવા. પછી વિચારો કે 'હું કોણ ? હું જૈન મનુષ્ય-બીજા જીવોથી ઘણો વધારે

વિકાસ પામેલો. માટે મારે શુભકાર્યરૂપ ધર્મ જ કરવો જોઈએ. તે માટે અત્યારે સારો અવસર છે.'

જાગીને માત-પિતાને પગે લાગવું. પછી પ્રતિક્રમણ કરવું. તે ન બને તો સામાયિક કરવી, તે પણ ન થઈ શકે એમ હોય તો સકલ તીર્થ સૂત્ર બોલી સર્વ તીર્થોને ભાવથી વંદના કરવી. અને ભરહેસર સજ્ઝાય બોલી મહાન આત્માઓને યાદ કરવા. રાત્રિના પાપો માટે મિચ્છામિદુક્કડં કહેવું. પછી ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ ધારવું. પર્વતિથિ હોય તો બિયાસણું, એકાસણું, આયંબિલ વગેરે શક્તિ મુજબ ધારવું.

દેરાસરમાં ભગવાનના દર્શન કરવા જવું. ત્યાં પ્રભુના ગુણોને અને ઉપકારોને યાદ કરવા. ઉપાશ્રયે જઈ ગુરૂ મહારાજને વંદન કરવા, સુખશાતા પૂછવી, ભાત-પાણીનો લાભ આપવા વિનંતી કરવી, ધારેલું પચ્ચક્ખાણ લેવું. પક્ષીને ચણ, ગાયને ઘાસ, કૂતરાને રોટલી આપવા, રોજ ૧૦૮ નવકાર અવશ્ય ગણવા.

સૂર્યોદયથી ૪૮ મિનિટ પછી નવકારશી પચ્ચક્ખાણ પરાય, (૧/૪ દિવસ ગયે પોરિસી, ૧/૪ + ૧/૮ દિવસ જાય ત્યારે સાઢપોરિસી, ૧/૨ દિવસ ગયે પુરિમુઢ્ઢપચ્ચક્ખાણ પરાય.) નવકારશીથી નરકગતિ લાયક ૧૦૦ વર્ષના પાપ તૂટે. પોરિસીથી ૧૦૦૦ વર્ષના, સાઢપોરિસીથી દસ હજાર વર્ષના, પુરિમુઢ્ઢ અથવા બિયાસણાથી લાખ વર્ષના પાપો તૂટે છે.

સ્નાન કરીને સ્વચ્છ પૂજાના વસ્ત્ર પહેરીને હંમેશા ભગવાનની પૂજા કરવી. પૂજા (ભક્તિ) કર્યા વિના ભોજન ન કરાય. પ્રભુ પૂજા કર્યા પછી જ પેટ પૂજા કરવી. પૂજા માટે બની શકે તો પૂજાની સામગ્રી (દૂધ, સુખડ, કેસર, ફૂલ, દીપક, વરખ, આંગીની અન્ય સામગ્રી, ચોખા, ફલ, નૈવેધ આદિ) ઘરેથી લઈ જવા જોઈએ.

ગુરુ મહારાજ પાસે વ્યાખ્યાન - ઉપદેશ સાંભળવો. પ્રભુની વાણી સાંભળવાથી સાચી સમજણ મળે, શુભ ભાવના વધે, જીવન સારું બને અને સુધરતું જાય. ગુરુ ભગવંતનો ગોચરી-પાણીનો લાભ લેવો. વિશેષ કરીને વસ્ત્ર-પાત્ર-પૌષધ વિ. નો પણ લાભ લેવો.

સાંજના સૂર્યાસ્ત થતા પહેલા જ જમી લેવું. શ્રાવકથી રાત્રિભોજન ન થાય. જમ્યા બાદ દેરાસરે દર્શન કરવા, ધૂપપૂજા, આરતી-મંગલદીવો ઉતારવા, સાંજે પ્રતિક્રમણ કરવું. પછી ધાર્મિક વાંચવું - ભણવું - પાઠશાલાએ દરરોજ જવું. કદાપિ જૂઠું ન બોલવું, ચોરી ન કરવી, નિંદા ન કરવી, બીડી-સિગારેટ ન પીવી, પાન-મસાલા-તમાકુ વિ. ન ખાવા, જુગાર ન રમવો કોઈપણ જાતના વ્યસનથી મુક્ત રહેવું. ઝગડો ન કરવો, જીવદયા પાળવી, પરોપકાર કરતાં રહેવું. રાત્રે સૂતા પહેલા ૭ નવકાર ગણીને સૂવું.

## જ્ઞાનોપાસના

જ્ઞાન દિવ્ય પ્રકાશ છે, અજ્ઞાન ઘોર અંધકાર છે.

વિનય, શાંતિ અને એકાગ્રતાથી વાંચવુ.

વાંચેલું ભૂલવું નહી.

નવું નવું વાંચતા રહેવું, અને જ્ઞાન વધારવું.

શિક્ષકનું બહુમાન કરવું, પાઠશાળા નિયમિત જવું.

તમે વિદ્યાર્થી હોવ તો ???

ફેશન અને વ્યસન થી દૂર રહો !

શુદ્ધ ઉચ્ચારણ કરવું, સ્વચ્છ અક્ષર લખવા અને સારો વ્યવહાર કરવો. જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની આશાતના ન કરવી, આરાધના કરવી. જ્ઞાનના ૫ ખમાસમણાં આપવા. ૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. ૐ હ્રીઁ નમો નાણસ્સની માળા ગણવી.

## દર્શનોપાસના

વીતરાગ પરમાત્મા પર શ્રદ્ધા રાખો...

સાધુભગવંતો પ્રતિ આદરભાવ રાખો.

સંઘ શાસન પ્રતિ વફાદારી રાખો.

નિંદા ન કરો.

હું તીર્થયાત્રા, તીર્થ રક્ષા કરીશ.

હું ગુરુસેવા, ગુરુભક્તિ ઉપાસના કરીશ.

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચતુર્વિધ સંઘની સુખશાંતિ માટે સદૈવ જાગ્રત રહીશ. આવો સંકલ્પ કરો.

આ પ્રકારે દર્શનોપાસના કરવાથી દર્શનાવરણ કર્મ ઓછું થાય છે.

## ચારિત્રોપાસના

કોઈ ભલે ક્રોધ કરે, તમે ક્ષમા કરશો.

કોઈ અભિમાન કરે, તમે નમ્ર રહો.

કોઈ કપટ કરે, તમે સરળ રહો.

કોઈ લોભ કરે, તમે ઉદાર બનશો.

સામાયિક કરવું. પૌષધ કરવો, બાર વ્રત ગ્રહણ કરવા. પ્રતિક્રમણ કરવું, શ્રમણધર્મનો સ્વીકાર કરવો.

આ પ્રકારે ચારિત્રોપાસના કરવાથી મોહનીય કર્મ ઓછા થાય છે.

## શ્રી શાંતિનાથ ભગવાન ધર્મકથા

આપણા ૧૬માં તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનો પુણ્ય પ્રભાવ એવો છે કે શ્રદ્ધાથી એમનું નામ લેવાથી બધીજ અશાંતિ દૂર થઈ જાય છે ! બાળકો ! જેમ આપનું નામ લેવાથી બધી અશાંતિ દૂર થઈ જતી હોય તો ? તમે તો બહુ ખુશ થઈ જશો, સાચે જ ?

પરંતુ, આવું પ્રબળ પુણ્ય એમજ નથી મળતું, એના માટે અતિ ઉચ્ચ ધર્મારાધના કરવી પડે. શ્રી શાંતિનાથ ભગવાને એમના પૂર્વના ત્રીજા ભવમાં એવી મહાન આરાધના કરી હતી કે, એના પ્રભાવે એમને નામ માત્રથી અશાંતિ દૂર કરવાની અદ્‌ભુત તાકાત મળી હતી. તમે આ ત્રીજા ભવનો વૃત્તાંત સાંભળશો તો તમે પોતે જ એમના ચરણોમાં નત મસ્તક થઈ જશો. આપણે એમના ત્રીજા ભવનું અવલોકન કરીશું. ત્યાર પછી એમના શાંતિનાથના ભવને જાણવાનો પ્રયાસ કરીશું.

આર્યાવર્ત્તના આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરીકિણી નામનું સુંદર અને સમૃદ્ધ નગર હતું. વર્ત્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકર શ્રી સીમંધરસ્વામી ભગવાનનો જન્મ આ પુંડરીકિણી નગરીમાં થયો હતો. આ પુંડરીકિણી નગરીમાં ધનરથ નામના રાજા રાજ્ય કરતા હતા. એમની બે રાણીઓ હતી. એકનું નામ પ્રિયમતિ અને બીજી રાણીનું નામ મનોરમા હતું. બંને રાણીઓને એક એક પુત્ર હતા. પ્રિયમતિના પુત્રનું નામ મેઘરથ અને મનોરમા ના પુત્રનું નામ દ્રઢરથ હતું. બંને રાજકુમારોમાં ધર્મના પ્રતિ ભાવના એટલી પ્રબળ હતી કે, જ્યારે જુઓ ત્યારે ભગવાનની ભક્તિ, સેવા-પૂજા, સામાયિક, પૌષધ, જીવદયા વગેરે ધર્મકાર્યો કરતા રહેતા. સ્નાન, ભોજન, અભ્યાસ જેવા જરૂરી કાર્ય પૂર્ણ થયા પછી એમની ધર્મારાધના શરૂ થઈ જતી. મોજ-શોખ, ખેલકૂદ જેવા કોઈપણ કાર્યમાં એમને જરાપણ રસ ન હતો. સમય જતા બંને રાજકુમારો યુવાન થયા, યોગ્ય સમયે બંને રાજકુમારોના વિવાહ થયા અને મેઘરથકુમાર તો તેમના પિતાના સ્થાન પર બેસીને રાજા બની ગયા. પછી પણ તેમની ધર્મારાધના તો સતત ચાલતી જ રહેતી.

એક દિવસની વાત છે. મહારાજા મેઘરથ પૌષધશાળામાં પૌષધવ્રત ધારણ કરી બેઠા છે, પૌષધ એટલે - આખો દિવસ અને રાત સંપૂર્ણ સંસારનો ત્યાગ કરીને સાધુ જેવું જીવન પસાર કરવું. રાજાની

સાથે બીજા કેટલાક આરાધકો પણ પૌષધમાં બેઠા હતા. રાજા તેમને પણ ધર્મની વાતો સમજાવી રહ્યા હતા. એવા સમયે અચાનક ક્યાંકથી એક કબૂતર ઉડીને આવી રાજાના ખોળામાં પડ્યું. તે કબૂતર બીકથી થરથરી રહ્યું હતું. ભયભીત નજરોથી એણે માણસની ભાષામાં કહ્યું : મહારાજ મને બચાવી લો, હું તમારા શરણમાં આવ્યો છું. એક બાજ પક્ષી મને મારવા માટે મારી પાછળ પડ્યું છે. તેથી રક્ષા કરો. જીવદયા પ્રતિપાલક રાજા મેઘરથે તેને સાંત્વના આપતા હિંમત આપી કે 'તું ડરીશ નહી, હું તારી રક્ષા કરીશ. તને કોઈ નહી મારે.'

આ પ્રકારે વાત ચાલતી હતી કે, તે બાજ પક્ષી આવ્યું. તેણે પણ મનુષ્યની ભાષામાં રાજાને કહ્યું : 'રાજન્ આ કબૂતર મારો ખોરાક છે. એટલે એને મને સોંપી દો.' રાજાએ કહ્યું : 'આ મારા શરણમાં આવ્યું છે, હું જીવદયા પ્રેમી છું. શરણે આવેલાને તને ના આપી શકું.' શરણે આવેલાનું રક્ષણ કરવું તે મારો ક્ષત્રિયધર્મ છે. બાજ પક્ષીએ તરત જ વિચિત્ર તર્ક કર્યો કે, 'હે રાજન્ ! આ પ્રકારે જો તમે મારો ખોરાક લઈ લેશો તો મને જે પરેશાની થશે તેનું પાપ તમને લાગશે. જો હું ભૂખથી મરી જઈશ તેના જવાબદાર પણ તમે હશો. રાજાએ બહુ વિચારીને મનમાં નિશ્ચય કરીને બાજ ને કહ્યું : હું આ કબૂતરના વજનના બરાબર મારા શરીરનું માંસ કાપી તને આપું, તેથી તારૂં પેટ પણ ભરાઈ જશે અને આ કબૂતર પણ બચી જશે.

એવું કહીને રાજાએ ત્યાંજ એક મોટુ ત્રાજવું મંગાવીને એના એક પલડામાં કબૂતરને મૂક્યુ અને બીજા પલડામાં પોતાના શરીરનાં માંસને છરીથી કાપીને મૂક્યું. પણ કબૂતરવાળું પલડું ભારે ને ભારે જ રહ્યું. રાજાએ કબૂતર વાળા પલડાને ઉપર લાવવા માટે પોતાના હાથ, પગ કાપીને મૂક્યા. પરંતુ તે પલડુ ઉપર ન આવ્યું. આખરે રાજાએ પોતાનું આખું શરીર બાજને આપવાનો નિર્ણય કર્યો. અને એ પોતે એ પલડામાં બેસી ગયા.

તે સમયે જ ચમત્કાર થયો ! ત્યાં ન તો કોઈ કબૂતર હતું ન કોઈ બાજ ! તે જગ્યા ઉપર દિવ્ય કાંતિવાન એક દેવ હાથ જોડીને પ્રગટ થયા. દેવે રાજાના ચરણોનો સ્પર્શ કરીને કહ્યું : 'રાજન્ ! હું બીજા દેવલોકનો દેવ છું. અમારા દેવ ઈશાનેન્દ્ર દ્વારા ભરી દેવસભામાં તમારા સત્ત્વની અતિ પ્રશંસા સાંભળી તમારી પરીક્ષા કરવાનાં હેતુથી મેં આ બાજ-કબૂતરનું રૂપ લીધું હતું. તમે મારી પરીક્ષામાં મહાન સાબિત થઈને પાસ થયા. એક કબૂતરને બચાવવા માટે તમે તમારું સંપૂર્ણ જીવન આપવા માટે તૈયાર થયા. તમને લાખ લાખ અભિનંદન ! આ પ્રકારે રાજા મેઘરથની સ્તુતિ કર્યા પછી તે દેવે તેની દૈવી શક્તિથી રાજાના કપાઈ ગયેલા હાથ, પગ વગેરે બધાં જ અંગો જોડીને પહેલા જેવા કરી દીધા. અને તે દેવ અંતર્ધ્યાન થઈ ગયા. આ પ્રસંગથી રાજા મેઘરથની જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના સર્વત્ર ફેલાઈ અને ચારેબાજુથી વાહ વાહ થવા લાગી.

બીજી વખત થયું એવું કે, બીજા દેવલોકમાં બેઠેલ ઈશાનેન્દ્રે રાજા મેઘરથને નમસ્કાર કર્યા. આ જોઈને ઈન્દ્રની ઈન્દ્રાણીઓને બહુ આશ્ચર્ય થયું. બંનેને એ વાતની ખબર પડી કે ઈન્દ્રએ મેઘરથ રાજાની ધર્મવૃત્તિ પર રાજી થઈને તેમને નમસ્કાર કર્યા હતા. તે બંનેએ રાજાને ધર્મથી વિચલિત કરવાનો નિશ્ચય કર્યો. તે બંને અતિરૂપા અને સુરૂપા નામની ઈન્દ્રાણીઓ અડધી રાતના સમયે પુંડરીકિણી નગરમાં આવી. તે સમયે રાજા મેઘરથ અઠ્ઠમતપ લઈને પ્રભુભક્તિમાં લીન હતા. તે બંને દેવીઓએ પોતાની દૈવી તાકાતથી રાજાની આસ-પાસ ઘણી અપ્સરાઓ પ્રગટ કરી. તે અપ્સરાઓ એટલી સુંદર અને સ્વરૂપવાન હતી કે તેને જોઈને મોટામાં મોટો સાધક પણ સાધના છોડીને તેમના પર આકર્ષિત થઈ જાય ! પરંતુ મેઘરથ રાજા તો એટલા નિશ્ચલ હતા કે, તેમણે કોઈની સામે જોયું પણ નહિ. આખી રાત તે અપ્સરાઓએ રાજાને વિચલિત કરવાના ઘણા પ્રયત્નો કર્યા પણ બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા.

આખરે પ્રાતઃકાળ થયો ત્યારે એ દેવીઓ પોતાના બધાં જ નાટક બંધ કરીને રાજાની પ્રશંસા કરવા લાગી. તેમણે રાજાને પૂછ્યું. : 'રાજન્ આટલી સુંદર અપ્સરાઓ તમારી આસ-પાસ હતી તો પણ તમારા મનમાં વિકાર કેમ ન આવ્યો ?' રાજાએ કહ્યું : 'પરસ્ત્રી સાથે ભોગ કરવાથી નરકને યોગ્ય પાપનો બંધ થાય છે એ શાસ્ત્રની વાત મને ખબર હતી. તેના કારણે મારું મન વિકારગ્રસિત ન થયું. હું તો દીક્ષા લઈને સંપૂર્ણ જીવન બ્રહ્મચર્યનું પાલન કરવાની ભાવના રાખું છું' તે દેવીઓ રાજા મેઘરથની મહાનતાને પ્રણામ કરીને પોતાના દેવલોકમાં ચાલી ગઈ.

એવા વૈરાગી મેઘરથ રાજાએ પોતાના પુત્ર મેઘસેનને રાજ્યભાર સોંપીને પોતાના ૪૭૦૦ પુત્ર અને નાના ભાઈ દ્રઢરથની સાથે દીક્ષા લીધી. દીક્ષાના સમયે તેમણે શ્રી વીશસ્થાનક તપની એવી સુંદર અને ઉત્કૃષ્ટ આરાધના કરી કે, એ તપના પુણ્ય પ્રભાવથી તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જિત કર્યું. અંત સમયે મેઘરથ મુનિએ અંબર તિલક પર્વત પર અનશન વ્રતનો સ્વીકાર કરીને, મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયા. ત્યાં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી તે દેવનો આત્મા આપણા આ ભરતક્ષેત્રમાં અવતરિત થયો.

શ્રાવણ વદ સાતમના શુભ દિવસે તે મહાન દેવાત્મા આ ભરત ક્ષેત્રની ઐતિહાસિક નગરી હસ્તિનાપુરમાં રાજા વિશ્વસેનની રાણી અચિરાદેવીના ગર્ભમાં અવતરિત થયા. ગર્ભના પુણ્ય પ્રભાવે અચિરા-માતાને ૧૪ મહાસ્વપ્નોના અદ્‌ભુત દર્શન થયા. ભગવાન ગર્ભમાં પધાર્યા પહેલા આખા રાજ્યમાં મારી-મરકી નામનો રોગ ફેલાયો હતો. દરરોજ સેંકડો લોકોનું મૃત્યુ થઈ રહ્યું હતું. સર્વત્ર ભયંકર અશાંતિનું વાતાવરણ હતું. પરંતુ જેવું પ્રભુનું ગર્ભાવતરણ થયું તે દિવસથી તેમના પુણ્ય પ્રભાવે નગરમાંથી આ ભયંકર રોગ સંપૂર્ણ નામશેષ થવા લાગ્યો. ચારે બાજુ શાંતિ પ્રસરી ગઈ. એ કારણે તેમના માતા-પિતાએ પ્રભુનું નામ શાંતિકુમાર રાખવાનું વિચાર્યુ. નવ

મહિનાથી થોડો વધારે સમય પસાર થઈ ગયા બાદ વૈશાખ વદ તેરસની મધ્યરાત્રે અચિરામાતાએ પ્રભુને જન્મ આપ્યો. ૫૬ દિગ્કુમારીઓ અને ૬૪ ઈન્દ્રોએ મળીને પ્રભુનો જન્મોત્સવ કર્યો. તે પછી રાજા વિશ્વસેને પણ પોતાના પુત્રનો શાનદાર જન્મોત્સવ ઉજવ્યો. પહેલાના નિર્ણય પ્રમાણે પ્રભુનું નામ શાંતિકુમાર રાખ્યું.

શ્રી શાંતિકુમારની પીતવર્ણીય કમનીય કાયા સોનાના મેરૂપર્વતની જેમ ચમકી રહી હતી. એમના ડાબા પગમાં હરણનું લાંછન (ચિહ્ન) હતું. શ્રી શાંતિકુમાર એટલા પુણ્યશાળી હતા કે એમને માનવલોકની સર્વશ્રેષ્ઠ બે પદવીઓ એકી સાથે મળી. ધર્મની દ્રષ્ટિથી તીર્થંકર બનવું આ માનવલોક અને સમગ્ર વિશ્વનું સૌથી ઉત્કૃષ્ટ પદ છે. અને સત્તા-સમૃદ્ધિની દ્રષ્ટિથી ચક્રવર્તી બનવું એ પણ માનવલોકનું સૌથી ઊંચુ પદ છે. શ્રી શાંતિનાથ પ્રભુ એજ જન્મમાં ચક્રવર્તી પણ થયા. અને તીર્થંકર પણ થયા. એક સાથે બે પદવી પ્રાપ્ત કરવાવાળા શ્રી શાંતિનાથ ભગવાન આ લોકના સર્વપ્રથમ પુરુષ હતા.

પ્રભુ યુવાન અવસ્થામાં આવ્યા ત્યારે એમની ઊંચાઈ ૪૦ ધનુષ હતી. ત્યારે યશોમતિ વગેરે રાજ કન્યાઓ સાથે એમનો વિવાહ સંપન્ન થયો. ત્યારપછી ૨૫ હજાર વર્ષ પછી વિશ્વસેન રાજાએ પ્રભુનો રાજ્યાભિષેક કર્યો. કેટલા વર્ષો પછી શાંતિનાથ રાજાની આયુધશાળામાં તેજસ્વી ચક્રરત્ન પ્રગટ થયું. આ ચક્રરત્ન જેમની પાસે હોય તે ચક્રવર્તી રાજા કહેવાય છે. અને આ પૃથ્વીપર કોઈ હરાવી ના શકે. છ ખંડોની પૃથ્વી, એના ૩૨૦૦૦ દેશ એને ૧૬ કરોડ ગામોના સ્વામી આ ચક્રવર્તી બન્યા. શાંતિનાથ રાજાએ પણ ચક્રવર્તીપણું પ્રાપ્ત કરવા માટે છ ખંડોની વિજયયાત્રા કરી અને એ છ ખંડોના ચક્રવર્તી સમ્રાટ બન્યા.

ચક્રવર્ત્તી બનવાથી તેમની ૬૪ હજાર રાણીઓ હતી. વિશાળ સામ્રાજ્ય અને અતુલ પરિવાર-ધનવૈભવ હોવા છતાં પણ તેઓ મનથી સંપૂર્ણ વૈરાગી હતા. તેઓ તો હંમેશા પોતાના ભોગાવલી કર્મો

ભોગવીને તેને પૂરા કરવા માટે પ્રવૃત્ત રહેતા હતા. તમે કાદવમાં ખીલેલું કમળ જોયું છે, બાળકો ! આ કમળ જેમ કાદવની વચ્ચે રહીને પણ કાદવ થી અલિપ્ત રહે છે. તેમ જ ભગવાન પણ બધી રાણીઓની વચ્ચે વાસનાઓથી દૂર અલિપ્ત રહેતા હતા. એથી જ એમના ભોગાવલી કર્મો જલ્દી જ પૂર્ણ થઈ ગયા. નવ લોકાંતિક દેવોએ આવીને દીક્ષા માટે વિનંતિ કરી ત્યારે પોતાના પુત્ર ચક્રાયુધને રાજ્યભાર સોંપીને ભગવાને દીક્ષા સ્વીકારી. તે સમયે ભગવાનનું આયુષ્ય ૭૫ હજાર વર્ષ હતું. એક વર્ષ પર્યંત વર્ષીદાન આપીને વૈશાખ વદ ચૌદસના દિવસે સહસ્રામ્રવન બગીચામાં એક હજાર રાજાઓની સાથે દીક્ષા અંગીકાર કરી. એ સમયે ભગવાનને છઠ્ઠ તપ ચાલતો હતો. દીક્ષાનો સ્વીકાર કર્યા બાદ તરત ભગવાનને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા દિવસે ભગવાનના છઠ્ઠના તપનું પહેલું પારણું કરાવવાનો લાભ મંદિર નગરના રાજા સુમિત્રને મળ્યો.

ભગવાનની ૧૨ વર્ષની તીવ્ર સાધના બાદ પોષ સુદ નોમ ના દિવસે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાનની દેશના સાભળીને રાજા ચક્રાયુધે પણ પોતાના પુત્રને રાજ્યભાર સોંપી સંમયનો સ્વીકાર કર્યો. ભગવાને ૨૪ હજાર વર્ષો સુધી કેવલજ્ઞાનની અવસ્થામાં આ ધરતી પર વિચરણ કર્યું. ભગવાન જ્યારે પણ વિહાર કરતા ત્યારે દેવતાઓ તેમના ચરણોની આગળ નવ સોનાના કમળ મૂકતા. ભગવાન તે કમળો પર પગ મૂકીને ચાલતા હતા. તેમનો પુણ્ય પ્રભાવ એવો હતો કે જેમ તેઓ આગળ ચાલતા તેમ તેમના પાછળ રહેલા દેવતાઈ કમળો પોતે જ આગળ આવી જતા હતા. એવી અનેક વિશેષતાઓથી યુક્ત ભગવાન શાંતિનાથે ૨૫ હજાર વર્ષો સુધી વિચરણ કરીને અનેક ભવ્યાત્માઓને ધર્મનો માર્ગ દેખાડીને પ્રતિબોધ આપ્યો.

તે પછી ભગવાને સમેતશિખર તીર્થ પર પધારીને ૧૦૦ શ્રમણોની સાથે એક મહિનાનું અનશન વ્રત સ્વીકાર્યું. વૈશાખ વદ

તેરસના દિવસે કુલ એક લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, બધા કર્મોનો ક્ષય કરીને મહાનિર્વાણ પ્રાપ્ત કરીને મોક્ષે ગયા.

એવા હતા આપણાં શ્રી શાંતિનાથ ભગવાન. તમને ધ્યાનમાં હશે કે જ્યારે આપણે મંદિરમાં સ્નાત્ર કરીએ છીએ ત્યારે આ જ શ્રી શાંતિનાથ ભગવાનની ધાતુની પંચતીર્થી મૂર્તિ સામે કરીએ છીએ. આજે પણ સાચા મનથી તેમના જાપ કરીએ તો આપણી બધી જ અશાંતિ દૂર થઈ જાય છે.

આપણે પણ આવા મહાન પ્રભાવક શાંતિદાયક શ્રી શાંતિનાથ ભગવાનને અંતર્મનથી ભાવપૂર્વક વંદના કરીને કહો કે,

**"શ્રી શાંતિ જિનેશ્વર દીઠો રે... મારા મનમાં લાગ્યો મીઠો રે..."**

## સ્વાધ્યાય

૧. શાંતિનાથ ભગવાને મેઘરથ રાજાના ભવમાં કેવી દયા દર્શાવી હતી ? એનું વર્ણન કરો.

૨. અતિરૂપા અને સુરૂપા કોણ હતી ? તેમણે મેઘરથ રાજાની કેવી રીતે પરીક્ષા લીધી ?

૩. મેઘરથ રાજાના પુત્રનું નામ જણાવો અને મેઘરથ રાજાએ ક્યાં અનશન કરેલ તે જણાવો ?

૪. શાંતિનાથ ભગવાનના માતા-પિતાનું નામ અને લાંછન કયુ હતું ? શાંતિનાથ નામ કેવી રીતે પડ્યું ?

૫. શાંતિનાથ ભગવાનના પુત્રનું નામ જણાવો અને ભગવાન ક્યાંથી મોક્ષે ગયા તે લખો ?

૬. ભગવાનની સાથે કેટલા લોકોએ દીક્ષા લીધી ? કયા દિવસે દીક્ષા લીધી તે જણાવો ?

૭. શ્રી સમ્મેતશિખર તીર્થ પર કેટલા તીર્થંકરો નિર્વાણ પામ્યા ?

# તીર્થંકર જીવન દર્શન

## શ્રી શાંતિનાથ

| | |
|---|---|
| માતા :- અચિરા | પિતા :- વિશ્વસેન |
| વંશ :- ઈક્ષ્વાકુ | ગોત્ર :- કાશ્યપ |
| વર્ણ :- સુવર્ણ | ઊંચાઈ :- ૪૦ ધનુષ્ય |
| લાંછન :- મૃગ | ભવ :- ૧૨ |
| ગર્ભકાળ :- ૯ મહિના ને ૬ દિવસ | કુમારકાળ :- ૨૫ હજાર પૂર્વ |
| રાજ્યકાળ :- ૫૦ હજાર વર્ષ | ગૃહસ્થકાળ :- ૭૫ હજાર વર્ષ |
| છદ્મસ્થકાળ :- ૧ વર્ષ | સંયતકાળ :- ૨૫ હજાર વર્ષ |
| જીવનકાળ :-૧ લાખ પૂર્વ | શાસનકાળ :- ૦॥ પલ્યોપમ |
| પુત્ર/પુત્રી :- ૧,૫૦,૦૦,૦૦૦ | ગણધર :- ૩૬ |
| સાધુ :- ૬૨,૦૦૦ | સાધ્વી :- ૬૧,૬૦૦ |
| શ્રાવક :- ૨,૯૦,૦૦૦ | શ્રાવિકા :- ૩,૯૩,૦૦૦ |
| યક્ષ :- ગરુડ | યક્ષિણી :- નિર્વાણી |
| ચ્યવનકલ્યાણક :- શ્રાવણ વદ ૭ | ચ્યવનનક્ષત્ર :- ભરણી |
| જન્મકલ્યાણક :- વૈશાખ વદ ૧૩ | જન્મનક્ષત્ર :- ભરણી |
| જન્મરાશિ :- મેષ | જન્મભૂમિ :- હસ્તિનાપુર |
| દીક્ષાકલ્યાણક :- વૈશાખ વદ ૧૪ | દીક્ષાનક્ષત્ર :- ભરણી |
| દીક્ષાતપ :- ૨ ઉપવાસ (છટ્ઠ) | દીક્ષાશિબિકા :- સર્વથા |
| દીક્ષાવૃક્ષ :- અશોક | દીક્ષાભૂમિ :- હસ્તિનાપુર |
| પારણાનું સ્થળ :- મંદિરપુર | પ્રથમ પારણું :- ક્ષીર |
| સહદીક્ષિતો :- ૧૦૦૦ | કેવલજ્ઞાનકલ્યાણક :- પોષ સુદ ૯ |
| કેવળજ્ઞાનનક્ષત્ર :- ભરણી | કેવલજ્ઞાનતપ :- ૨ ઉપવાસ (છટ્ઠ) |
| કેવળજ્ઞાનવૃક્ષ :- નંદી | કેવલજ્ઞાનભૂમિ :- હસ્તિનાપુર |
| નિર્વાણકલ્યાણક :- વૈશાખ વદ ૧૩ | નિર્વાણનક્ષત્ર :- ભરણી |
| નિર્વાણતપ :- ૩૦ ઉપવાસ | નિર્વાણભૂમિ :- સમેતશિખર |

●

## આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીનો જન્મ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમની માતાનું નામ ગંગણ અને પિતાનું નામ શંકર ભટ્ટ હતું. પંડિત હરિભદ્ર વેદશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા. તેઓ પંડિતોમાં અગ્રેસર હતા. તેમને પોતાના જ્ઞાનનું એવુ ગર્વ હતું કે કોઈપણ શાસ્ત્ર અથવા ગાથા ન સમજાય તેવું બને જ નહીં, અને પોતાને ન સમજાય તે શાસ્ત્રપાઠ જે કોઈ તેમને સમજાવે તેના શિષ્ય બની જવા તેમણે પ્રતિજ્ઞા લીધી હતી.

એક દિવસ સાધ્વીજી મહત્તરા યાકિનીના ઉપાશ્રય પાસેથી પસાર થતાં રાજપુરોહિત હરિભદ્રે રસ્તામાં એક શ્લોક સાંભળ્યો. એ શ્લોકનો અર્થ તેઓ સમજી ન શકવાથી સમજાવવા વિનંતી કરી. સાધ્વીજીએ હરિભદ્રને અર્થ સમજવા ગુરુ જિનદત્તસૂરિજી પાસે જવા કહ્યું. બીજા દિવસે હરિભદ્ર આચાર્ય જિનદત્તસૂરિ પાસે પહોંચ્યા. આચાર્ય જિનદત્તસૂરિએ તેમને ગાથાનો અર્થ સુંદર રીતે સમજાવ્યો. તેથી હરિભદ્ર તેમની પ્રતિજ્ઞા મુજબ જિનદત્તસૂરિજીના શિષ્ય બન્યા. મુનિ હરિભદ્રની યોગ્યતાને જાણી થોડા સમયમાં ગુરુ મહારાજે તેમને આચાર્યપદ પ્રદાન કર્યું.

આચાર્ય હરિભદ્રસૂરિને હંસ અને પરમહંસ નામે બે ભાણેજ હતાં. તેઓએ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી પાસે દીક્ષા અંગીકાર કરી. બંને શિષ્યોએ એક વખત બૌદ્ધ પ્રમાણશાસ્ત્ર ભણવાની ઈચ્છા પ્રગટ કરી. હરિભદ્રસૂરિજીએ ના પાડવા છતાં બંને શિષ્યોએ વેશ-પરિવર્તન કરી બૌદ્ધ વિદ્યાપીઠમાં પ્રવેશ કર્યો. જૈનદર્શનના હેતુઓની તૈયાર કરેલી ટૂંકી નોંધોના કાગળ એક દિવસ હવામાં ઊડી ગયા. આ પત્રો બૌદ્ધ સાધુએ તેમના આચાર્યને આપ્યા. બૌદ્ધ વિદ્યાપીઠમાં કોણ જૈન શ્રમણ આવ્યું છે, તે જાણવા બૌદ્ધ આચાર્યે દરવાજા પાસે જિનપ્રતિમાનું ચિત્ર દોર્યું અને દરેક વિદ્યાર્થીને પ્રતિમા પર પગ મૂકીને જવા આદેશ કર્યો.

હંસે ખડીથી (ચોકથી) જનોઈની રેખા દોરી બૌદ્ધ પ્રતિમા બનાવી દીધી. પછી તેના ઉપર પગ મૂકીને આગળ વધ્યા. બૌદ્ધોએ તેમને ઓળખી લીધા. પણ બંને તરત નાસી છૂટ્યા. બૌદ્ધો તેમની પાછળ પડ્યા. રસ્તામાં હંસને પકડીને મારી નાખ્યો. પરમહંસ નાસતો નાસતો હરિભદ્રસૂરિ પાસે પહોંચ્યો અને સઘળી વાત કહી. પણ અત્યંત થાક અને આઘાતને લીધે તે પણ મૃત્યુ પામ્યો.

બંને શિષ્યના કાળધર્મથી આચાર્ય હરિભદ્રસૂરિજીને આઘાત લાગ્યો અને ગુસ્સો આવ્યો. તેમણે મહારાજા સુરપાલની અધ્યક્ષતામાં બૌદ્ધો સાથે શાસ્ત્રાર્થ કર્યો અને શરત મૂકી કે જે હારે તેને ઉકળતા તેલના કુંડમાં નાખવાના. શાસ્ત્રાર્થમાં બૌદ્ધો હારતા ગયા અને તેલના કુંડમાં તળાઈ મૃત્યુ પામતા ગયા. આ વાતની આચાર્ય જિનદત્તસૂરિને જાણ થઈ. તેમણે બે સાધુઓને આચાર્ય હરિભદ્રસૂરિજી પાસે મોકલ્યા. સાધુઓએ જિનદત્તસૂરિજી દ્વારા મોકલાવેલા શ્લોકો સંભળાવ્યા, શ્લોકોનો અર્થ હતો "વૈરના અનુબંધ-ભવ-ભવાંતર સુધી ચાલ્યા કરે છે." આ શ્લોકો સાંભળી હરિભદ્રસૂરિજીનો ક્રોધ શાંત થઈ ગયો.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. સંસારદાવાનલ સ્તુતિના ૩ શ્લોક અને ૪થા શ્લોકનું એક ચરણ તેમણે રચ્યાં છે. આગમો પછી જે કંઇ સાહિત્ય રચાયું તેમાં સંખ્યા, ગુણવત્તા અને શૈલીની દૃષ્ટિએ - આચાર્ય હરિભદ્રસૂરિજી સર્વોપરી છે.

આચાર્ય હરિભદ્રસૂરિજી તેર દિવસનું અનસન સ્વીકારી વિ.સં. ૭૮૫ લગભગમાં સ્વર્ગવાસ પામ્યા.

# વિભાગ - ૩

બે પ્રતિક્રમણના સંપૂર્ણ સૂત્રો મોઢે કરવા. (નવકારથીસકલતીર્થ સુધીના સૂત્રો)

દેવસિઅ તથા રાઈઅ પ્રતિક્રમણની સંપૂર્ણ સૂત્રો સાથેની વિધિ

## દેવસિઅ પ્રતિક્રમણનો વિધિ

૧. પ્રથમ સામાયિક લીધા બાદ પાણી વાપર્યું હોય તેણે મુહપત્તિ પડિલેહવી અને આહાર વાપર્યો હોય તો બે 'વાંદણાં' આપી પચ્ચક્ખાણ કર્યા પછી 'ખમાસમણ' દઇ 'ઇચ્છા૦ ચૈત્યવંદન કરું ?' "ઇચ્છં" કહી, "ચૈત્યવંદન" અને "જંકિંચિ" "નમુત્થુણં" કહેવું.

૨. ઊભા થઈને "અરિહંતચેઈઆણં" તથા "અન્નત્થ" કહી એક "નવકારનો" કાઉસ્સગ્ગ કરી, પારીને "નમોઽર્હત્" કહીને પ્રથમ "થોય" કહેવી.

૩. "લોગસ્સ" સવ્વલોએ અરિહંતચેઈઆણં" તથા 'અન્નત્થ' કહીને 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને બીજી 'થોય' કહેવી.

૪. 'પુક્ખરવર૦' કહી, 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગ વંદણ૦' તથા 'અન્નત્થ' કહી એક 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને ત્રીજી 'થોય' કહેવી.

૫. 'સિદ્ધાણં બુદ્ધાણં' વેયાવચ્ચગરાણં૦ કરેમિ કાઉસ્સગ્ગં' 'અન્નત્થ૦' કહી એક 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને 'નમોઽર્હત્' કહી ચોથી 'થોય' કહેવી.

૬. બેસીને 'નમુત્થુણં' કહ્યા બાદ ચાર 'ખમાસમણ' દેવાપૂર્વક 'ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં' કહેવું. પછી 'ઇચ્છકારી સમસ્ત શ્રાવકને વાંદુ' કહીને 'ઇચ્છા૦ દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?' 'ઇચ્છં' કહી, જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપીને 'સવ્વસ્સવિ દેવસિઅ૦' કહેવું.

૭. ઊભા થઈ, 'કરેમિ ભંતે' 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦' 'તસ્સ ઉત્તરી૦' 'અન્નત્થ૦' કહી 'પંચાચારની' આઠ ગાથાનો કાઉસ્સગ્ગ, આઠ ગાથા ન આવડે તો આઠ 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને લોગસ્સ કહેવો.

૮. બેસીને મુહપત્તિ પડિલેહવી. પછી બે 'વાંદણાં દઈ', ઊભા થઈને 'ઇચ્છા૦ દેવસિઅં આલોઉં ?' 'ઇચ્છં' 'આલોએમિ જો મે દેવસઓ૦' કહીને 'સાત લાખ' તથા 'અઢાર પાપ સ્થાનક' સૂત્ર કહેવાં.

૯. 'સવ્વસ્સવિ દેવસિઅ૦' કહી, બેસીને, જમણો પગ ઊભો રાખી, એક 'નવકાર' ગણી 'કરેમિ ભંતે' ઇચ્છામિ પડિક્કમિઉં' કહીને 'વંદિત્તુ' કહેવુ. પછી બે 'વાંદણાં' દઈને 'અબ્ભુટ્ઠિઓ ખામીને બે 'વાંદણાં' દેવાં.

૧૦. ઊભા થઈ 'આયરિય ઉવજ્ઝાએ' કહીને 'કરેમિ ભંતે' ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ૦' 'તસ્સ ઉત્તરી૦' 'અન્નત્થ૦'

કહી બે 'લોગસ્સનો' અથવા આઠ 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને

૧૧. 'લોગસ્સ૦' સવ્વલોએ અરિહંત 'ચેઈયાણં' તથા 'અન્નત્થ' કહી એક 'લોગસ્સ' અથવા ચાર 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી પારીને

૧૨. 'પુક્ખરવરદી૦' સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ તથા 'અન્નત્થ' કહી, એક 'લોગસ્સ' અથવા ચાર 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને

૧૩. 'સિદ્ધાણં બુદ્ધાણં' કહી, 'સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થં' કહી એક 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને 'નમોઽર્હત્૦' કહી પુરુષે 'સુઅદેવયા'ની અને સ્ત્રીએ 'કમલદલ'ની થોય કહેવી. 'ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ' કહી, એક 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને 'નમોઽર્હત્' કહી, પુરુષે 'જિસે ખિત્તે સાહૂ'ની થોય કહેવી. અને સ્ત્રીએ 'યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય'ની થોય કહેવી. પછી પ્રગટ એક 'નવકાર' ગણી, બેસીને, મુહપત્તિ પડિલેહી, બે 'વાંદણાં' દેવાં. પછી

૧૪. 'સામાયિક, ચઉવ્વિસત્થો, વંદણ, પડિક્કમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી.' 'ઈચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં' 'નમોઽર્હત્૦' કહીને પુરુષ 'નમોઽસ્તુ વર્દ્ધમાનાય' અને સ્ત્રી સંસાર-દાવાની ત્રણ થોયો કહે. પછી 'નમુત્થુણં' ''નમોઽર્હત્' કહી સ્તવન કહેવું પછી 'વરકનક' કહી, ચાર ખમાસમણ પૂર્વક 'ભગવાન્હં' આદિ વાંદવા. પછી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપી 'અડ્ઢાઈજ્જેસુ૦' સૂત્ર કહેવું.

૧૫. 'ઈચ્છા૦ દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ?' 'ઈચ્છં' 'દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં' 'અન્નત્થ૦' કહી ચાર 'લોગસ્સ'નો અથવા સોળ 'નવકારનો'

કાઉસ્સગ્ગ કરી, પારીને 'લોગસ્સ' કહેવો. પછી 'ખમાસમણ' દઈ. 'ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહુ ? ઇચ્છં' કહી, ખમાસમણ દઈ 'ઇચ્છા૦' સજ્ઝાય કરું ? 'ઇચ્છં' કહીને એક નવકાર ગણી સજ્ઝાય કહેવી. પછી એક 'નવકાર' ગણવો.

૧૬. 'ઇચ્છાકારેણ૦ દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં કાઉસ્સગ્ગ કરું?' *'ઇચ્છં' 'દુક્ખક્ખય-કમ્મક્ખય-નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં' 'અન્નત્થં' કહી સંપૂર્ણ ચાર 'લોગસ્સ'નો અથવા* સોળ 'નવકાર'નો કાઉસ્સગ્ગ કરી, પારીને 'નમોઽર્હત્' 'લઘુશાંતિ' કહી, પ્રગટ 'લોગસ્સ' કહેવો. પછી 'અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડં' કહેવું.

૧૭. 'ખમા૦' દઈ 'ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦' કહી એક 'લોગસ્સ' અથવા ચાર 'નવકાર'નો કાઉસ્સગ્ગ કરી, પારીને 'લોગસ્સ' કહી, 'ચઉક્કસાય' 'નમુત્થુણં' 'જાવંતિ' 'ખમા૦' 'જાવંત૦' 'નમોઽર્હત્' 'ઉવસગ્ગહરં' 'જય વીયરાય' કહી, એક ખમાસમણ દઈ, મુહપત્તિ પડિલેહવાનો આદેશ માંગી, મુહપત્તિ પડિલેહી, સામાયિક પારવાના વિધિ પ્રમાણે સામાયિક પારવું.

## રાઈઅ પ્રતિક્રમણ વિધિ

૧. સામાયિક લઈને પછી 'ઇચ્છા૦ કુસુમિણ-દુસુમિણ-ઓહડ્ડાવણી રાઇઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસ્સગ્ગ કરું ?' 'ઇચ્છં' 'કુસુમિણ દુસુમિણ' ઓહડ્ડાવણી રાઇઅ પાયચ્છિત્ત વિસોહણત્થં કરેમિ કાઉસ્સગ્ગં' 'અન્નત્થ૦' કહી ચાર 'લોગસ્સ' (સાગરવર ગંભીરા સુધી) કે સોળ 'નવકાર'નો કાઉસ્સગ્ગ કરી, પારીને 'લોગસ્સ' કહેવો.

૨. 'ખમાસમણ' દઈ 'જગચિંતામણિ' ના ચૈત્યવંદનથી માંડી 'જયવીયરાય' (પૂરા) સુધી કહીને ચાર 'ખમાસમણાં' દઈ 'ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં' કહેવું.

૩. 'ખમાસમણ' પૂર્વક 'સજ્ઝાયના બે આદેશ માંગી, એક 'નવકાર' ગણીને ભરહેસરની સજ્ઝાય કહી. એક નવકાર ગણવો.

૪. ઇચ્છકાર સુહરાઇ૦ કહેવું. પછી 'ઇચ્છા૦ રાઇઅપડિક્કમણે ઠાઉ ?' 'ઇચ્છં' કહી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપીને 'સવ્વસ્સ વિરાઇઅ' કહેવું.

૫. 'નમુત્થુણં' 'કરેમિ ભંતે' 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં' 'તસ્સ ઉત્તરી૦' 'અન્નત્થ૦' કહી એક 'લોગસ્સ' અથવા ચાર 'નવકારનો' કાઉસ્સગ્ગ કરવો. કાઉસ્સગ્ગ પારીને.

૬. લોગસ્સ 'સવ્વલોએ અરિહંત૦' તથા 'અન્નત્થ' કહી એક 'લોગસ્સ' અથવા ચાર 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી પારીને 'પુક્ખરવરદી૦' 'સુઅસ્સભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦' તથા 'અન્નત્થ' કહી 'પંચાચારની' આઠ ગાથા અથવા આઠ 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને 'સિદ્ધાણં બુદ્ધાણં' કહીને, મુહપત્તિ પડિલેહી, બે 'વાંદણાં' દેવા.

૭. અહીંથી 'અબ્ભુટ્ઠિઓ' ખામીને 'વાંદણાં' સુધી બધું 'દેવસિઅ' પ્રતિક્રમણની રીતે કહેવું; પણ જે ઠેકાણે 'દેવસિઅં' આવે તે ઠેકાણે 'રાઇઅં' કહેવું.

૮. 'આયરિય ઉવજ્ઝાએ' 'કરેમિ ભંતે' 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં૦' 'તસ્સ ઉત્તરી' 'અન્નત્થ' કહી 'તપચિંતવણિ'નો અથવા સોળ 'નવકાર'નો કાઉસ્સગ્ગ કરવો.

૯. પ્રગટ 'લોગસ્સ' કહી મુહપત્તિ પડિલેહીને બે 'વાંદણાં' દેવાં પછી તીર્થવંદના કરવા 'સકલતીર્થ' કહેવું. પછી યથાશક્તિ પચ્ચક્ખાણ કરીને 'સામાયિક, ચઉવ્વિસત્થો, વંદણ, પડિક્કમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ કર્યું છે જી' એમ કહી, પચ્ચક્ખાણ કર્યું હોય તો 'કર્યું

છે જી' કહેવું અને ધાર્યું હોય તો 'ધાર્યું છે જી !' કહેવું. પછી 'ઇચ્છામો અણુસટ્ઠિં નમો ખમાસમણાણં' 'નમોઽર્હત્‌૦' કહી,

૧૦. 'વિશાલલોચન' 'નમુત્થુણં' 'અરિહંત ચેઇઆણં૦' તથા 'અન્નત્થ' કહી એક 'નવકારનો' કાઉસ્સગ્ગ કરી, પારીને 'નમોઽર્હત્‌૦' કહી 'કલ્લાણકંદં'ની પ્રથમ થોય કહેવી.

૧૧. દેવસિઅ વિધિની જેમ 'લોગસ્સ' 'પુક્ખરવરદી' 'સિદ્ધાણં બુદ્ધાણં' કહી અનુક્રમે 'કલ્લાણકંદં'ની બીજી, ત્રીજી તથા ચોથી થોય કહેવી.

૧૨. 'નમુત્થુણં' કહી 'ભગવાન્‌હં' આદિ ચારને ચાર 'ખમાસમણ' દઈને વાંદવાં. પછી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપી 'અડ્ઢાઈજ્જેસુ' કહેવું.

૧૩. પછી શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન કરવું. તેમાં પ્રથમ શ્રી સીમંધરસ્વામીના દુહા બોલવા. દરેક દુહા પછી ખમાસમણ આપવું. પછી નીચે બેસી ઇચ્છા૦ શ્રી સીમંધરસ્વામી આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી, શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન કરવું. પછી જંકિંચિથી માંડી થોય સુધી બધું દહેરાસરના ચૈત્યવંદનની વિધિ પ્રમાણે કરવું. પણ સ્તવન અને થોય શ્રી સીમંધરસ્વામીનાં કહેવાં.

૧૪. શ્રી સીમંધરસ્વામીના ચૈત્યવંદનની જેમ શ્રીસિદ્ધાચલજીનું ચૈત્યવંદન કરવું. દુહા, સ્તવન અને થોય શ્રીસિદ્ધાચલજીનાં કહેવાં.

૧૫. સામાયિક પારવાના વિધિ પ્રમાણે સામાયિક કરવું.

## પૌષધ પારવાનું સૂત્ર

સાગર ચંદો કામો, ચંદવડિંસો સુદંસણો ધન્નો;<br>
જેસિં પોસહ-પડિમા, અખંડિઆ જીવિઅંતે વિ... ૧

ધન્ના સલાહણિજ્જા, સુલસા આણંદ - કામદેવાય;
જાસ પસંસઈ ભયવં, દઢ-વ્વયત્તં મહાવીરો... ૨

પોસહ વિધિએ લીધો, વિધિએ પાર્યો, વિધિ કરતા જે કોઈ અવિધિ થઈ હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

## જનરલ જ્ઞાન

મુહપત્તિ પડિલેહણ કરવાના પચાસ બોલ.

સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદહું – ૧

સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું – ૩

કામરાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરું – ૩

સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરું – ૩

કુદેવ, કુગુરુ - કુધર્મ પરિહરું – ૩

જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું – ૩

જ્ઞાનવિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું – ૩

મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું – ૩

મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું – ૩

હાસ્ય, રતિ, અરતિ પરિહરું – ૩

ભય, શોક, દુગંછા પરિહરું – ૩

• કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું – ૩

રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું – ૩

• માયા શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું – ૩

• ક્રોધ, માન પરિહરું – ૨

• માયા, લોભ પરિહરું – ૨

પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની રક્ષા કરું – ૩

વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાયની જયણા કરું – ૩

(•) નિશાની કરેલા બોલ બહેનોએ બોલવા નહિ.

ચૈત્યવંદનની વિધિમાં આવતા તમામ સૂત્રોના અર્થ.

## જૈન ધર્મની દ્રષ્ટિએ આંકડાકીય જ્ઞાન

૧૧ શ્રાવકની પડિમા :- દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ, બ્રહ્મચર્ય, સચિત્તપરિહાર, આરંભપરિહાર, પેષણ, ઉદ્દિષ્ટપરિહાર, શ્રમણભૂત.

૧૨ ભાવના :- અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, ધર્મ, લોકસ્વરૂપ, બોધિદુર્લભ ભાવના.

૧૩ કાઠિયા :- આળસ, મોહ, અવિનય, અભિમાન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વિકથા, કૌતુક, વિષય.

૧૪ ગુણસ્થાનક :- મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્ત સંયત, અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર સંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીકેવલી, અયોગી કેવલી.

સિદ્ધના ૧૫ ભેદ :- જિન, અજિન, તીર્થ, અતીર્થ, ગૃહલિંગ, અન્યલિંગ, સ્વલિંગ, સ્ત્રીલિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ, પ્રત્યેક, સ્વયંબુદ્ધ, બુદ્ધ બોધિત, એક, અનેક.

# કાવ્યવિભાગ

## નેમિનાથ ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય.

### સ્તુતિ

યદુવંશસમુદ્રેન્દુ; કર્મકક્ષહુતાશન;
અરિષ્ટનેમિર્ભગવાન્, ભૂયાદ્વોરિષ્ટનાશન.

### ચૈત્યવંદન

નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય... ૧

દશ ધનુષ્યની દેહડી, આયુ વર્ષ હજાર;
શંખલંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર... ૨

શૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ... ૩

### સ્તવન

નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ, ભગવંતાજી,
બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અરિ૦ અનુક્રમે થયા વીતરાગ... ભ.. ૧

ચામર ચક્ર સિંહાસન, અરિ૦ પાદપીઠ સંયુત; ભગ૦
છત્ર ચાલે આકાશમાં અરિ૦ દેવદુંદુભિ વર ઉત્ત. ભગ... ૨

સહસજોયણ ધ્વજ સોહતો, અરિ૦ પ્રભુ આગળ ચાલંત; ભગ૦
કનકકમળ નવઉપરે, અરિ૦ વિચરે પાય ઠવંત. ભગ... ૩

ચાર મુખે દીએ દેશના, અરિ૦ ત્રણ ગઢ ઝાકઝમાલ; ભગ૦
કેશ-રોમ-શ્મશ્રુ નખા, અરિ૦ વાધે નહિ કોઈ કાલ. ભગ... ૪

કાંટા પણ ઉંધા હોવે, અરિ૦ પંચ વિષય અનુકૂળ; ભગ૦
ષટ્ઋતુ સમકાળે ફળે, અરિ૦ વાયુ નહિ પ્રતિકૂળ. ભગ... ૫

પાણી સુગંધ સુર કુસુમની, અરિ૦ વૃષ્ટિ હોયે સુરસાલ; ભગ૦
પંખી દીએ સુપ્રદક્ષિણા, અરિ૦ વૃક્ષ નમે અસરાલ. ભગ... ૬

જિન ઉત્તમ પદ પદ્મની, અરિ૦ સેવા કરે સુરકોડિ; ભગ૦
ચાર નિકાયના જઘન્યથી, અરિ૦ ચૈત્ય વૃક્ષ તેમ જોડિ. ભગ... ૭

## થોય

રાજુલવર નારી, રૂપથી રતિહારી,
તેહના પરિહારી, બાળથી બ્રહ્મચારી;
પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી,
કેવળસિરી સારી, પામિયાતિઘાતિ વારી. ૧

ત્રણ જ્ઞાન સંયુતા, માતની કુખે હુંતા,
જનમે પુરહુંતા, આવી સેવા કરંતા,
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા,
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે,
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણગાવે,
તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે. ૩

શાસનસુરી સારી, અંબિકા નામ ધારી,
જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી,
પ્રભુ સેવાકારી, જાપ જપીયે સવારી,
સંઘદુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

## માયાની સજ્ઝાય

સમકિતનું મૂળ જાણીએજી, સત્યવચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વ રે,
પ્રાણી ! મ કરીશ માયા લગાર... ૧

મુખ મીઠો જૂઠો મને જી, કૂડ કપટનો રે કોડ;
જીભે તો જીજી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે... ૨

આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ;
મન શું રાખે આંતરોજી, એ માયાનો પાસ રે... ૩

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકૂળ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે... ૪

તપ કીધો માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજો જી, તે પામ્યા સ્ત્રીવેદ રે... ૫

ઉદયરત્ન કહે સાંભળોજી, મૂકો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે... ૬

## ભગવાન - દેરાસર સંબંધી પ્રશ્નોત્તરી

**પ્ર.** : આપણે કોના ઉપાસક છીએ ?

**ઉ.** : જિનેશ્વર, ભગવાનના ઉપાસક છીએ.

**પ્ર.** : જિન એટલે શું ?

**ઉ.** : જેણે રાગ અને દ્વેષને જીત્યા છે તે જિન.

**પ્ર.** : જિનેશ્વરના બીજા નામ કયા ?

**ઉ.** : અર્હત્, અરિહંત, તીર્થંકર, વીતરાગ, પરમાત્મા, દેવાધિદેવ

**પ્ર.** : અર્હત્ એટલે શું ?

ઉ. : અર્હત્ એટલે પૂજા કરવા યોગ્ય જે દેવ-દાનવ અને માનવોની પૂજાને યોગ્ય તે અર્હત્.

**પ્ર.** અરિહંત એટલે શું ?

ઉ. : અરિ = શત્રુ, હંત = નાશ. જેણે આંતર શત્રુઓનો નાશ કરેલ છે તે અરિહંત.

**પ્ર.** : તીર્થંકર કોને કહેવાય ?

ઉ. : તીર્થંકર એટલે તીર્થની સ્થાપના કરવાવાળા.

**પ્ર.** : દૂરથી દેરાસરની ધજા દેખાય ત્યારે શું બોલવું ?

ઉ. : બે હાથ જોડી માથું નમાવી નમોજિણાણં બોલવું.

**પ્ર.** : નિસિહી એટલે શું ? તે કેટલી છે ? તે ક્યારે ક્યારે બોલાય ?

ઉ. : નિસિહી એટલે સાવદ્ય ક્રિયાનો ત્યાગ. તે ત્રણ છે.

૧. દેરાસરના મુખ્ય દ્વારમાં પેસતાં -

(આ નિસિહીથી ઘરના તમામ કામકાજનો ત્યાગ થાય છે)

૨. દેરાસરના મુખ્ય ગભારા આગળ -

(આ નિસિહીથી દેરાસર સંબંધી કામકાજનો ત્યાગ થાય છે)

૩. ચૈત્યવંદન કરતાં પહેલાં -

(આ નિસિહીથી દ્રવ્ય પૂજાનો ત્યાગ થાય છે)

**પ્ર.** આરતી અને મંગળ દીવો શા માટે ઉતારવો ?

ઉ. આરતી ઉતારવાથી શરીરની તથા મનની પીડા દૂર થાય છે. અને મનને શાંતિ મળે છે. મંગળ દીવો ઉતારવાથી આપણું અને સકલ વિશ્વનું મંગળ થાય છે, અને સુખ ઉપજે છે.

**પ્ર.** શ્રી જિનપૂજા પ્રભુના કયા કયા નવ અંગે કરાય છે.

**ઉ.** ૧ જમણા અને ડાબા પગના અંગૂઠે.

૨. જમણા અને ડાબા ઢીંચણે

૩. જમણા અને ડાબા કાંડે.

૪. જમણા અને ડાબા ખભે.

૫. મસ્તકે (શિખાએ)

૬. કપાળે

૭. કંઠે

૮. હૃદયે

૯. નાભિએ

**પ્ર.** પ્રભુને નવ અંગે પૂજા કરવાનું કારણ શું ?

**ઉ.** પ્રભુ નવતત્ત્વના ઉપદેશક છે. એ નવ તત્ત્વોમાં વિશ્વના સર્વ તત્વોનો સમાવેશ થાય છે. માટે નવ અંગે પૂજા કરવી.

**પ્ર.** પ્રભુનાદર્શન કેવી રીતે કરવા જોઈએ ?

**ઉ.** સંસારના વિચારોનો ત્યાગ કરીને, બે હાથ જોડીને, મસ્તક નમાવી, પ્રભુની સમક્ષ દૃષ્ટિ રાખીને, પ્રભુના ગુણો યાદ કરવા પૂર્વક દર્શન કરવા.

**પ્ર.** મસ્તક ઉપર તિલક શા માટે કરવાનું ?

**ઉ.** : પ્રભુની આજ્ઞા મસ્તક પર ચડાવું છું એ ભાવનાથી ભાઈઓએ બદામ આકાર અને બહેનોએ ગોળ ચાંદલો કરવો.

**પ્ર.** : ભગવાનની ત્રિકાળપૂજા કઈ રીતે કરાય ?

**ઉ.** : ત્રણ વાર દેરાસર જવાય તે ત્રિકાળપૂજા.

સવારે ધૂપ-દીપ અને પ્રભુના દર્શન કરવાના તે સવારની પૂજા.

બપોરે અષ્ટપ્રકારી પૂજા

સાંજે આરતી - મંગળદીવો

**પ્ર.** : દેરાસરમાં ઘંટ શા માટે વગાડવાનો ?

**ઉ.** : ભગવાનના દર્શન-પૂજા કરતા ખૂબ આનંદ થયો એ ભાવ પ્રગટ કરવા ઘંટ વગાડવાનો છે.

**પ્ર.** : પ્રદક્ષિણા કેટલી અપાય ? શા માટે ?

**ઉ.** : ત્રણ પ્રદક્ષિણા, દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રણ રત્નની પ્રાપ્તિ અને ભવભ્રમણથી અટકવા માટે. અને પરમાત્મા સાથે સંબંધ બાંધવા માટે.

## મારો ધર્મ

વહેલી સવારે જાગીને નવકારમંત્ર ગણવા.

માતા-પિતાને હાથ જોડીને નમસ્કાર કરવા.

સવારે દેરાસર જઈને પરમાત્માના દર્શન કરવા.

નવકારશીનું પચ્ચક્ખાણ કરવું.

ભગવાનની પૂજા કરવી.

જમ્યા પછી થાળી-વાટકી ધોઈને પીવી.

સર્વ પ્રકારના વ્યસનનો ત્યાગ કરવો.

રાત્રિભોજનનો ત્યાગ કરવો.

કાંદા-બટાકા, અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરવો.

વાસી રોટલી વિ. રાખવા નહીં તેમજ ખાવા પણ નહીં.

દિવસ દરમ્યાન એક સામાયિક કરવી.

સાંજનું પ્રતિક્રમણ કરવું.

કોઈ જીવને મારવો નહીં.

ગુરુ મહારાજ તથા માતા-પિતાનો વિનય કરવો.

રાત્રે સૂતા પહેલા નવકાર ગણવા.

આવો ધર્મ પાળવા વાળા જીવને સદ્‌ગતિની પ્રાપ્તિ થાય છે.

## આ પુણ્યથી મળે છે

ઉત્તમ કુળમાં જન્મ પુણ્યથી મળે છે.

ઉત્તમ માતા-પિતા પુણ્યથી મળે છે.

સારો પરિવાર પુણ્યથી મળે છે.

માનવનો દેહ પુણ્યથી મળે છે.

પાંચેય ઈન્દ્રિય પુણ્યથી મળે છે.

ઉત્તમ દેવ પુણ્યથી મળે છે.

ઉત્તમ ગુરુ પુણ્યથી મળે છે.

ઉત્તમ ધર્મ પુણ્યથી મળે છે.

પવિત્ર બુદ્ધિ પુણ્યથી મળે છે.

ધન પુણ્યથી મળે છે.

સારું ખાવા-પીવાનું પુણ્યથી મળે છે.

સારા કપડા, ઘરેણાં પુણ્યથી મળે છે.

મનગમતી વસ્તુની પ્રાપ્તિ પુણ્યથી મળે છ.

સારા મિત્રો પુણ્યથી મળે છે.

સારા પડોશી પુણ્યથી મળે છે.

નિરોગી શરીર પુણ્યથી મળે છે.

દીર્ઘ આયુષ્ય પુણ્યથી મળે છે.

## જિનમંદિર (દેરાસર) વિધિ

આપણા વીતરાગ ભગવંતની દિવ્ય અને ભવ્ય પ્રતિમાઓ જેમાં હોય તેને જિનમંદિર કહેવાય. દેરાસર અને જિનાલય પણ કહેવાય. ભગવાનની પ્રતિમા ભગવાનના સ્વરૂપની આપણને ઝાંખી કરાવે છે. દરેક જૈને દેરાસર રોજ ત્રણે ટાઈમ જવું જોઈએ.

જિનમંદિર જવાનો ભાવ જાગતા (ઈચ્છા થતાં) એક ઉપવાસ જેટલો લાભ મળે છે. માટે ખૂબ ભાવોલ્લાસથી દેરાસરે જવું. ચાલતા કીડી વગેરે જીવ ન મરે, માટે નીચે જોઇને ચાલવું. જિનાલયના શિખરનાં દર્શન થતાં જ બે હાથ જોડી, સહેજ માથું નમાવીને 'નમો જિણાણં' કહેવું. વળી ક્યારેક દેરાસર પાસેથી નીકળીએ ત્યારે એ જ રીતે 'નમો જિણાણં' કહેવું.

જિનમંદિરમાં પ્રવેશ કરતા સંસારના કાર્યો અને તેની વિચારણાનો ત્યાગ કરવા માટે 'નિસીહી' કહેવું. પછી પ્રભુને ફરતે પ્રભુની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા (પ્રભુજીને વચ્ચે રાખી ગોળાકારે સ્તુતિ બોલતાં ફરવું તે) દેવી. એથી સંસારમાં ભમવાનું મટે.

પછી પ્રભુજીની સામે અર્ધા નમી 'નમો જિણાણં' કહેતાં, ભગવાનનું મુખ જોતાં જોતાં નમસ્કાર કરવા, પછી ગદ્ ગદ્ સ્વરે સારી પ્રભુની સ્તુતિ બોલવી અને ભાવના ભાવવી કે : 'અહો ! કલ્પવૃક્ષને ય ટપી જાય એવું સંસારના દુઃખોનો નાશ કરનારૂં સુંદર પ્રભુદર્શન-વંદન કરવાનું સદ્ભાગ્ય મને મળ્યું છે.'

પછી ધૂપ-દીપ સાથિયો કરી ચૈત્યવંદન કરવું.

ન્હાઈને, પૂજાના કપડા પહેરીને ગયા હોઈએ ત્યારે સ્તુતિ કર્યા પછી ખેસના છેડાથી મુખકોશ બાંધી કેસર ઘસી લેવું. તિલક (ભાઈઓને બદામ આકારનો ચાંલ્લો, બહેનોને ગોળ ચાંલ્લો) કરી (પ્રભુપૂજા સિવાયના કાર્યોનો ત્યાગ કરવા રૂપ) બીજી નિસીહિ કહી ગભારામાં પ્રવેશવું.

પ્રભુપ્રતિમા પર મોરના પીંછાઓથી બનેલ કોમળ મોરપીંછી ફેરવવી જેથી જીવજંતુ દૂર થાય. પછી મોટુ કપડું (કેસરપોથો-કેસર લૂછવા માટેનું) પાણીમાં પલાળી પ્રતિમા પરથી વાસી કેસર ઉતારી લેવું. ખૂણામાંથી કેસર ન નીકળે તો ધીમેથી વાળાકૂંચીથી સાફ કરવું. પછી કળશને બે હાથે પકડી મસ્તકેથી પ્રક્ષાલ (અભિષેક) કરવો. પછી (મુલાયમ-વસ્ત્રોના બનેલ) ત્રણ અંગલુછણાથી પ્રભુપ્રતિમાને સ્વચ્છ-કોરી કરવી.

પછી પ્રભુજીને ચંદન-બરાસનું વિલેપન કરવું, કેસર-સુખડથી નવ અંગે તિલકો કરવા, વરખ હોય તો છાપવા, બાદલુ, રેશમ, પુષ્પ, સોના-ચાંદી-હીરા આદિના અલંકાર આદિથી અંગરચના (પ્રભુજીની શોભા) કરાય, ફુલ ચડાવવા, ધૂપ-દીપક કરવા, ચામર, પંખો, દર્પણ આદિ ધરવા.

પછી ગભારાની બહાર આવી, પ્રભુજીની સામે રહી, તેમનો જન્માભિષેક ઉત્સવ, રાજ્યાદિમાં પણ વૈરાગ્યમય અવસ્થા, દીક્ષાજીવન, તપસ્યા, તીર્થંકર અવસ્થા વગેરે ભાવના ભાવવી.

પછી ચોખાથી સાથિયો કરી, ફળ-નૈવેદ્ય આદિ અર્પણ કરી ભાવપૂજા સિવાયના કાર્યોના ત્યાગરૂપ ત્રીજી નિસીહિ કહી ચૈત્યવંદન કરવું. ઘંટનાદ કરવો. પાછા પગલે પ્રભુજીને પૂંઠ પાડ્યા વિના બહાર નીકળવું.

ભારતમાં ઉત્તર પ્રદેશમાં યમુના નદીને કિનારે આવેલ મથુરા તથા શૌરીપુરીમાં યાદવ વંશના રાજા સમુદ્રવિજય રાજ્ય કરતા હતા. તેમને શિવાદેવી નામે રાણી તથા નેમકુમાર નામે રાજકુમાર હતા. તે નેમકુમાર જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે માતાએ અરિષ્ટ નામના કાળા હીરાના ચક્રની નેમિ અર્થાત્ કિનારી જોઈ હતી તેથી તેમને અરિષ્ટનેમિ પણ કહે છે.

મથુરાના રાજા વાસુદેવ સમુદ્રવિજયના નાના ભાઈ હતા. તેમને રોહિણી અને દેવકી નામે બે રાણી હતી. રોહિણીએ બલરામને તથા દેવકીએ શ્રી કૃષ્ણને જન્મ આપ્યો હતો. જૈન પરંપરા પ્રમાણે બલરામ અને શ્રીકૃષ્ણ નવમા બલદેવ અને વાસુદેવ ગણાય છે. જ્યારે હિન્દુ પરંપરા પ્રમાણે શ્રીકૃષ્ણને ભગવાન વિષ્ણુના અવતાર મનાય છે.

આ સમયમાં શિકાર અને જુગારને બહુ પ્રિય પ્રવૃત્તિઓ ગણવામાં આવતી. ધર્મના નામે પશુનો બલિ અપાતો હતો અને લોકો માંસાહાર પણ કરતા. આખું મધ્યભારત એકબીજા સાથેના અનેક કાવાદાવાથી ભરેલા રાજ્યોમાં વહેંચાયેલું હતું. તેમાં રાજા કંસ અને મગધનો રાજા જરાસંઘ ખૂબ જ દુષ્ટ અને ઘાતકી સ્વભાવના હતા. જૈન પરંપરા પ્રમાણે જરાસંઘ પ્રતિવાસુદેવ તરીકે ઓળખાય છે. રોજેરોજના આ રાજાઓના ત્રાસથી પ્રજાને બચાવવા રાજા સમુદ્રવિજય, રાજા વાસુદેવ, રાજા ઉગ્રસેન તથા શ્રીકૃષ્ણ અને બલરામ ગુજરાતના પશ્ચિમ કિનારે આવી વસ્યા. શ્રીકૃષ્ણએ રૈવતક (ગિરનાર) પર્વત નજીક દરિયા કિનારે મોટી અને સુંદર દ્વારિકાનગરી વસાવી. એના મજબૂત અને ભવ્ય સ્થાપત્યને કારણે તે નગરી સ્વર્ગ સમી સુંદર લાગતી.

ગિરનારની બીજી બાજુએ આવેલ જુનાગઢમાં ઉગ્રસેન રાજા રાજ્ય કરતા હતા. તેમની પત્ની ધારિણીને રાજીમતી અથવા રાજુલ

નામે દીકરી હતી. તે સુંદર રાજકુંવરીને અનેક રાજકુંવરો પરણવા ઈચ્છતા હતા. નેમકુમારના ગુણો સાંભળીને રાજીમતી તેમની સાથે પરણવા તૈયાર થઈ ગઈ. ઉગ્રસેને કહેણ મોકલ્યું. મિત્રો તથા વડીલોએ નેમકુમારને ખૂબ સમજાવ્યા. ઘણી આનાકાની બાદ સંસારથી વિરક્ત નેમકુમાર રાજુલ સાથે પરણવા તૈયાર થયા. નેમ-રાજુલનું જોડું આદર્શ જોડું બનશે તેવું બધા માનવા લાગ્યા. ઉગ્રસેન પોતાની દીકરીને ધામધૂમથી પરણાવવા તૈયારી કરવા લાગ્યા. શ્રી નેમકુમાર, સાજન-મહાજન ઢોલ નગારા સાથે ભવ્ય જાન જોડી પરણવા નીકળ્યા. રસ્તામાં તેમણે ચિત્કાર કરતા પશુઓને પાંજરામાં જોયાં. પશુઓના રૂદનનું કારણ તેમણે સારથિને પૂછ્યું. તમારા લગ્નના જમણવારમાં આ પ્રાણીઓનું માંસ પીરસાશે એમ સારથિએ જણાવ્યું. તેમણે સારથિને બધા પાંજરા ખોલીને પશુઓને મુક્ત કરવા જણાવ્યું. આવી હિંસા કેવી રીતે રોકી શકાય તે વિચારવા લાગ્યા. શું દરેક જીવ માટે શાંતિ અને સલામતીભર્યો રસ્તો જ નહિ હોય ? જેમ જેમ તેઓ વિચારતા ગયા તેમ તેમ તેમને સહુના શ્રેય માટેના રસ્તા સમજાતા ગયા. લગ્ન કરીને સંસારમાં ઓતપ્રોત થયા પછી કદાચ તેને છોડવું અઘરું બને તેથી સત્ય અને સુખના રસ્તે પોતાને તથા અન્યને દોરી જવા માટે આ જ યોગ્ય સમય છે. અને તેમણે લગ્ન નહિ કરવાનું નક્કી કર્યું. તેમના આ નિર્ણયથી કન્યા પક્ષવાળા સહુ અચંબામાં પડી ગયા. સગાંવહાલાં અને મિત્રોએ તેમને સમજાવવા ખૂબ પ્રયત્નો કર્યા. તેમણે શાંતિથી સહુને સમજાવ્યું કે તેમનો ઉદ્દેશ જીવ માત્રને તમામ પ્રકારના દુઃખોમાંથી મુક્ત કરવાનો છે. પાંજરામાં બંધાયેલા પ્રાણીઓની જેમ આપણે પણ આપણા ગાઢ કર્મોથી બંધાયેલા છીએ. પ્રાણીઓ મુક્ત થવાથી ઘણો જ આનંદ અનુભવે છે. બંધન કરતાં મુક્તિમાં જ સુખ રહેલું

છે. કર્મના બંધનને છેદીને પરમ સુખ મેળવવા અને વિશ્વને પમાડવા માટેના માર્ગે હું જવા ઇચ્છું છું. માટે મને રોકશો નહિ અને સારથિને રથ પાછો વાળવા જણાવ્યું.

પોતાના રાજ્યમાં પાછા ફર્યા બાદ નેમકુમાર એક વર્ષ ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને મદદરૂપ થયા. એક વર્ષ સુધી વરસીદાન આપ્યું. ત્યારબાદ પોતાનો રાજમહેલ છોડીને રૈવત બાગમાં રહેવા લાગ્યા. દીક્ષા લીધી. સાધુ બનેલા નેમકુમાર ધ્યાનસ્થ અવસ્થામાં સાચા સુખનું ચિંતન કરતાં સ્થિર ઊભા રહ્યા. અજ્ઞાનને કારણે બુદ્ધિગમ્ય જ્ઞાન સત્યથી વેગળું રહે છે. પરિણામે ખોટાં પગલાં ભરાતાં ભરાતાં દુઃખ અને દર્દ જ મળે છે. તેથી તેઓ આત્મામાં ઊંડા ઊતરી ચિંતન કરવા લાગ્યા. ગિરનાર પર્વત ઉપર ૫૪ દિવસ સુધી ગહન અધ્યાત્મ ધ્યાનમાં પસાર કર્યા બાદ નેમિનાથે પોતાના આત્માના સહજ સ્વરૂપને પ્રાપ્ત કર્યું અને અનંત શક્તિઓને રુંધનારા પોતાના ઘાતિકર્મોનો સંપૂર્ણ નાશ કર્યો. અને આત્મા અંગે જે ધૂંધળું અને અસ્પષ્ટ જ્ઞાન હતું તે સત્યરૂપે પ્રાપ્ત થયું. તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું અને સર્વજ્ઞ બન્યા. ચતુર્વિધ સંઘની ધાર્મિક વ્યવસ્થાની સ્થાપના કરી. જૈનધર્મના બાવીસમા તીર્થંકર બન્યા. ત્યાર બાદ બાકીનું લાંબુ આયુષ્ય સામાન્ય જન સમુદાયને મુક્તિના માર્ગરૂપ ઉપદેશ આપવામાં વીતાવ્યું.

જ્યારે નેમિનાથે આ ભૌતિક દુનિયાને છોડી દેવાનું નક્કી કર્યું ત્યારે રાજુલની સખીઓ તેની મશ્કરીઓ કરતી હતી. અને નેમિનાથ વરરાજા રૂપે પધારે તે ઘડીઓની આતુરતાપૂર્વક રાહ જોતી હતી. અચાનક નેમકુમાર પરણવાને બદલે તોરણેથી પાછા ફર્યા છે તેવા સમાચાર મળ્યા. કોઈ નેમકુમારના આ નિર્ણયને સમજી ના શક્યા. રાજુલ ઊંડા દુઃખમાં સરી પડી. તેની સખીઓ તેને કલાકો સુધી

આશ્વાસન આપવા લાગી. કેટલીક સખીઓ નેમકુમારને શાપ આપવા લાગી. કેટલીક રાજુલને સમજાવવા લાગી કે ખરેખર નેમકુમાર તારે યોગ્ય હતા જ નહિ. એમનાથી પણ ઉત્તમ વર શોધી કાઢીશું, પણ રાજુલે નેમકુમારને મનોમન પતિ માની લીધા હતા, તેથી કોઈ નેમકુમાર વિરુદ્ધ કંઈપણ બોલે તે તેનાથી સહન થતું નથી.

રાજુલ પણ આધ્યાત્મિક સ્વભાવવાળી હતી. નેમકુમારનું પાછા ફરવાનું સાચું કારણ જાણ્યું ત્યારે દુઃખમાંથી બહાર આવી અને વિચારવા લાગી કે નેમકુમારનો ઉમદા હેતુ તેણે પણ સ્વીકારવો જોઈએ. રાજુલ પણ નેમકુમારને પગલે ધાર્મિક પ્રવૃત્તિઓમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી.

નેમનાથને કેવળજ્ઞાન થયાનું જાણીને સમવસરણમાં તે પોતાની સખીઓ સાથે ગઈ અને ત્યાં જ દીક્ષા લીધી. બાકીનું જીવન સાધ્વી બનીને ધ્યાન અને સાધનામાં પસાર કર્યું. અંતે સર્વ કર્મોનો ક્ષય થતાં ભવોભવના ફેરામાંથી મુક્તિ મેળવી.

## તીર્થંકર જીવન દર્શન

### શ્રી નેમિનાથ

| | |
|---|---|
| માતા :- શિવા | પિતાઃ- સમુદ્રવિજય |
| વંશ :- ગૌતમ | ગોત્ર :- હરિવંશ |
| વર્ણ :- શ્યામ | ઊંચાઈ :- ૧૦ ધનુષ્ય |
| લાંછન :- શંખ | ભવ :- ૯ |
| ગર્ભકાળ :- ૯ મહિના ને ૮ દિવસ | કુમારકાળઃ- ૩૦૦ વર્ષ |
| રાજ્યકાળ :- — | ગૃહસ્થકાળ :- ૩૦૦ વર્ષ |
| છદ્મસ્થકાળ :- ૫૪ દિવસ | સંયતકાળ :- ૭૦૦ વર્ષ |
| જીવનકાળ :- ૧ હજાર વર્ષ | શાસનકાળ :- ૮૩,૭૫૦ વર્ષ |

| | |
|---|---|
| પુત્ર/પુત્રી :- - | ગણધર :- ૧૧ |
| સાધુ :- ૧૮,૦૦૦ | સાધ્વી :- ૪૦,૦૦૦ |
| શ્રાવક :- ૧,૬૯,૦૦૦ | શ્રાવિકા :- ૩,૩૬,૦૦૦ |
| યક્ષ :- ગોમેધ | યક્ષિણી :- અંબિકા |
| ચ્યવનકલ્યાણક :- આસો વદ ૧૨ | ચ્યવનનક્ષત્ર :- ચિત્રા |
| જન્મકલ્યાણક :- શ્રાવણ સુદ ૫ | જન્મનક્ષત્ર :- ચિત્રા |
| જન્મરાશિ :- કન્યા | જન્મભૂમિ :- શૌરીપુર |
| દીક્ષાકલ્યાણક :- શ્રાવણ સુદ ૬ | દીક્ષાનક્ષત્ર :- ચિત્રા |
| દીક્ષાતપ:- ૨ ઉપવાસ | દીક્ષાશિબિકા :- ઉત્તરકુરા |
| દીક્ષાવૃક્ષ:- અશોક | દીક્ષાભૂમિ :- દ્વારિકા |
| પારણાનું સ્થળ :- દ્વારિકા | પ્રથમ પારણું :- ક્ષીર |
| સહદીક્ષિતો :- ૧૦૦૦ | કેવલજ્ઞાનકલ્યાણક:-ભાદરવા વદ-૦)) |
| કેવળજ્ઞાનનક્ષત્ર :- ચિત્રા | કેવલજ્ઞાનતપ :- ૩ ઉપવાસ |
| કેવળજ્ઞાનવૃક્ષ:- વેતસ | કેવલજ્ઞાનભૂમિ :- ગિરનાર |
| નિર્વાણકલ્યાણક :- અષાઢ સુદ ૮ | નિર્વાણનક્ષત્ર :- ચિત્રા |
| નિર્વાણતપ :- ૩૦ ઉપવાસ | નિર્વાણભૂમિ :- ગિરનાર |

●

## સ્વાધ્યાય

૧. નેમિનાથ ભગવાનના માતા-પિતા અને રાજીમતીના પિતાનું નામ બતાવો.

૨. કૃષ્ણ વાસુદેવની આયુધશાલામાં જઈને નેમિનાથ ભગવાને શું કર્યું ?

૩. નેમિનાથ ભગવાનની વિવાહની બારાત પાછી કેમ કાઢી એનું વર્ણન કરો.

૪ કુંવારા પાછા આવીને નેમિનાથ ભગવાને શું કર્યું ? રાજીમતિનું શું થયું ?

૫. નેમિનાથ ભગવાન ક્યાંથી મોક્ષે ગયા ? એમની સાથે કેટલા સાધુ મોક્ષમાં ગયા ?

૬. નેમિનાથ ભગવાનના પરિવારના સાધુ-સાધ્વીની સંખ્યા કેટલી હતી ?

•

## આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ

સિદ્ધસેન બ્રાહ્મણ હતા. તેઓ વેદ-વેદાંતના જાણકાર હતા. તેમને પોતાના જ્ઞાન માટે ખૂબ અભિમાન હતું. તેઓ કહેતા, શાસ્ત્રાર્થમાં કોઇ મને હરાવે તો તેનો શિષ્ય થઈ જાઉં.

એક વખતે સિદ્ધસેને વૃદ્ધવાદીસૂરિજીની નામના સાંભળી. સિદ્ધસેને તેમની સાથે શાસ્ત્રાર્થ કરવાનું નક્કી કર્યું અને તેમના મળવા ગયા. રસ્તામાં બંન્ને મળ્યા. સિદ્ધસેને શાસ્ત્રાર્થ કરવા જણાવ્યું. વૃદ્ધિવાદીસૂરિજી વિદ્વાનોની સભામા શાસ્ત્રાર્થ કરવા ઈચ્છતા હતા. પરંતુ સિદ્ધસેન અહીં માર્ગમાં જ શાસ્ત્રાર્થ કરવા ઈચ્છતા હતા. માર્ગમાં ગોવાળિયાઓ સિવાય કોઈ નહોતું. તેથી તેઓને મધ્યસ્થી (જજ) બનાવ્યા. સિદ્ધસેન સંસ્કૃત ભાષામાં બોલતા ગયા. ત્યારબાદ વૃદ્ધવાદી ઉભા થયા અને ગોવાળોની ભાષામાં સમજાવ્યું કે સ્વર્ગની પ્રાપ્તિ કરવી હોય તો શું કરવું. ગોવાળિયા ખુશ થઈ ગયા. અને કહ્યું કે વૃદ્ધવાદી સર્વજ્ઞ છે. સિદ્ધસેન, તેમની પ્રતિજ્ઞા પ્રમાણે વૃદ્ધવાદિસૂરિજીના શિષ્ય થયા. તેમનું દીક્ષા નામ કુમુદચંદ્ર રાખવામાં આવ્યું.

મુનિ કુમુદચંદ્રે જિનઆગમનો અભ્યાસ કર્યો. વૃદ્ધવાદિસૂરિએ તેમને આચાર્ય પદવી આપી. તેમનું નામ સિદ્ધસેનસૂરિ પાડ્યું. ત્યારબાદ ગુરુની આજ્ઞાથી તેઓ સ્વતંત્ર વિહાર કરવા લાગ્યા.

એક વખત સિદ્ધસેનસૂરિ ચિત્રકૂટ (ચિત્તોડગઢ) પધાર્યા. ત્યાં તેમણે એક થાંભલો જોયો. ઔષધિનો ઉપયોગ કરી તેમાં એક કાણું પાડ્યું. છિદ્રમાંથી એક પુસ્તક મળ્યું. આ પુસ્તકમાંથી "સર્ષપમંત્ર" (સૈન્ય સર્જન વિદ્યા) અને "સુવર્ણ સિદ્ધિયોગ" નામની બે વિદ્યાઓ પ્રાપ્ત થઈ.

ત્યારબાદ આચાર્યશ્રી દેવપાલ રાજાના નગરમાં પધાર્યા. રાજા તેમના પરમભક્ત બની ગયા. એક વખત દુશ્મન રાજાએ દેવપાલ રાજા ઉપર ચઢાઈ કરી. આચાર્ય સિદ્ધસેન સર્ષપમંત્રના પ્રયોગથી સૈન્ય ઉત્પન્ન કર્યું અને સુવર્ણસિદ્ધિયોગથી ધન ઉત્પન્ન કર્યું. લડાઈમાં દેવપાલ રાજાની જીત થઈ. તેમણે આચાર્યશ્રીને "દિવાકર"નું બિરુદ આપ્યું. ત્યારથી તેઓ સિદ્ધસેનદિવાકરસૂરિ કહેવાયા.

દેવપાલ રાજા સિદ્ધસેન દિવાકરને આગ્રહ કરીને હાથી પર કે પાલખીમાં બેસાડતા. આ વાતની આચાર્ય વૃદ્ધિવાદીસૂરિજીને જાણ થઈ. તેઓએ વિચાર્યું કે સાધુ હાથી અથવા પાલખીનો ઉપયોગ કરે તો તેમના આચાર પાળી શકાય નહીં. તેથી વેશ પરિવર્તન કરી દેવપાલ રાજાના નગરમાં આવ્યા. સિદ્ધસેન આચાર્ય જે પાલખીમાં બેઠા હતા તે પાલખી ઉપાડી. પરંતુ પાલખી ઊંચી નીચી થતી હતી. તેથી સિદ્ધસેન આચાર્ય સંસ્કૃતમાં બોલ્યા, "હે વૃદ્ધ, શું તમારો ખભો દુઃખે છે ?" "પરંતુ તેઓ "બાધતે"ના બદલે "બાધતી" બોલ્યા, આચાર્યવાદીએ ભૂલ સુધારી. સિદ્ધસેનસૂરિજીને થયું કે મારા ગુરુ સિવાય બીજું કોઈ ભુલ સુધારે નહીં. પાલખીમાંથી નીચે ઉતાર્યા તો પોતાના ગુરુને જોયા. તેઓ ગુરુના ચરણે પડી ગયા. આચાર્ય વૃદ્ધવાદીએ તેમને પ્રાયશ્ચિત આપ્યું.

એક વખત સિદ્ધસેન દિવાકરે જૈન ધર્મના પ્રાકૃત ભાષામાં લખાયેલા સૂત્રોને સંસ્કૃત ભાષામાં રૂપાંતર કરવાનો નિર્ણય કર્યો.

તેમણે ગુરુની રજા માંગી. તેમણે ના પાડી, છતાં સિદ્ધસેનસૂરિએ "નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ"ની રચના કરી. સંઘે તેમને બાર વર્ષ સુધી ગણના સમુદાયની બહાર રહેવાનો દંડ કર્યો. તેમ છતાં જો તેઓ કોઈ રાજાને બોધ આપી જૈન ધર્મી બનાવે તો વહેલા ગણમાં લેવાનું નક્કી કર્યું.

આચાર્ય સિદ્ધસેને સાધુવેશનું પરિવર્તન કર્યું. થોડા સમય પછી તેઓ શિવમંદિરમાં યોગીના વેશમાં આવ્યા અને સૂઇ ગયા. ઉજ્જયિનીના રાજા વિક્રમાદિત્યને આની જાણ થઈ. તેઓએ સિપાહીઓને કહ્યું કે યોગી ન ઉઠે તો તેને ચાબુક મારીને ઉઠાડો.

સિપાહીઓએ ચાબુક મારવાનું શરુ કર્યું. તો ઉલટું રાજમહેલમાં રાણીઓને વાગવા લાગ્યાં. વિક્રમાદિત્ય રાજાએ કોરડાનો માર બંધ કરાવ્યો અને પોતે શિવમંદિરમાં આવ્યા. યોગીએ ઊભા થઈને કલ્યાણમંદિર સ્ત્રોત્રની રચના કરી. શિવલિંગની નીચેથી પાર્શ્વનાથ ભગવાનની મુર્તિ પ્રગટ થઇ.

રાજા વિક્રમાદિત્યે સિદ્ધસેન દિવાકરને ઓળખ્યા. રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો. સિદ્ધસેનસૂરિજીને ગણમાં ફરીથી લેવામાં આવ્યા.

સિદ્ધસેનસૂરિજીએ અનેક ગ્રંથોની રચના કરી છે.

● ● ●

# વિભાગ - ૪

સકલાડર્હત્, સ્નાતસ્યા, અજીતશાંતિ, સંતિકરં, મોટીશાંતિ

(આ પાંચ સૂત્રો કંઠસ્થ કરવા.)

**પૌષધ લેવાનું સૂત્ર :** કરેમિ ભંતે ! પોસહં આહાર-પોસહં દેસઓ સવ્વઓ, સરીર-સક્કાર-પોસહં સવ્વઓ, બંભચેર-પોસહં સવ્વઓ, અવ્વાવાર પોસહં સવ્વઓ. ચઉવ્વિહં પોસહં ઠામિ, જાવદિવસં (અહોરત્તં) પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં, વાયાએ, કાએણં ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ (રાત્રિ પૌષધ લેવાનો હોય તો જાવ સેસદિવસં અહોરત્તં) એ પ્રમાણે બોલવું.

## જનરલ જ્ઞાન

બે પ્રતિક્રમણના દરેક સૂત્રોના અર્થ.

આઠ કર્મના નામ

૧) જ્ઞાનાવરણીયકર્મ ૨) દર્શનાવરણીયકર્મ

૩) વેદનીયકર્મ ૪) મોહનીયકર્મ

૫) આયુષ્યકર્મ ૬) નામકર્મ
૭) ગોત્રકર્મ ૮) અંતરાયકર્મ

## સાતક્ષેત્રના નામ

| | | | |
|---|---|---|---|
| ૧) | જિનમંદિર | ૪) | સાધુ |
| ૨) | જિનપ્રતિમા | ૫) | સાધ્વી |
| ૩) | જિન-આગમ | ૬) | શ્રાવક |
| | | ૭) | શ્રાવિકા |

## છ આરાના નામ

| | | | |
|---|---|---|---|
| ૧) | સુષમ સુષમ | ૪) | દુ:ષમ સુષમ |
| ૨) | સુષમ | ૫) | દુ:ષમ |
| ૩) | સુષમ દુ:ષમ | ૬) | દુ:ષમ દુ:ષમ |

## વિધિ

- પૌષધ લેવાની - પારવાની વિધિ :-

(તેમાં આવતા સર્વ આદેશોની સાથે)

# કાવ્ય વિભાગ

- પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય

કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ,
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિ:, પાર્શ્વનાથ: શ્રિયેડસ્તુ વ:

## ચૈત્યવંદન

જયચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામિ,
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી... ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ;
પ્રભુ નામે ભવ ભવ તણાં, પાતિક સવિ દહિએ... ૨

ॐ હ્રીઁ વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ;
વિષ અમૃત થઇ પરિણમે, લહીએ અવિચળ ઠામ... ૩

•

## સ્તવન

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તોરે, જન્મ મરણ દુઃખવારો;

સેવક અરજ કરે છે રાજ, અમને શિવ-સુખ આપો;
આપો આપોને મહારાજ, અમને મોક્ષ સુખ આપો. સેવક... ૧

સહુ કોનાં મનવાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો રે,
એવું બિરુદ છે રાજ તમારું, કેમ રાખો છો દૂરે. સેવક... ૨

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો રે,
કરુણા સાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો. સેવક... ૩

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિશન દીજે રે,
ધુંઆડે ધીજુંનહિ સાહિબ, પેટ પડ્યા પતીજે. સેવક... ૪

શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો રે,
કહે 'જિનહર્ષ' મયા કરી મુજને, ભવસાગરથી તારો સેવક... ૫

## થોય

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવાંછિત પૂરણ સુરતરૂ, જય વામા સુત ! અલવેસરૂ... ૧

દોય રાતા જિનવર અતિભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળ કહ્યા, સોળે જિન કંચનવર્ણ લહ્યા... ૨

આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુઓ શિવસુખ સાખીયો... ૩

ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નયવિમલનાં વાંછિત પૂરતી... ૪

## લોભની સજ્ઝાય

લોભ ન કરીએ પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર,
લોભ સમો જગ કો નહીં રે, દુર્ગતિનો દાતાર,

ભવિકજન ! લોભ બૂરો સંસાર, વરજો તુમે નિરધાર;
જિમ પામો ભવપાર ભવિકજન ! લોભ બૂરો સંસાર... ૧

અતિલોભે લક્ષ્મીપતિ રે, સાગર નામે શેઠ;
પુર પયોનિધિમાં પડ્યો રે, જઈ બેઠો તસ હેઠ... ૨

સોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રી રામ;
સીતા નારી ગુમાવીને રે, ભમિયો ઠામો ઠામ... ૩

દશમા ગુણઠાણા લગે રે, લોભ તણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહિ જ મોટો ચોર... ૪

નવવિધ પરિગ્રહ લોભથી રે, દુર્ગતિ પામે જીવ;
પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ... ૫

પરિગ્રહના પરિહારથી રે, લહિયે શિવસુખ સાર;
દેવદાનવ નરપતિ થઈ રે, જાશો મુક્તિ મોઝાર... ૬

ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શિષ્ય;
લોભ તણે ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ... ૭

**પર્યુષણના, સ્તવન, થોય.**

## સ્તવન

સુણજો સાજન સંત, પજુસણ આવ્યાં રે;
તમે પુણ્ય કરો પુણ્યવંત,
ભવિક મન ભાવ્યાં રે. આંકણી૦

વીર જિનેશ્વર અતિ અલવેસર, વ્હાલા મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વમાંહે પજુસણ મોટાં, અવર ન આવે તસ તોલે રે. પજુ૦ ૧

ચૌપદમાં જેમ કેસરી મોટો, વ્હા૦ ખગમાં ગરૂડ તે કહીએ રે;
નદીમાંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહીએ રે. પજુ૦ ૨

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વ્હા૦ દેવમાંહે સૂરઇન્દ્ર રે;
સકલ તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહ ગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશેરા દિવાળીને વળી હોળી, વા૦ અખાત્રીજ દિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪

તે માટે તમે અમર પળાવો, વ્હા૦ અઠ્ઠાઇ મહોત્સવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઈયે કરીને, નરભવ લ્હાવો લીજે રે. પજુ૦ ૫

ઢોલ દદામા ભેરી નફેરી, વ્હા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવો રે. પજુ૦ ૬

સોનારૂપાને ફૂલડે વધાવો, વ્હા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રુજ્યા રે. પજુ૦ ૭

એમ અઠ્ઠાઇ મહોત્સવ કરતાં, વ્હા૦ બહુ જન જગ ઉદ્ધરિયા રે;
**વિબુધ વિમલ** વર સેવક એહથી, નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરીયા રે. પજુ૦ ૮

## થોય

પુન્યનું પોષણ પાપનું પોષણ, પર્વ પજ્રુસણ પામીજી;
કલ્પઘેર પધારવો સ્વામી, નારી કહે શીર નામીજી,
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નીશાન વજડાવોજી;
સદ્ગુરુ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧

પ્રથમ વખાણ ધર્મ સારથી પદ, બીજે સુપનાં ચારજી;
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જનમ અધિકારજી;

પાંચમે દીક્ષા છટ્ઠે શિવપદ સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવો, પિઉડા પૂરો જગીશજી. ૨

છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરસી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સકળ ખામીજેજી,
આઠ દિવસ લગે અમર પળાવો, દાન-સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩

તીરથમાં વિમળાચળ ગિરિમાં; મેરુ મહીધર જેમજી,
મુનિવર માંહી જિનવર મોહોટા.પરવ પજુસણ તેમજી;
અવસર પામી સાહમ્મીવચ્છલ, બહુ પકવાન વડાઈજી.
ખીમાવિજય જિન દેવી સિદ્ધાઈ,દિન દિન અધિક વધાઈજી. ૪

## ગુરુ સંબંધી પ્રશ્નોત્તરી

**પ્ર.** : ગુરુવંદનના પ્રકાર કેટલાં ?

**ઉ.** : ૧. ફેટાવંદન, ૨. થોભવંદન, ૩. દ્વાદશાવર્ત્તવંદન

**પ્ર.** : ફેટાવંદન એટલે શું ?

**ઉ.** : ગુરુ ભગવંતને બે હાથ જોડીને મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' કહેવું તે ફેટાવંદન.

**પ્ર.** : થોભવંદન એટલે શું ?

**ઉ.** : બે ખમાસમણ દ્વારા અભ્ભુટ્ઠિઓ સહિત કરાતું વંદન.

**પ્ર.** : દ્વાદશાવર્ત્ત વંદન એટલે શું ?

**ઉ.** : વાંદણા આપીને કરાતું વંદન.

**પ્ર.** : ગુરુ ભગવંતને સૂર્યાસ્ત પછી શું કહેવું ?

**ઉ.** : ત્રિકાળ વંદના.

પ્ર. : ગુરુવંદન ક્યારે ન કરાય ?

ઉ. સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી ગુરુવંદન ન કરાય.

પ્ર. : ગુરુવંદન ક્યારે કરાય ?

ઉ. : ગુરુ ભગવંત સ્વસ્થ હોય આસન પર બેઠા હોય, આરામ વિગેરેમાં ન હોય ત્યારે કરવા.

પ્ર. : ગુરુવંદનમાં દેવસિઅ - રાઈઅ ક્યારે બોલાય ?

ઉ. : સવારના ૧૨ : ૨૪ પહેલા રાઈઅ ત્યારબાદ દેવસિઅ.

## સાધુ ભગવંતોનો વિનય કરો

સાધુ ભગવંતોને જોતા જ બે હાથ જોડી વિનય પૂર્વક મત્થએણ વંદામિ કહેવું.

સાધુ ભગવંતોને આવતા જોઈને ઊભા થઈને બે હાથ જોડીને વિનય કરવો.

સાધુ ભગવંતોની સાથે આગળના મુકામ સુધી વિહારમાં જવું.

સાધુ ભગવંતોની ત્યાગ અને વૈરાગ્યમય વાણીનું શ્રવણ કરવું.

તેમના ગુણોની પ્રશંસા તથા સ્તુતિ કરવી.

સાધુ ભગવંતો બહુ ઉપકારી છે, તેમના પર શ્રદ્ધા રાખો.

સાધુ ભગવંતોની ઉત્તમ ભોજન, ઉત્તમ વસ્ત્ર-પાત્રથી ભક્તિ કરો.

સાધુ ભગવંતોની ટીકા-નિન્દા ન કરશો.

સાધુ ભગવંતોના દોષ જોવા નહીં.

પવિત્ર, ત્યાગી સાધુ ભગવંતો વિશ્વનો આધાર છે.

સાધુ ભગવંતોની સેવાથી પુણ્યનું ઉપાર્જન થાય છે તથા પાપનો નાશ થાય છે.

સાધુ ભગવંતોનું ચિત્ત પ્રસન્ન રાખો.

સાધુ ભગવંતોને કોઈ પણ પ્રકારની અડચણ હોય તે દૂર કરો.

સાધુ ભગવંતોને દરરોજ વંદન કરવાનો નિયમ હોવો જોઇએ.

પવિત્ર જ્ઞાની સાધુ-સંતો પ્રજાને સાચું જ્ઞાન આપવાવાળા છે.

## સાધુ ભગવંતોના વિશિષ્ટ નિયમો

૧. ભયંકર ગરમીની ઋતુમાં તરસ લાગી હોય તો પણ રાત્રે પાણી ના પીએ.

૨. તેઓ લાકડા, માટીના પાત્રો ઉપયોગમાં લે છે. સ્ટીલ અથવા કોઈ બીજી ધાતુના વાસણો ઉપયોગમાં નથી લેતા.

૩. તેઓ ચાર મહિના સુધી, વર્ષાવાસમાં એક જ સ્થળ પર સ્થિર રહે છે અને પછીનો સમય જિનાજ્ઞા પ્રમાણે ઉઘાડા પગે ચાલીને વિહાર કરે છે.

૪. જૈન મુનિ કૂવા, તળાવ, નદીનું કાચુ પાણી ઉપયોગમાં નથી લેતા, તેઓ ફક્ત ગરમ પાણી અથવા (વિધિથી બનાવેલ નિર્જીવ પાણીનો ઉપયોગ કરે છે.)

૫. જૈન મુનિ વાહનનો ઉપયોગ નથી કરતાં.

૬. જૈન મુનિ કાતર, અસ્તરો વગેરે થી વાળ ન કપાવે, તેઓ પોતાના હાથથી વાળ કાઢે તેને જૈન ભાષામાં લોચ કહે છે.

૭. જૈન મુનિ જીવોની રક્ષા માટે રજોહરણ અને મુહપત્તિ રાખે છે.

૮. જૈન મુનિ ગૃહસ્થના ઘરથી નિર્દોષ ભિક્ષા લે છે, તેને ગોચરી અથવા માધુકરી કહે છે.

૯. જૈનમુનિનો પોતાનો કોઈ મઠ હોતો નથી.

## મારા ગુરુ મહારાજ

- મારા ગુરુ મહારાજ સંસારના ત્યાગી છે.
- મારા ગુરુ મહારાજ કોઈ પણ પ્રકારના પાપથી દૂર રહે છે.
- મારા ગુરુ મહારાજ પૈસા નથી રાખતા.
- મારા ગુરુ મહારાજ સ્ત્રીને સ્પર્શ નથી કરતા.
- મારા ગુરુ મહારાજ પાંચ મહાવ્રતના ધારક છે.
- મારા ગુરુ મહારાજ ટ્રેન, મોટર આદિ વાહનોનો ઉપયોગ નથી કરતા.
- મારા ગુરુ મહારાજ ગાદી, પલંગ પર નથી સૂતા.
- મારા ગુરુ મહારાજ માથાના વાળ સ્વયં હાથથી ઉખાડે છે.
- મારા ગુરુ મહારાજને કોઈ પણ પ્રકારના વ્યસન નથી હોતા.
- મારા ગુરુ મહારાજ આખો દિવસ જ્ઞાન-ધ્યાન, ધર્મક્રિયા, ગુરુસેવા, પરમાત્માના જાપ આદિમાં પસાર કરે છે.
- મારા ગુરુ મહારાજ લોકોને ધર્મનો ઉપદેશ આપે છે.
- મારા ગુરુ મહારાજ ગોચરી (ભિક્ષાચરી)થી નિર્વાહ કરે છે.
- મારા ગુરુ મહારાજને આજીવન રાત્રિભોજનનો ત્યાગ હોય છે.
- મારા ગુરુ મહારાજને પ્રતિદિન વંદન, તેમજ તેમની સેવા-ભક્તિ કરવાથી સાચું જ્ઞાન મળે છે.

## ભગવાન પાર્શ્વનાથ

આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં ભારતના ગંગા કિનારે આવેલા વારાણસીમાં (બનારસ) અશ્વસેન રાજા રાજ્ય કરતા હતા. રાણી

વામાદેવી સાથે અશ્વસેન રાજા શાંતિપૂર્વક જીવન જીવતા તથા પ્રજામાં પણ ખૂબ જ લોકપ્રિય હતા. માગશર વદ દસમે (લગભગ ડિસેમ્બર મહિનો) વામાદેવીએ રાજકુંવરને જન્મ આપ્યો. ગર્ભાવસ્થા દરમિયાન એક દિવસ બાજુમાંથી સાપ પસાર થતો જોયો હતો, તે સાપની છાપ વામાદેવીના મન પર બહુ ઘેરી થઈ તેથી જન્મેલા બાળકનું નામ પાર્શ્વકુમાર પાડ્યું. સંસ્કૃત અર્થ પ્રમાણે પાર્શ્વ એટલે નજીકનું અથવા પાડોશનું.

ખૂબ જ સમૃદ્ધિ વચ્ચે ઉછરતા પાર્શ્વકુમાર મોટા થતાં ખૂબ જ આકર્ષક યુવાન બન્યા. તે ખૂબ જ વિવેકી, બહાદુર તથા કુશળ યોદ્ધા હતા. આજુબાજુના રાજાઓ તેનાથી પ્રભાવિત થઈ પોતાની કન્યાને પાર્શ્વકુમાર સાથે પરણાવવા આતુર હતા. પાર્શ્વકુમારના લગ્ન પાડોશના રાજાની રાજકુંવરી પ્રભાવતી સાથે ખૂબ જ ધામધૂમથી થયાં. પાર્શ્વકુમાર પોતાનું પરિણીત જીવન સુખેથી પસાર કરતા હતા.

તે સમયે બાળપણમાં જ માતા-પિતા ગુમાવેલ અનાથ ભિક્ષુક કમઠ ત્યાં વારાણસીમાં પંચાગ્નિ હવન કરવા માટે આવ્યો. એ ક્રિયાકાંડી હતો. તેની પાસે કોઈ પ્રકારની મૂડી નહોતી. લોકોની દયા પર જીવતો હતો. તેના વિધિ-વિધાનથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા અને તેની ભક્તિ કરવા લાગ્યા.

કમઠના યજ્ઞ વિશે જ્યારે પાર્શ્વકુમારે જાણ્યું ત્યારે અગ્નિથી થતી હિંસાને લીધે તેઓ તેને તેમ ન કરવા સમજાવવા લાગ્યા પણ કમઠ કોઈ હિસાબે માન્યા નહિ. અતીન્દ્રિય જ્ઞાનથી પાર્શ્વકુમારે યજ્ઞમાં બળતા લાકડામાં રહેલા સાપને જોયો. પોતાના માણસોને તે લાકડું બહાર કાઢી લઈ સાપને બચાવવા કહ્યું. સેવકે અડધો બળેલો સાપ બહાર કાઢ્યો. કોઈને સાપ દેખાયો નહોતો. તેથી પાર્શ્વકુમારે સાપને જોયો તેનાથી

બધાંને ખૂબ જ આશ્ચર્ય થયું. મરતા સાપને નવકાર સંભળાવ્યો. સાપ ક્ષણવારમાં મૃત્યુ પામ્યો. મૃત્યુ બાદ તે સાપે સ્વર્ગમાં રહેતા નાગકુમારોના રાજા ધરણેન્દ્રના રૂપે ફરી જન્મ લીધો.

પોતાના યજ્ઞના અગ્નિથી સાપ મર્યો તેનો પસ્તાવો થવાને બદલે કમઠ પાર્શ્વકુમાર ઉપર ગુસ્સે થયા. બદલો લેવાની તક શોધ્યા કરતા કમઠે આકરી તપશ્ચર્યા કરીને મરીને વરસાદના દેવ મેઘમાલી તરીકે બીજા ભવમાં જન્મ લીધો.

સંસારી જીવોનું દુઃખ જોઈ પાર્શ્વકુમારને વૈરાગ્ય આવ્યો. તેથી સાંસારિક સુખો અને સંબંધો છોડી ૩૦ વર્ષની ઉંમરે તેઓ સાધુ બની ગયા. પરમ સત્યને શોધવા માટે તેમણે બાકીનું જીવન ધ્યાનમાં પસાર કરવાનો નિર્ણય કર્યો. તેઓ ઊંડી ધ્યાનસ્થ અવસ્થામાં રહેવા લાગ્યા. પાછળથી તેઓ પાર્શ્વનાથ તરીકે ઓળખાયા. એકવાર તેઓ કાઉસ્સગ્ગ અવસ્થામાં હતા ત્યારે વરસાદના દેવ મેઘમાલીએ તેમને જોયા. પાર્શ્વકુમારે પોતાના યજ્ઞમાં દખલગીરી કરી હતી તે પૂર્વભવનો બનાવ તેમને યાદ આવ્યો અને બદલો લેવાની વૃત્તિ થઈ.

પોતાની દૈવી શક્તિથી હાથી, સિંહ, ચિત્તો તથા નાગ એમ ચારે પ્રકારના હિંસક પ્રાણીઓ પાર્શ્વકુમારને મારવા માટે મોકલ્યા. પણ પાર્શ્વનાથને જોઈને તેઓ શાંત થઈ ગયા. પછી મેઘમાલીએ ભારે વરસાદ વરસાવ્યો. પાર્શ્વનાથ તો ધ્યાનમાં હતા. વરસતો વરસાદ છેક તેમના નાક સુધી આવી ગયો.

તે વખતે સ્વર્ગમાં રહેતા રાજા ધરણેન્દ્રએ જોયું કે મેઘમાલીના ઉપદ્રવથી પૂરના પાણીમાં પાર્શ્વનાથ તણાઈ જશે. તરત જ તેમણે કમળનું ફૂલ તેમના પગ નીચે મૂક્યું જેના કારણે પાર્શ્વનાથ પાણીની સપાટી ઉપર આવી ગયા. પોતાની ફેણ તેમના માથા પર છત્રની જેમ

ધરી અને વરસાદથી તેમનું રક્ષણ કર્યું. મેઘમાલીને કડક શબ્દોમાં તેના અધમ કાર્યો તથા વરસાદને રોકવા કહ્યું. મેઘમાલીના પાર્શ્વનાથને હેરાન કરવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. આવા દયાળુ ભગવાન જેવા માણસને પોતે હેરાન કર્યા તેનો તેને ખૂબ જ પસ્તાવો થયો. પોતાની તમામ દૈવી શક્તિ પાછી ખેંચી લીધી અને પોતાના દુષ્કૃત્યોની માફી માંગતો તેમના પગમાં પડી ગયો. શારીરિક યાતનાના આ સમગ્ર સમય દરમિયાન પાર્શ્વનાથ ઊંડા કાઉસ્સગ્ગમાં જ હતા. તેથી તેમને મેઘમાલીનો ઉપદ્રવ કે ધરણેન્દ્રનું રક્ષણ એ બન્ને પ્રસંગો સમાન હતા. સંપૂર્ણ સમતાનો ગુણ વિકસાવ્યો હોવાથી ધરણેંન્દ્ર પ્રત્યે પક્ષપાત ન હતો કે ન હતી મેઘમાલી પ્રત્યે ઘૃણા. આત્માની ઉત્કૃષ્ટ શુદ્ધતાને વિકસાવતા તેઓ આખરે પોતાના સંસાર ત્યાગના ૮૪ મા દિવસે કેવળજ્ઞાની એટલે સર્વજ્ઞ બન્યા. આ દિવસ ફાગણ વદ (એપ્રિલ માસ) ચોથ હતી.

તેઓએ ચતુર્વિધ જૈન સંઘની સ્થાપના કરી સાચા ધર્મનો સહુને ઉપદેશ આપ્યો. તેઓ જૈનધર્મના ૨૩માં તીર્થંકર બન્યા. તેમના ઘણાં અનુયાયીઓ હતા. દસ ગણધર હતા. તેમના માતા-પિતા તથા પત્ની પણ સંસારનો ત્યાગ કરી સાધુ-સાધ્વી થયાં. બિહારમાં આવેલા જૈનોના પવિત્ર એવા સમેતશિખરમાં ૧૦૦ વર્ષે તેઓ નિર્વાણ પામ્યા.

ભૌતિક પદાર્થો તથા સાંસારિક સંબંધો પ્રત્યેના વૈરાગ્ય અને અહિંસાના ઉત્કૃષ્ટ પાલનનું ઉદાહરણ ભગવાન પાર્શ્વનાથનું જીવન છે. આત્મ સાક્ષાત્કાર માટે આ પાયાના ગુણો છે. મિત્ર અને દુશ્મન માટે દિલમાં માધ્યસ્થ્ય ભાવ કેમ રાખવો તે આચરણમાં કરી બતાવ્યું. કોઈનું આપણા તરફનું ખરાબ વર્તન આપણા જ પૂર્વ કર્મનું પરિણામ હશે. એમ વિચારીએ તો આપણને એ વ્યક્તિ પ્રત્યે દુર્ભાવ ન થાય.

## તીર્થંકર જીવન દર્શન

### શ્રી પાર્શ્વનાથ

| | |
|---|---|
| માતા :- વામા | પિતા:- અશ્વસેન |
| વંશ :- ઈક્ષ્વાકુ | ગોત્ર :- કાશ્યપ |
| વર્ણ :- નીલ | ઊંચાઈ :- ૯ હાથ |
| લાંછન :- સર્પ | ભવ :- ૧૦ |
| ગર્ભકાળ :- ૯ મહિના ને ૬ દિવસ | કુમારકાળ:- ૩૦ વર્ષ |
| રાજ્યકાળ :- — | ગૃહસ્થકાળ :- ૩૦ વર્ષ |
| છદ્મસ્થકાળ :- ૮૪ દિવસ | સંયતકાળ :- ૭૦ વર્ષ |
| જીવનકાળ :- ૧૦૦ વર્ષ | શાસનકાળ :- ૨૫૦ વર્ષ |
| પુત્ર/પુત્રી :- - | ગણધર :- ૧૦ |
| સાધુ :- ૧૬,૦૦૦ | સાધ્વી :- ૩૮,૦૦૦ |
| શ્રાવક :- ૧,૬૪,૦૦૦ | શ્રાવિકા :- ૩,૩૯,૦૦૦ |
| યક્ષ :- પાર્શ્વ | યક્ષિણી :- પદ્માવતી |
| ચ્યવનકલ્યાણક :- ફાગણ વદ ૪ | ચ્યવનનક્ષત્ર :- વિશાખા |
| જન્મકલ્યાણક :- માગસર વદ ૧૦ | જન્મનક્ષત્ર :- વિશાખા |
| જન્મરાશિ : તુલા | જન્મભૂમિ :- વારાણસી |
| દીક્ષાકલ્યાણક :- માગસર વદ ૧૧ | દીક્ષાનક્ષત્ર :- વિશાખા |
| દીક્ષાતપ:- ૩ ઉપવાસ | દીક્ષાશિબિકા :- વિશાખા |
| દીક્ષાવૃક્ષ:- અશોક | દીક્ષાભૂમિ :- વારાણસી |
| પારણાનું સ્થળ :- કોપટક | પ્રથમપારણું :- ક્ષીર |
| સહદીક્ષિતો :- ૩૦૦ | કેવલજ્ઞાનકલ્યાણક :- ફાગણ વદ ૪ |
| કેવળજ્ઞાનનક્ષત્ર :- વિશાખા | કેવલજ્ઞાનતપ :- ૩ ઉપવાસ |
| કેવળજ્ઞાનવૃક્ષ:- ધાતકી | કેવલજ્ઞાનભૂમિ :- વારાણસી |
| નિર્વાણકલ્યાણક :- શ્રાવણ સુદ ૮ | નિર્વાણનક્ષત્ર :- વિશાખા |
| નિર્વાણતપ :- ૩૦ ઉપવાસ | નિર્વાણભૂમિ :- સમેતશિખર |

## સ્વાધ્યાય

૧. પાર્શ્વનાથ ભગવાનના માતા-પિતાનું નામ અને જન્મ કયા દિવસે થયો હતો તે બતાવો ?

૨. પ્રભુનું નામ પાર્શ્વનાથ કેમ પડ્યું ?

૩. ભગવાન પાર્શ્વનાથના સાધના કાળમાં કેટલા તીર્થોનું સર્જન થયું ?

૪. કમઠ કોણ હતો ? એ બતાવીને ધરણેન્દ્રના વિષયમાં જે જાણતા હો તે લખો.

૫. કમઠ અને ધરણેન્દ્ર પર પ્રભુની દ્રષ્ટિ કેવી હતી ?

૬. પ્રભુનું આયુષ્ય કેટલું હતું ?

૭. ભગવાન પાર્શ્વનાથની પત્નીનું નામ શું હતું ?

૮. પાર્શ્વનાથના કેટલા નામ છે ?

૯. ૧૦૮ પાર્શ્વનાથના નામવાળું મુખ્યતીર્થ ક્યાં આવ્યું છે ?

૧૦. પાર્શ્વનાથ ભગવાનનો મોક્ષ ક્યાં થયો હતો ?

૧૧. પાર્શ્વનાથ ભગવાને કેટલા સમય વર્ષીદાન આપ્યું ?

૧૨. પાર્શ્વનાથ ભગવાને કેટલા મુષ્ટિ લોચ કર્યો હતો ?

૧૩. પાર્શ્વનાથ ભગવાનના યક્ષ-યક્ષિણીના નામ બતાવો ?

●

## આચાર્યશ્રી હીરવિજયસૂરિજી મહારાજ

શ્રી હીરવિજયસૂરિજીનો જન્મ પ્રહલાદપુર (પાલનપુર)માં થયો હતો. તેમના પિતાનું નામ કુરાશાહ અને માતાનું નામ નાથીબાઈ હતું.

એક દિવસ અકબર બાદશાહ મહેલનાં ઝરુખામાં બેસીને રાજમાર્ગ તરફ નજર કરતા હતા. ત્યાં તેમણે એક ભવ્ય વરઘોડો જોયો. તપાસ કરાવતાં જાણવા મળ્યું કે ચંપાબાઈ નામની શ્રાવિકાએ સળંગ છ માસના ઉપવાસ ધારણ કર્યા છે, તે નિમિત્તનો વરઘોડો હતો. આ વાતની જાણ થતાં અકબર બાદશાહને નવાઇ લાગી. તેમણે ચંપા શ્રાવિકાને મહેલમાં બોલાવીને પૂછ્યું તો તેણે જણાવ્યું કે આ તો ગુરુ શ્રી હીરવિજયસૂરિજીની કૃપાનું ફળ છે.

અકબર બાદશાહને હીરવિજયસૂરિજીના દર્શન કરવાની ઇચ્છા થઈ. તે વખતે સૂરિજી ગુજરાતમાં વિચરતા હતા. ગુજરાતના સૂબા ઉપર પત્ર મોકલાવીને શ્રી હીરવિજયસૂરિજીને ભારે આગતા-સ્વાગતાપૂર્વક અકબર બાદશાહ પાસે મોકલવા વિનંતી કરી. સૂરિજીએ ગાંધાર બંદરેથી વિહાર શરૂ કર્યો અને અમદાવાદ, પાટણ વગેરે સ્થળોએ પધારી અંતે ફતેહપુરમાં પ્રવેશ કર્યો. અહીં શ્રી હીરવિજયસૂરિજીનો મેળાપ અકબર બાદશાહ સાથે રાજભવનમાં થયો. આ સમયે સૂરિજીએ રાજદરબારમાં પ્રવેશદ્વાર પાસે પાથરેલો ગાલીચો ઉંચો કરવાનું કહ્યું. ગાલીચો ઉંચો કરવાની સાથે જ તેની નીચેથી કીડીઓનો ઢગલો નીકળ્યો. સૂરિજીએ સમ્રાટને કહ્યું કે અમારા જૈન-શાસનમાં વસ્ત્રથી ઢાંકેલી જમીન પર પગ મૂકવાનો નિષેધ છે. આ જોઈ સમ્રાટ અકબરનો સૂરિજી પ્રત્યેનો ભાવ વધુ દૃઢ બન્યો.

અકબરે સૂરિજીને સોનુ-ચાંદી સ્વીકારવાનું કહ્યું. ત્યારબાદ પુસ્તકો વગેરેનો ભંડાર બતાવી તે સ્વીકારવા સૂરિજીને વિનંતી કરી. સૂરિજીએ પરિગ્રહને કારણે આ બધુ સ્વીકારવાની ના પાડી. બાદશાહને સૂરિજીના આવા ત્યાગ માટે ઘણું માન ઉપજ્યું.

શ્રી હીરવિજયસૂરિજીના ઉપદેશથી અકબર બાદશાહે હિંસાત્યાગ જેવા અનેક કાર્યો કર્યા હતા. જેમ કે (૧) મારવા માટે બાંધી રાખેલા

પશુ-પક્ષીઓને છોડી મૂક્યા. (૨) માછલાં પકડવાની જાળો બંધ કરાવી. (૩) જજિયાવેરો (યાત્રા કર) માફ કર્યો. (૪) પર્યુષણના દિવસોમાં કોઈ પણ સ્થાને પશુ-પક્ષીની જીવહિંસા કરવાની મનાઇ ફરમાવી. (૫) વર્ષમાં લગભગ છ મહિના શિકાર અને માંસાહાર પર પ્રતિબંધ મૂક્યો.

બાદશાહ અકબરે આચાર્યશ્રી હીરવિજયસૂરિજીને જગદ્‌ગુરુ તરીકે ઓળખાવ્યા હતા.

વિ.સં. ૧૬૫૧માં ઉના ગામમાં ભાદરવા વદ ૧૧ના દિવસે શ્રી હીરવિજયસૂરિજી સ્વર્ગવાસ પામ્યા.

●●●

# વિભાગ - ૫

**અતિચાર, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, તત્ત્વાર્થાધિગમ સૂત્ર કંઠસ્થ કરવા.**

(જીવવિચાર, નવતત્ત્વ અને તત્ત્વાર્થસૂત્રમાં ગાથા અને અર્થ બન્ને કરવા.)

**પક્ખી પ્રતિક્રમણની વિધિ, (તેમાં આવતા સૂત્રો તથા આદેશો સાથે)**

## પકખી પ્રતિક્રમણનો વિધિ

૧. પ્રથમ દૈવસિક પ્રતિક્રમણમાં 'વંદિત્તુ' આવે ત્યારે ત્યાં સુધી સર્વ કહેવું પણ ચૈત્યવંદન 'સકલાર્હત્'નું કહેવું અને થોયો 'સ્નાતસ્યા'ની કહેવી.

૨. ખમાસમણ દઈને 'દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! પક્ખિ મુહપત્તિ પડિલેહું ?' 'ઇચ્છં' એમ કહી, મુહપત્તિ પડિલેહવી. પછી બે 'વાંદણાં' દેવાં.

૩. 'ઇચ્છા૦ સંબુદ્ધાખામણેણં અબ્ભુટ્ઠિઓ હં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ? ઇચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઇંદિયાણં જંકિંચિ અપત્તિઅં૦

૪. 'ઇચ્છા૦ પક્ખિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે પક્ખિઓ અઇયારો કઓ૦' કહી 'ઇચ્છા૦ પક્ખિ અતિચાર આલોઉં ? ઇચ્છં' એમ કહી, 'અતિચાર' કહેવા. પછી 'એવંકારે શ્રાવકતણે ધર્મે શ્રી સમકિત મૂલ બાર વ્રતે એકસો ચોવીશ અતિચારમાંહિ જે કોઈ અતિચાર પક્ષ દિવસમાંહિ સૂક્ષ્મ બાદર જાણતાં-અજાણતાં હુઓ હોય, તે સવિ મન વચન કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં' કહેવું.

૫. 'સવ્વસ્સવિ પક્ખિઅ દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇચ્છં. તસ્સ મિચ્છા મિ દુક્કડં' કહી –

૬. 'ઇચ્છકારી ! ભગવન્ પસાય કરી પક્ખિ તપ પ્રસાદ કરશોજી' એમ ઉચ્ચાર કરીને આવી રીતે કહેવું - 'ચઉત્થભત્તં, એક ઉપવાસ, બે આયંબિલ, ત્રણ નીવી, ચાર એકાસણા, આઠ બેઆસણા, બે હજાર સજ્ઝાય, યથાશક્તિ તપ કરી પહોંચાડવો. પછી તપ કર્યો હોય તો, 'પઇટ્ઠિઓ' કહેવું, અને કર્યો ન હોય પણ કરવાનો હોય તો - 'તહત્તિ' કહેવું પરંતુ ન કરવો હોય તો મૌન રહેવું.

૭. બે 'વાંદણાં' દઈને 'ઇચ્છા૦ પત્તેઅખામણેણં અબ્ભુટ્ઠિઓ હં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં ! ઇચ્છં ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઇંદિયાણં, જંકિંચિ અપત્તિઅં૦' કહી બે વાંદણાં દેવાં.

૮. 'દેવસિઅ આલોઇઅ પડિક્કંતા ઇચ્છા૦ પક્ખિઅં પડિક્કમામિ ? સમ્મં પડિક્કમામિ' એમ કહી, 'કરેમિ ભંતે ! સામાઇઅં૦' કહી, 'ઇચ્છામિ પડિક્કમિઉં જો મે પક્ખિઓ૦' કહેવું.

૯. ખમાસમણ દઇ, 'ઇચ્છા૦ પક્ખિસૂત્ર કહું ?' 'ઇચ્છં' એમ કહી, ત્રણ નવકાર ગણી, સાધુ હોય તો પક્ખિસૂત્ર કહે, અને સાધુ ન

હોય તો ત્રણ નવકાર ગણીને શ્રાવક 'વંદિત્તુ' કહે. પછી સુઅદેવયાની થોય કહેવી.

૧૦. નીચે બેસી, જમણો ઢીંચણ ઊભો રાખી, એક 'નવકાર' ગણીને 'કરેમિ ભંતે' 'ઇચ્છામિ પડિ૦' કહી 'વંદિત્તુ' કહેવું.

૧૧. 'કરેમિ ભંતે' 'ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે પક્ખિઓ૦' 'તસ્સ ઉત્તરી૦' 'અન્નત્થ' કહીને બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. તે લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કહેવા, અથવા અડતાલીશ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પારીને પ્રગટ 'લોગસ્સ' કહેવો. પછી મુહપત્તિ પડિલેહીને બે 'વાંદણાં' દેવાં.

૧૨. 'ઇચ્છા૦ સમત્તખામણેણં અબ્ભુટ્ઠિઓ હં અબ્ભિંતરપક્ખિઅં ખામેઉં ? ઇચ્છં, ખામેમિ પક્ખિઅં, એક પક્ખસ્સ પનરસ રાઇદિયાણં જંકિંચિ અપત્તિઅં૦' કહેવું.

૧૩. 'ખમાસમણ' દઈને 'ઇચ્છા૦ પક્ખિ ખામણાં ખામું ? ઇચ્છં એમ કહી, 'ખામણાં' ચાર ખામવાં. મુનિ મહારાજ 'ખામણાં' કહે, અને મુનિ મહારાજ ન હોય તો 'ખમાસમણ' દઈ 'ઇચ્છામિ ખમાસમણો' કહી જમણો હાથ ચરવળા કે કટાસણા ઉપર સ્થાપી, એક 'નવકાર' કહી 'સિરસા મણસા મત્થએણ વંદામિ' કહેવું. માત્ર ત્રીજા ખામણાને અંતે 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' કહેવું. અહીં પક્ખિ પ્રતિક્રમણ પૂરું થાય છે.

૧૪. હવે પછી દેવસિએ પ્રતિક્રમણમાં 'વંદિત્તું' પછીનાં બે 'વાંદણા'થી માંડી સામાયિક પારીએ ત્યાં સુધી સર્વ દેવસિઅ પ્રતિક્રમણની જેમ કરવું; પણ 'સુઅદેવયા'ની થોયના બદલે 'જ્ઞાનાદિ૦'ની થોય કહેવી અને 'જિસે ખિત્તે'ની થોયના બદલે 'યસ્યાઃ ક્ષેત્રં'ની થોય કહેવી. સ્તવન 'અજિતશાંતિ'નું કહેવું. સજ્ઝાયને ઠેકાણે 'ઉવસગ્ગહરં' અને 'સંસારદાવા'ની ચાર ગાથા કહેવી. ચોથી

ગાથામાં 'ઝંકારા'થી ઊંચે અવાજે સકળ સંઘે સાથે બોલવું. 'લઘુશાંતિ'ને ઠેકાણે 'મોટી શાંતિ' કહેવી.

૧૫. 'મોટી શાંતિ' કહ્યા પછી લોગસ્સ કહીને, બેસીને, 'સંતિકરં' કહેવું.

## ચઉમાસી પ્રતિક્રમણનો વિધિ

ચઉમાસી પ્રતિક્રમણમાં ઉપર કહ્યા મુજબ પક્ખિના વિધિ પ્રમાણે કરવું, પણ આટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે વીશ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પક્ખિ શબ્દને ઠેકાણે ચઉમાસી શબ્દ કહેવો. વાંદણાંમા 'વઈક્કંતો'ના સ્થાને 'વઈક્કંતા' કહેવું. તપને ઠેકાણે 'છટ્ઠભત્તં, બે ઉપવાસ, ચાર આયંબિલ, છ નીવી, આઠ એકાસણાં, સોળ બિઆસણાં, ચાર હજાર સજ્ઝાય૦' એ રીતે કહેવું. અબ્ભુટ્ઠિઓ ખામવામાં 'એક પક્ખસ્સ પનરસ રાઇદિયાણં'ના સ્થાને 'ચારમાસાણં' આઠ પક્ખાણં એકસો વીસ રાઇંદિયાણં' કહેવું.

## સંવચ્છરી પ્રતિક્રમણનો વિધિ

સંવત્સરીમાં પણ ઉપર મુજબ પક્ખિની વિધિ પ્રમાણે કરવું. પણ આટલું વિશેષ કે બાર લોગસ્સના કાઉસ્સગ્ગને ઠેકાણે ચાલીસ લોગસ્સ ને એક નવકાર, અથવા એકસો ને આઠ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

તપમાં 'અટ્ઠમભત્તં, ત્રણ ઉપવાસ, છ આયંબિલ, નવ નીવી, બાર એકાસણાં, ચોવીસ બિઆસણાં, છ હજાર સજ્ઝાય૦' એ રીતે કહેવું. અબ્ભુટ્ઠિઓ ખામવામાં એક પક્ખસ્સ પનરસ રાઇંદિયાણં'ના સ્થાને 'બારમાસાણં ચોવીસ પક્ખાણં ત્રણસો સાઠ રાઇંદિયાણં' કહેવું. પક્ખિ શબ્દના ઠેકાણે સંવચ્છરી શબ્દ કહેવો.

## સંથારા પોરિસી

### ૧. નમસ્કાર

'નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં' અને 'નવકાર' તથા 'કરેમિ ભંતે !' સૂત્ર એટલા સર્વ પાઠ ત્રણ વાર કહેવા.

### ૨. સંથારાની આજ્ઞા

અણુજાણહ જિટ્ઠિજ્જા !
અણુજાણહ પરમગુરુ ! ગુરુગુણરયણેહિં મંડિયસરીરા !;
બહુપડિપુણ્ણા પોરિસી, રાઇય સંથારએ ઠામિ ? ૧

### ૩. સંથારાનો વિધિ

અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં;
કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં. ૨

### ૪. જાગવું પડે તો

સંકોઇઅ સંડાસા, ઉવટ્ટંતે અ કાયપડિલેહા;
દવ્વાઇઉવઓગં, ઊસાસનિરુંભણાલોએ. ૩

### ૫. સાગારી અણસણ

જઇ મે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ;
આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૪

### ૬. મંગલ ભાવના

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;
સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં. ૫

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા;
સાહૂ લોગુત્તમા, કેવલિપન્નતો ધમ્મો લોગુત્તમો. ૬

### ૭. ચાર શરણ

ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ; સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ. ૭

### ૮. અઢાર પાપસ્થાનકોનો ત્યાગ

પાણાઈવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં;
કોહં માણં માયં, લોહં પિજ્જં તહા દોસં. ૮

કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈઅરઈસમાઉત્તં;
પરપરિવાયં માયા-મોસં મિચ્છત્તસલ્લં ચ. ૯

વોસિરિસુ ઈમાઈ, મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઈ;
દુગ્ગઈનિબંધણાઈ, અટ્ઠારસ પાવઠાણાઈ. ૧૦

### ૯. આત્માનુશાસન

એગો હં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ;
એવં અદીણમણસો, અપ્પાણમણુસાસઈ. ૧૧

એગો મે સાસઓ અપ્પા, નાણદંસણ સંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા. ૧૨

### ૧૦. સર્વ સંબંધનો ત્યાગ

સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા;
તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિઅં. ૧૩

### ૧૧. સમ્યક્ત્વની ધારણા

અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો;
જિણપન્નતં તત્તં, ઈઅ સમ્મતં મએ ગહિઅં. ૧૪

૧૪મી ગાથા ત્રણ વાર કહી, સાત નવકાર ગણી, નીચેની ત્રણ ગાથા કહેવી.

### ૧૨. **ક્ષમાપના**

ખમિઅ ખમાવિઅ મઇ ખમહ, સવ્વહ જીવનિકાય;
સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઇર ન ભાવ. ૧૫

સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝ વિ તેહ ખમંત. ૧૬

### ૧૩. **સર્વ પાપોનું મિથ્યા દુષ્કૃત**

જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં;
જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ. ૧૭

## **જનરલ જ્ઞાન**

પ્રતિક્રમણના છ આવશ્યક

૧. **સામાયિક** :- ઈચ્છાકારેણ સંદિસહ ભગવન દેવસિઅ પડિક્કમણે ઠાઉં ? આ સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય છે. અહીં કરેમિભંતે થી નાણમ્મિની આઠ ગાથાના કાઉસ્સગ્ગ સુધી **પ્રથમ આવશ્યક**

૨. **ચઉવીસત્થો** :- નાણમ્મિની આઠ ગાથાના કાઉસ્સગ્ગ પછી લોગસ્સ બોલવામાં આવે. તે લોગસ્સ **બીજું આવશ્યક.**

૩. **વંદન** :- લોગ્ગસ્સ પછી મુહપત્તિ પડિલેહણ અને બે વાંદણા આપવા આ **ત્રીજું આવશ્યક.**

૪. **પ્રતિક્રમણ** :- વાંદણા પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં ? આ સૂત્રથી આયરિય ઉવજ્ઝાય સુધી **ચોથું આવશ્યક.**

૫. **કાઉસ્સગ્ગ** :- આયરિય ઉવજ્ઝાય પછી બે લોગ્ગસ્સ, ૧-૧ લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે તે **પાંચમું આવશ્યક.**

૬. **પચ્ચક્ખાણ** :- કાઉસ્સગ્ગ પછી 'નમોડસ્તુ વર્ધમાનાય'ના પહેલા સુધી **છટ્ઠુ આવશ્યક.**

**નવતત્ત્વ પ્રકરણમાં બતાવેલા પુણ્ય બાંધવાના નવ પ્રકાર !**

પૂજ્ય સાધુ-સાધ્વી વિગેરે સુપાત્રને

૧. આહાર વિગેરે આપવાથી

૨. પાણી આપવાથી

૩. રહેવા માટે સ્થાન આપવાથી

૪. પાટ વિગેરે આપવાથી

૫. વસ્ત્ર વિગેરે આપવાથી

૬. તેમના વિષે મનમાં શુભ વિચારો કરવાથી

૭. વચનથી તેમની સ્તુતિ કરવાથી

૮. શરીર વડે તેમની સેવા કરવાથી

૯. તેમને વંદન નમસ્કાર કરવાથી

**જ્ઞાનની આશાતનાથી બચવાના ઉપાયો**

૧. પુસ્તકને જમતાં-જમતાં વાચવું નહીં.

૨. પુસ્તકને ફેંકવું નહિ.

૩. ટીવી જોતા-જોતાં જમવું નહીં.

૪. લખેલા કપડા પહેરવા નહી.

૫. પુસ્તકને પગ-થૂંક લગાવવા નહીં.

૬. પુસ્તકને બાળવું કે ફેંકવું નહીં.

૭. લખેલા કાગળ પર ખાવું નહીં.

૮. જ્ઞાન, જ્ઞાની તેમજ જ્ઞાનના સાધનોની આશાતના ન કરવી.

૯. પુસ્તક પર બેસવું નહીં.

૧૦. ફટાકડા ફોડવા નહીં.

## કાવ્યવિભાગ

**મહાવીર સ્વામી ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય.**

### સ્તુતિ

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્ભુતશ્રિયા,
મહાનન્દસરોરાજ, મરાલાયાર્હતે નમઃ

### ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો... ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બોહોંતેર વર્ષનું આઉખું, શ્રી વીર જિનેશ્વર રાય... ૨

ખીમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત... ૩

### સ્તવન

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ.
હવે મુજ પાર ઉતાર... ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ... ૨

ચરણ અંગૂઠે રે મેરૂ કંપાવીયો, મોડ્યા સુરના રે માન;
અષ્ટકરમના રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન... ૩

શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કુંખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય... ૪

વાચકશેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મ તણા એ જિન ચોવીશમા, વિનયવિજય ગુણગાય... ૫

## થોય

જય જય ભવિહિતકર વીર જિનેશ્વરદેવ,
સુર-નરના નાયક જેહની સારે સેવ !,
કરુણા-રસકંદો, વંદો આનંદ આણી,
ત્રિશલાસુત સુંદર, ગુણ-મણિ કેરો ખાણી... ૧

જસ પંચ કલ્યાણક, દિવસ વિશેષ સુહાવે,
પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન, જન્મ વ્રત, નાણ અને નિર્વાણ,
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ... ૨

જિહાં પંચ સમિતિયુત, પંચ મહાવ્રત સાર,
જેહમાં પ્રકાશ્યા, વળી પાંચે વ્યવહાર;
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞ ને પારગ,
એ પંચપદે લહ્યો, આગમ અર્થ ઉદાર... ૩

માતંગ સિદ્ધાઇ, દેવી જિનપદ સેવી,
દુઃખ દુરિત ઉપદ્રવ જે ટાળે નિતમેવી;
શાસન સુખદાયી, આઈ સુણો અરદાસ,
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વાંછિત આશ... ૪

## શત્રુંજયનું ચૈત્યવંદન, સ્તવન, થોય

## ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચડે, તેને ભવપાર ઉતારે... ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુપાય... ૨

સૂરજકુંડ સોહામણો, કવડજક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરું પ્રણામ... ૩

## સ્તવન

વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરુ ફળ લેવા... વિમલા... ૧

ઉજ્જ્વલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ વિભ્રમે, આઈ અંબર ગંગા... ૨

કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે... ૩

જે સઘળાં તીરથ કહ્યાં, યાત્રાફળ કહિએ;
તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફલ લહિએ... ૪

જન્મ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે... ૫

## થોય

શ્રીશત્રુંજય મંડન, ઋષભ જિણંદ દયાલ,
મરૂદેવા નંદન, વંદન કરું ત્રણ કાલ;
એ તીરથ જાણી, પૂર્વ નવ્વાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર... ૧

ત્રેવીશ તીર્થંકર, ચઢીયા ઈણ ગિરિરાય,
એ તીરથના ગુણ, સુર અસુરાદિક ગાય,
એ પાવન તીરથ, ત્રિભુવન નહિ તસ તોલે,
એ તીરથના ગુણ, સીમંધર મુખ બોલે... ૨

પુંડરિકગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમલાચલ ભેટી, લહીયે અવિચલ રિદ્ધ,
પંચમી ગતિ પહોંતા, મુનિવર કોડાકોડ,
ઈણ તીરથે આવી, કર્મ વિપાક વિછોડ... ૩

શ્રીશત્રુંજય કેરી, અહોનિશ રક્ષાકારી,
શ્રી આદિ જિનેશ્વર, આણ હૃદયમાં ધારી;
શ્રી સંઘ વિઘ્નહર, કવડજક્ષ ગણભૂર,
શ્રી રવિબુધસાગર, સંઘના સંકટચૂર... ૪

## સીમંધર સ્વામી ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય

### ચૈત્યવંદન

શ્રી સીમંધર ! જગધણી ! આ ભરતે આવો;
કરુણાવંત કરુણા કરી, અમને વંદાવો... ૧

સકલભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ !
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ... ૨

સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરશું... ૩

એ અળજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ... ૪

કર જોડી ઊભો રહું, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન... ૫

### સ્તવન

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમ સંભળાવજો,

જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ક્ષાયક છે સુણો... ૧

જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીનો રાયા છે. સુણો... ૨

બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે... ૩

ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે... ૪

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે વસિયો છું;
મહા મોહરાય કર ફસિયો છું... ૫

પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે,તુમ આણા-ખડગ કર ગ્રહીઓ છે;
તો કાંઇક મુજથી ડરિયો છે... ૬

જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો... ૭

## થોય

સીમંધર જિનવર સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની ભાવધરી કરું સેવ,
સકલાગમ પારગ ગણધર ભાષિત વાણી,
જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી.

## જનરલ જ્ઞાન

જાણવા - આચરવા જેવું

૧. પાણી જાડા ગરણાથી બરાબર ગાળીને જ વાપરવું.

૨. એઠું મૂકાય નહિ.

૩. થાળી ધોઈને પીવી.

૪. ઊભા-ઊભા ચાલતા-ચાલતા ખવાય નહિ.

૫. ટી.વી. જોતા જમાય નહિ.

૬. ઝાડ, છોડ.... ના પાંદડા તોડાય નહિ.

૭. ખરાબ શબ્દો ન બોલવા.

## ૫ જ્ઞાનના નામ અને તેના ખમાસમણના દુહા અને ભેદો

**૧. મતિજ્ઞાન - (૨૮ ભેદ)**

સમકિત શ્રદ્ધા વંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ;
પ્રણમું પદકજ તેહના. ભાવ ધરી ઉલ્લાસ.

**૨. શ્રુતજ્ઞાન - (૧૪ ભેદ)**

પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણ,
પૂજો બહુવિધ રાગથી, ચરણ કરણ ચિત્ત આણ.

**૩. અવધિજ્ઞાન - (૬ ભેદ)**

ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસમાંહે સો વાર.

**૪. મનઃ પર્યવજ્ઞાન - (૨ ભેદ)**

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણ ઠાણ,
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ.

**૫. કેવલજ્ઞાન - (૧ ભેદ)**

કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ;
જ્ઞાન પંચમી દિન પૂજીયે, વિજય લક્ષ્મી શુભ હેજ.

## સામાન્ય પ્રશ્નોત્તરી

પ્ર. : જૈન કોને કહેવાય ?

ઉ. : જે જિનેશ્વર ભગવંતની આજ્ઞા માને તે જૈન.

પ્ર. : રસ્તામાં ગુરુ ભગવંત મળે તો શું કહેવું ?

ઉ. : બે હાથ જોડીને મત્થએણ વંદામિ કહેવું.

પ્ર. : ભગવાન દેશના કયાં બેસીને કયા રાગમાં આપે ?

ઉ. સમવસરણમાં માલકૌંશ રાગમાં આપે.

પ્ર. : સમવસરણના પગથિયા કેટલા હોય ?

ઉ. : ૨૦,૦૦૦

પ્ર. : દેશના આપતા પહેલા પ્રભુ કોને નમસ્કાર કરે ?

ઉ. : 'નમો તિત્થસ્સ' કહીને તીર્થને નમસ્કાર કરે.

પ્ર. : પરમાત્માના પાંચ કલ્યાણક કયા ?

ઉ. : ૧. ચ્યવન કલ્યાણક ૨. જન્મ કલ્યાણક ૩. દીક્ષા કલ્યાણક ૪. કેવલજ્ઞાન કલ્યાણક ૫. નિર્વાણ કલ્યાણક.

પ્ર. : ત્રેસઠશલાકા પુરુષમાં કોણ આવે ?

ઉ. : ૨૪ તીર્થંકર, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૧૨ ચક્રવર્તી, ૯ બળદેવ.

પ્ર. : ચોવીશ તીર્થંકરો કઈ કઈ ભૂમિમાંથી મોક્ષે ગયા છે ?

ઉ. : ઋષભદેવ ભગવાન : અષ્ટાપદ પર્વતપર

વાસુપૂજ્યસ્વામી ભગવાન : ચંપાપુરી

નેમિનાથ ભગવાન : ગિરનાર

મહાવીરસ્વામી ભગવાન : પાવાપુરી

બાકી ૨૦ તીર્થંકર સમેતશિખર પર મોક્ષે ગયા છે.

**પ્ર.** : વિહરમાન તીર્થંકર એટલે શું ? તે કેટલા છે ? અને ક્યાં વિચરે છે ?

ઉ. : વિહરમાન તીર્થંકર એટલે વિચરતા તીર્થંકરો તે ૨૦ છે.

તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે.

**પ્ર.** : સંઘ એટલે શું ? તે કેટલા પ્રકારનો છે ? અને કયો કયો છે ?

ઉ. : સંઘ એટલે શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા માનનારાઓ અને પાલન કરનારાઓનો સમૂહ તે ચાર પ્રકારનો છે.

૧. સાધુ ૨. સાધ્વી ૩. શ્રાવક ૪. શ્રાવિકા

**પ્ર.** : રત્નત્રયી કોને કહેવાય ?

ઉ. : સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર.

**પ્ર.** તત્ત્વત્રયી કોને કહેવાય ?

ઉ. : દેવ-ગુરુ-ધર્મ.

**પ્ર.** : પાંચ આચાર કયા ?

ઉ. : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર.

**પ્ર.** : પાંચ ઇન્દ્રિયો ના નામ લખો ?

ઉ. : સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય.

**પ્ર.** ચાર પુરુષાર્થ કયા ?

ઉ. : ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

**પ્ર.** : પાંચ મહાવ્રત કયા ?

**ઉ.** : (૧) પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત, (૨) મૃષાવાદ વિરમણ મહાવ્રત, (૩) અદત્તાદાન વિરમણ મહાવ્રત, (૪) મૈથુન વિરમણ મહાવ્રત, (૫) પરિગ્રહ વિરમણ મહાવ્રત.

**પ્ર.** : કર્મબંધ ના બે મુખ્ય હેતુ કયા ?

**ઉ.** : રાગ અને દ્વેષ.

**પ્ર.** : સમ્યક્ત્વના ૫ લક્ષણ કયા ?

**ઉ.** : શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય.

**પ્ર.** : ચાર કષાય કયા ?

**ઉ.** : ક્રોધ, માન, માયા, લોભ.

**પ્ર.** : ચાર ભાવના કઈ ?

**ઉ.** : મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થ્ય.

**પ્ર.** : સ્વાધ્યાયના પાંચ પ્રકાર કયા ?

**ઉ.** : વાચના, પૃચ્છના, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા.

**પ્ર.** : ચાર પ્રકારની બુદ્ધિ કઈ ?

**ઉ.** : ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી.

**પ્ર.** : સાત નરકના નામ કયા ?

**ઉ.** : રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃ પ્રભા, મહાતમઃ પ્રભા,

**પ્ર.** : પાંચતિથિ કઈ કઈ ?

**ઉ.** : બે આઠમ, બે ચૌદશ, અને સુદ પાંચમ.

પ્ર. ચાર ગતિ કઈ ?

ઉ. : નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ.

પ્ર. : કોઈપણ શ્રાવક - શ્રાવિકા રસ્તે મળે તો શું કરવું ?

ઉ. : બે હાથ જોડીને પ્રણામ કરવા.

પ્ર. : આપણા મુખ્ય પર્વો કયા ?

ઉ. : પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ, જ્ઞાનપાંચમ, મૌન એકાદશી, આસો-ચૈત્ર માસની ઓળી, કારતક - ફાગણ - અષાઢ ચૌમાસી. દિવાળી, બેસતુ વર્ષ.

પ્ર. : આપણા મુખ્ય પાંચતીર્થો કયા ?

ઉ. : શત્રુંજય ગિરિરાજ, આબુ, ગિરનાર, પાવાપુરી, સમેતશિખર.

## સુખી કોણ થાય

સિનેમા-નાટક ન જોવાથી સુખી થાય છે.

હોટલમાં ન ખાવાથી સુખી થાય છે.

આઈસ્ક્રીમ, શરબત, બરફ વગેરે ન ખાવાથી સુખી થાય છે.

નમકીન, પકોડી, લારી ઉપરના નાસ્તા વગેરે ન ખાવાથી સુખી થાય છે.

ચા, બીડી, પાન ન ખાવાથી સુખી થાય છે.

માંકડ, કીડી, મંકોડા, જુ, મચ્છર વગેરે ન મારવાથી સુખી થાય છે.

સાચું બોલવાથી સુખી થાય છે.

દાન આપવાથી સુખી થાય છે.

શીલ પાળવાથી સુખી થાય છે.

તપ કરવાથી સુખી થાય છે.

સારા વિચારો કરવાથી સુખી થાય છે.

ગરમ કર્યા વગરનું દૂધ, દહીં, છાશની સાથે મગ, અડદ, તુવેરની દાળ, ચણાની દાળ, વગેરે ન ખાવાથી સુખી થાય છે.

બિમાર સાધુ ભગવંતની સેવા કરવાથી સુખી થાય છે.

પ્રતિદિવસ ધર્મ કથા સાંભળવાથી સુખી થાય છે.

પ્રિય મધુર વાણી બોલવાથી સુખી થાય છે.

પુણ્ય કરવાથી સુખી થાય છે.

## દુઃખી કોણ થાય

મા બાપ નો અવિનય કરવાથી દુઃખી થાય છે.

અપશબ્દો બોલવાથી દુઃખી થાય છે.

ગુસ્સો કરવાથી દુઃખી થાય છે.

અભિમાન કરવાથી દુઃખી થાય છે.

માંસાહાર કરવાથી દુઃખી થાય છે.

માખણ, મધ ખાવાથી દુઃખી થાય છે.

જુગાર રમવાથી દુઃખી થાય છે.

બીજા છોકરાઓ સાથે લડાઈ કરવાથી દુઃખી થાય છે.

બીજાની નિંદા કરવાથી દુઃખી થાય છે.

બીજાનો દોષ જોવાથી દુઃખી થાય છે.

વાસી ખાવાથી દુઃખી થાય છે.

બીજાઓને દોષ દેવાથી દુઃખી થાય છે.

બીજા માણસો ની ઈર્ષ્યા કરવાથી દુઃખી થાય છે.

બીજાઓને લડાવવાથી દુઃખી થાય છે.

પાપ કરવાથી દુઃખી થાય છે.

## માતા-પિતાનું પૂજન કરો

૧. ત્રિસંધ્યા માતા-પિતાને નમસ્કાર કરો.

૨. માતા-પિતા બહારથી આવે તો ઊભા થઈ જાઓ.

૩. તેમને બેસવા માટે સારી જગ્યા આપો.

૪. આસન પર બેઠેલા માતા-પિતાની સેવા કરો.

૫. તેમની પાસે નીચે આસન પર વિનયથી બેસવું.

૬. એમની નિંદા ન કરો કે ન સાંભળો.

૭. તેમની શક્તિ પ્રમાણે વસ્ત્રો, ભોજન અને અલંકારોથી સેવા કરો.

૮. સારા કાર્ય તેમના હાથેથી કરાવો.

૯. જે કાર્ય તેમને પસંદ નથી તે કાર્ય ન કરો.

૧૦. તેમને જે પસંદ હોય તે કરો.

૧૧. તેમના આસન, શયન, વસ્ત્રો, અલંકારોનો પોતે ઉપયોગ ના કરો.

૧૨. વૃદ્ધ અને બિમાર માતા-પિતાની વધારે સેવા કરો.

૧૩. તેમનો ઉપકાર ક્યારેય ન ભૂલો.

૧૪. તેમનું અપમાન અથવા તિરસ્કાર ભૂલથી પણ ક્યારેય ન કરો.

૧૫. તેમની સામે ક્યારેય ન બોલો.

## પ્રતિદિન વિચારો

૧. દુઃખ આવે રડવું નહીં.

૨. સુખ આવે હસવું નહી.

૩. આત્મ-પ્રશંસા કરવી નહીં.

૪. બીજાઓની નિંદા કરવી નહીં.

૫. માન સત્કાર મળ્યે ખુશ થવું નહીં.

૬. અપમાન-તિરસ્કારથી ગભરાવું નહીં.

૭. કોઈનું સુખ જોઈને દિલમાં દુઃખી થવું નહીં.

૮. કોઈનું દુઃખ જોઈને હસવું નહીં.

૯. સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ કરવો નહીં.

૧૦. કોઈની પણ ગુપ્ત વાતો જણાઈ જાય તો બીજા કોઈને જણાવવી નહીં.

૧૧. કોઈની મા, દીકરી, બહેનની તરફ બુરીનજર નાખવી નહીં.

૧૨. માંસ, મચ્છી, ઈંડા અને શરાબનું સેવન મૃત્યુની ઘડી આવે પણ કરવું નહી.

૧૩. બધાની સાથે પ્રેમભર્યો વ્યવહાર કરવો.

૧૪. દુઃખીઓને જોઈને દયા રાખવી.

૧૫. કોઈનો તિરસ્કાર ન કરો.

૧૬. બધાની સાથે હળી-મળીને રહેવું.

૧૭. તમારી સાથે ખોટું કરનારની સાથે પણ ભલાઈ કરો.

૧૮. હમેશા સત્યના પક્ષમાં રહો.

## ભગવાન મહાવીરનો સિદ્ધાંત - અહિંસા

અહિંસાનું નિરુપણ જૈન ધર્મથી અન્ય બીજા ધર્મોમાં પણ મળે છે. પણ અહિંસાનું જેટલું સૂક્ષ્મ વિશ્લેષણ જૈન ધર્મમાં કર્યું છે એટલું વિશ્વના અન્ય ધર્મોમાં નથી.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય વગેરે કોઈ પણ પ્રાણીની મન, વચન, અને કાયાથી હિંસા ન કરવી. ન કરાવવી, અને કરનારની અનુમોદના ન કરવી. આ જૈન ધર્મની પોતાની વિશેષતા છે. તેનું એક જ સૂત્ર છે. જીવો અને જીવવા દો. તમે પોતે જીવવા માંગો છો તો બીજાને જીવવા દો. તમે પોતે સુખી રહો તેમાં કોઈને આપત્તિ નથી, પરંતુ બીજાઓને પણ સુખી રહેવા દો. કારણ કે સુખી થવું એ દરેક વ્યક્તિ, દરેક પ્રાણીનો જન્મસિદ્ધ અધિકાર છે. તમે તેમાં બાધક ન બનો. જો તમે કોઈને સુખ નથી આપી શકતા તો દુ:ખ આપવાનો પ્રયત્ન ન કરો. મહાપુરુષોએ દુ:ખ આપવાની અને કોઈને દુ:ખી કરવાની પ્રવૃત્તિને હિંસા અને પાપ કહ્યું છે. કોઈપણ પ્રાણીને દુ:ખ ન આપવું જોઈએ. અહિંસાને કેન્દ્રમાં રાખીને સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું નિરુપણ થયું છે. અહિંસા એ માનવ મનની એક વૃત્તિ છે, ભાવના છે. અહિંસા માનવ જીવનની મહાશક્તિ છે. સમગ્ર આતંકોને દૂર કરવાવાળી રામબાણ દવા છે.

## પાઠશાળા જાઓ

પાઠશાળામાં રોજ જવું જોઈએ !!!

પાઠશાળામાં સાચું જ્ઞાન મળે છે !

પાઠશાળામાં સાચા અને સારા સંસ્કાર મળે છે !!!

પાઠશાળામાં સારા મિત્ર મળે છે !

પાઠશાળાનું જ્ઞાન વિનય શીખવે છે !

પાઠશાળાનું જ્ઞાન અનુશાસન શીખવે છે !

પાઠશાળાનું જ્ઞાન નમ્રતા શીખવે છે !

પાઠશાળાનું જ્ઞાન ધર્મ શીખવે છે !

પાઠશાળામાં સારી સારી વાર્તાઓ સાંભળવા મળે છે !

પાઠશાળામાં સારા સારા ગીતો ગાવા મળે છે !

પાકશાળામાં સારા મિત્રો મળે છે !

## આવા બનો

જગડુશાહ જેવા દાનવીર બનો.

વિજયશેઠ જેવા બ્રહ્મચારી બનો.

ધન્ના અણગાર જેવા તપસ્વી બનો.

જીરણ શેઠ જેવા ભાવ રાખો.

ખંધક મુનિ જેવી ક્ષમા રાખો.

કૂરગડુ ઋષિ જેવી નમ્રતા રાખો.

માસતુષ મુનિ જેવી સરલતા રાખો.

પુણિયા શ્રાવક જેવો સંતોષ રાખો.

ગૌતમ ગણધર જેવો વિનય રાખો.

ધર્મરૂચિ અણગાર જેવી દયા રાખો.

લક્ષ્મણજી જેવા સદાચારી બનો.

પેથડશાહ મંત્રી જેવી સાધર્મિક ભક્તિ કરો.

એકલવ્ય જેવા ગુરુભક્ત બનો.

શ્રવણકુમાર જેવા માતા-પિતાના ભક્ત બનો.

હરિશ્ચન્દ્ર જેવા સત્યવાદી બનો.

યુધિષ્ઠિર જેવા ન્યાયી બનો.

દશરથ જેવા પ્રતિજ્ઞાપાલક બનો.

શાલિભદ્ર જેવા ત્યાગી બનો.

ભરત જેવા વૈરાગી બનો.

## જીવનમાં આટલું તો હોવું જ જોઇએ...

**(એ) જ્ઞાન :**

- નવ અંગના દુહા.
- અષ્ટ પ્રકારી પૂજાના દુહા.
- જ્ઞાનના પાંચ ખમાસમણાના દુહા.
- સૂતા પહેલા ૧૫ મિનિટ ધાર્મિક વાંચન.
- ચૈત્યવંદન-૩, સ્તુતિ-૫, થોય-૫, સ્તવન-૩.
- શાસનસમ્રાટ શ્રીનેમિસૂરીશ્વરજી મહારાજનું જીવન વાંચવું/સાંભળવું.
- પાઠશાળા જવું.
- રજાના દિવસે જિનવાણી શ્રવણ.
- ગુરુવંદન - સૂત્ર - વિધિ સાથે.
- ચૈત્યવંદન - સૂત્ર - વિધિ સાથે.
- સામાયિક લેતા-પારતાં - સૂત્ર - વિધિ સાથે.
- સાત લાખ સૂત્ર.

(બી) દર્શન :

- મહિને ૧ વાર અષ્ટ પ્રકારી પૂજા.
- વરસે ૧ વાર તીર્થયાત્રા.
- નિત્ય દર્શન - પૂજા.
- ૐ ઐં નમઃ ૨૭ વાર રોજ ગણવું.
- રોજ ૧૦૮ વાર નવકાર ગણવા.

(સી) ચારિત્ર :

- દર રવિવારે ૧ સામાયિક
- દર ચૌદસનું પ્રતિક્રમણ
- રોજ ગુરૂવંદન
- ઘરે ચારિત્રના ઉપકરણો રાખવા અને રોજ દર્શન કરવા.
- રોજ સવારે નવકારશી સાંજે ચોવિહાર-તિવિહારના પચ્ચક્ખાણ.

(ડી) જનરલ :

- માતા-પિતાને પ્રણામ
- જાગતા ૮ અને સૂતા ૭ નવકાર
- ભોજન પહેલા ૩ નવકાર
- ખાતા-ખાતા ટીવી, મોબાઈલ ન વાપરવો
- ઘરેથી નીકળતા ૩ નવકાર
- પાંચ તિથિ ચોવિહાર

- પહેલી રોટલી કોરી ખાવી.
- કંદમૂળ-અભક્ષ્ય ત્યાગ
- રોજે રોજ સુપાત્ર દાન અનુકંપાદાન અને જીવદયાના કાર્યો થવા જોઈએ.
- - 'Good Thoughts' સારા વિચારો ની સરસ ડાયરી બનાવવી

## ભગવાન મહાવીર

આશરે ૨૬૦૦ વર્ષ પહેલાં ઈ. સ. પૂર્વે ૫૯૯ના ચૈત્ર સુદ ૧૩ ના દિવસે ભગવાન મહાવીરનો જન્મ થયો. તેમનો જન્મ દિવસ એપ્રિલ માસમાં આવે અને તેને આપણે જન્મકલ્યાણક તરીકે મનાવીએ છીએ.

ભગવાન મહાવીરનો જન્મ હાલના બિહાર રાજ્યમાં ક્ષત્રિયકુંડ અથવા કુંડલપુરના ક્ષત્રિય રાજવી કુળમાં થયો હતો. માતા ત્રિશલા વૈશાલીના રાજા ચેટકનાં બહેન હતાં તથા પિતા સિદ્ધાર્થ રાજવી કુળના હતા. ભગવાન મહાવીરને નંદીવર્ધન નામે મોટાભાઈ તથા સુદર્શના નામની બહેન હતી. ભગવાન મહાવીર માતાના ગર્ભમાં હતા ત્યારથી રાજવી કુંટુંબમાં સોનુ-ચાંદી તથા રાજ્યમાં ધન-ધાન્યની અકલ્પિત વૃદ્ધિ થઈ હોવાથી તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું જેનો અર્થ 'વૃદ્ધિ' એવો થાય.

વર્ધમાન બાળપણથી જ નીડર, બળવાન, જ્ઞાની અને પ્રેમાળ હતા. વિદ્યાભ્યાસમાં પણ તેઓ ખૂબ જ ચતુર હતા. શિક્ષક એમનું જ્ઞાન જોઈ આશ્ચર્ય પામતા. એકવાર ગૃહ ઉદ્યાનમાં આમલી-પીપળીની રમત રમતા હતા ત્યારે ઝાડ પર ભયંકર વિષધર સાપને વીંટળાયેલો જોઈ, બીજા છોકરાઓ ડરીને નાસી ગયા પણ વર્ધમાને ડર્યા વગર તેને પકડીને દૂર મૂકી દીધો. નીડરતાનો ગુણ હોઈ વર્ધમાન વિજયી બન્યા.

વિકરાળ રાક્ષસ વર્ધમાનને ડરાવવા આવ્યો પણ તેવે સમયે તેમણે તેમની વીરતા અને ધીરતાનો પરચો બતાવ્યો અને તેઓ મહાવીર તરીકે ઓળખાયા.

તેઓ નાની ઉંમરે જ સમજી ગયા હતા કે ભૌતિક સુખ સાહ્યબી કાયમ રહેવાના નથી અને તે બીજાને દુઃખી અને ગુલામ જ બનાવે છે. તેથી તેમણે ભોતિક સુખ સંપત્તિ તથા સંસાર ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. તે જાણતા હતા કે તેમના નિર્ણયથી માતા-પિતા દુઃખી થશે એટલે તેમની હયાતી સુધી આ વિચાર દર્શાવ્યો નહિ. તેઓ ૨૮ વર્ષના હતા ત્યારે તેમનાં માતા-પિતાનુ મૃત્યુ થયું. હવે એમણે સંસારના ત્યાગની ઇચ્છા દર્શાવી. મહાવીરના આ નિર્ણયથી મિત્રો તથા અન્ય સભ્યો પણ દુઃખી થયા એટલે મોટાભાઈના કહેવાથી બે વર્ષ માટે એમણે સંસાર ત્યાગનો વિચાર મોકુફ રાખ્યો. આ સમય દરમિયાન તેમણે તેમની સંપત્તિ **કુટુંબીજનો સ્વજનો ગરીબો તથા જરૂરિયાતવાળાને દાનમાં આપવા માંડી.**

અંતે ત્રીસ વર્ષની ઉંમરે સંસાર ત્યાગી સાધુ બન્યા. બાર વર્ષ અને છ મહિના ભગવાન મહાવીરે ધ્યાન અને સંયમની સાધનામાં લગભગ મૌનપણે પસાર કર્યા. પશુ, પક્ષી તથા ઝાડપાનને પણ ક્યારેય પોતાના હાથે દુઃખ ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખતા. એમની આ સાધનામાં ઉપવાસના દિવસો વધારે હતા. ખુલ્લા પગે ઘેર ઘેર ફરી ગોચરી લેતા અને સમતાપૂર્વક જીવનમાં આવતા ઉપદ્રવોને સહન કરતા.

આ સાડાબાર વર્ષના સાધના કાળ દરમિયાન એમણે –

● ભયંકર વિષધર ચંડકૌશિકને પ્રેમથી શાંત કર્યો.

● બળદ શોધતાં ખેડૂતે કાનમાં ખીલા ઠોક્યા તે પણ સમતાપૂર્વક સહન કર્યા.

● ચંદનબાળાના બાકુળા સ્વીકારી પાંચ માસ અને પચ્ચીશ દિવસના ઉપવાસનું પારણું કર્યું.

● ગ્રામ્ય અશિક્ષિત લોકો દ્વારા થયેલી કનડગત અને પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો શાંતિથી અને ક્ષમા ભાવનાથી કર્યો.

આ સાધનાના સમય દરમિયાન તેમણે આધ્યાત્મિક પ્રગતિ સાધી ચારેય ઘાતિ કર્મોનો નાશ કર્યો. એમણે અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અને અનંત વીર્યનો સાક્ષાત્કાર કર્યો. આને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું કહેવાય છે. હવે તેઓ ભગવાન મહાવીર અથવા મહાવીરસ્વામી કહેવાયા. બીજા ૩૦ વર્ષ સુધી સમગ્ર ભારતમાં ખુલ્લે પગે વિહાર કરી સહુને પોતાને સાક્ષાત્કાર થયેલા મુક્તિના માર્ગનો ઉપદેશ આપ્યો.

મહાવીરસ્વામીની દૃષ્ટિએ ગરીબ અને તવંગર, રાજા અને પ્રજા, સ્ત્રી અને પુરુષ, સાધુ અને શાહજાદા, છૂત અને અછૂત સહુ સમાન હતા અને આધ્યાત્મિક પ્રગતિના માર્ગના હકદાર હતા તેથી ઘણા પુરુષો અને ઘણી સ્ત્રીઓ પણ સંસારનો ત્યાગ કરીને પરમ સત્યની શોધ માટે મહાવીરસ્વામીના ચીંધેલા માર્ગે ચાલી નીકળ્યા. મહાવીરસ્વામીએ ચતુર્વિધ સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની સ્થાપના કરી.

ભગવાન મહાવીરે વ્યાખ્યાનરૂપે જે ધર્મોપદેશ આપ્યો તે તેમના શિષ્યો ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ૧૨ શાસ્ત્રોમાં સાચવ્યો જેને ‘અંગ આગમ સૂત્ર’ કહેવાય છે. શ્રુતકેવલી આચાર્યોએ આગમ સૂત્રની વિશેષ સમજણ આપતા ઘણાં શાસ્ત્રો રચ્યાં. આ બધા જ શાસ્ત્રોને જૈન ધર્મગ્રંથો કહેવાય છે અને એ ધર્મગ્રંથો આગમના નામથી ઓળખાય છે. મૌખિક પરંપરા દ્વારા સચવાયેલા આ શાસ્ત્રો લગભગ પંદરસો વર્ષ

પહેલાં પહેલી વખત તાડપત્ર પર લખાયા હતા. કેટલાક પુસ્તકો સચવાયા છે તો કેટલાક નાશ પામ્યા છે.

જન્મ-મૃત્યુના ફેરામાંથી મુક્તિ મેળવી અંતિમ પરમ શાંતિ કેમ મેળવવી એ જ એમનો ઉદ્દેશ હતો. આને જ નિર્વાણ કહો કે મોક્ષ. આ મેળવવા માટે કર્મનો નાશ કરવો પડે અને કર્મમાંથી મુક્તિ મેળવવી પડે. લોભ, માન, માયા, તિરસ્કાર, ક્રોધ જેવા પાપસ્થાનકોથી કર્મનો બંધ થાય છે. ધીમે ધીમે તે કર્મો ઊંડા મૂળ નાંખી ભવોભવના ફેરામાં ભટકાવે છે. ભગવાન મહાવીરે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર દ્વારા કર્મમાંથી કેમ મુક્તિ મેળવવી અને ધર્મના સાચા માર્ગે વળી આત્મિક શાંતિ કેમ મેળવવી તે શીખવ્યું.

તેઓએ આત્મકલ્યાણ સાધવા માટે પાંચ મહાવ્રત પાળવાનું કહ્યું :

**અહિંસા** :- કોઈપણ કારણસર મન-વચન-કાયાથી કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી. કોઈ જીવને દુઃખ આપવાનો અધિકાર આપણને નથી.

**અસત્ય ત્યાગ** :- ક્યારે પણ અસત્ય બોલવું નહિ. સત્ય બોલવાથી પણ દુઃખ પીડા થાય તેવું હોય તો મૌન રહેવું.

**અચૌર્ય** :- (અસ્તેય) અણહકનું અને વણઆપ્યું કોઈનું કશું લેવું નહિ.

**બ્રહ્મચર્ય** :- પાંચે ઇન્દ્રિયોના સુખમાં તેમજ કામભોગમાં પોતાની જાતને પ્રવૃત્ત ન કરવી.

**અપરિગ્રહ** :- વ્યક્તિ, વસ્તુ કે જગતના ભૌતિક સુખો આપતી ચીજોથી સંપૂર્ણપણે મુક્ત થવું. સંગ્રહ ન કરવો.

જૈનો આ પાંચે નિયમોને યથાશક્તિ માર્ગદર્શક સિદ્ધાંત તરીકે પોતાના જીવનમાં ઉતારે છે, અને ભવોભવના ફેરામાંથી મુક્તિ મેળવે

છે. અનેકાંતવાદના તત્ત્વજ્ઞાનને જીવનમાં ઉતારી સાધુ સાધ્વી આ નિયમોને ચુસ્ત રીતે પાળી શકે છે, જ્યારે શ્રાવક શ્રાવિકાઓને પાલનમાં કેટલીક મર્યાદા નડે છે.

જૈનધર્મના સિદ્ધાંતોને જેઓ યોગ્ય રીતે સમજશે અને ચુસ્ત રીતે તેને અમલમાં મૂકશે તેઓ વર્તમાન જીવનમાં પરમસુખ અને આનંદનો અનુભવ કરશે, આવનારા ભવમાં વધુ ઉચ્ચ આધ્યાત્મિક જીવન મેળવશે અને અંતે મોક્ષસુખને પામશે.

૭૨ વર્ષની પૂર્ણ વયે (ઈ.સ. પૂર્વે ૫૨૭) પાવાપુરી બિહારમાં ભગવાન મહાવીરનું નિર્વાણ થયું. શુદ્ધ શાશ્વત આત્મા આ નશ્વર દેહને છોડીને ચાલ્યો ગયો. ભગવાનના નિર્વાણનો દિવસ હિંદુ અને જૈન પંચાંગનો અંતિમ દિવસ-દીપાવલીનો દિવસ હતો.

**ભગવાન મહાવીરના ઉપદેશના અર્થસભર મુદ્દાઓ :**

- મહાવીરસ્વામીએ ધર્મને સહજ અને સરળ બનાવ્યો. ગૂંચવાડાભરી ધાર્મિક ક્રિયાથી મુક્ત કર્યો. તેમનો ઉદેશ આત્માની શાશ્વત સુંદરતા અને એકસૂત્રતાનો પડઘો પાડે છે.
- મહાવીરસ્વામીએ માનવ-જીવનનો અર્થ અને તેના પ્રત્યેના હકારાત્મક અભિગમને શીખવાડ્યો.
- માનવ શરીર ભલે એ હાડકાં, લોહી અને માંસનું બનેલ છે પણ તે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ તથા અનંત વીર્યથી ભરપૂર આત્માનું નિવાસ સ્થાન છે.
- દરેક જીવ પછી તે ગમે તે કદ, આકાર, રૂપ કે આધ્યાત્મિક વિકાસ વાળો હોય પણ તે સમાન જ છે. આપણે તેને માન આપવું જ જોઈએ. એ દ્વારા પરસ્પર પ્રેમ ભાવના ખીલવવી.

• મહાવીરસ્વામી, ભગવાનને સર્જનહાર, રક્ષણકર્તા તથા વિનાશકર્તા તરીકે સ્વીકારતા નથી. વળી તેઓ દેવ-દેવીઓની વ્યક્તિગત લાભ માટે ભક્તિ કરવાની પણ ના પાડે છે.

**ભગવાન મહાવીરના ઉપદેશોને ચાર ભાગમાં વહેંચી શકાય :**

૧. **જીવનદૃષ્ટિ** : આચારાંગ ઉપદેશગ્રંથમાં તેઓ કહે છે "દરેક જીવને પોતાનું જીવન પ્રિય છે" - જેવું આપણને જીવન વહાલું છે તેવું બીજાને પણ વહાલુ છે...

૨. **જીવનશુદ્ધિ** : અહિંસા, સંયમ, તપ વગેરેથી જીવનતત્ત્વની પૂર્ણ શુદ્ધતા, આધ્યાત્મિક સાધના દ્વારા શક્ય છે.

૩. **રહેણીકરણીનું (આચારનું) પરિવર્તન** : ભગવાન મહાવીર કહે છે કે જ્યાં સુધી રહેણીકરણીનું પરિવર્તન ન થાય, ત્યાં સુધી જીવનદૃષ્ટિ અને જીવનશુદ્ધિ અનુભવમાં ન આવે. તદ્દન સરળ, સાદું અને નિષ્કપટ જીવન જીવવું.

૪. **પુરૂષાર્થ** : ભગવાન મહાવીર કહે છે કે સંયમ, ચારિત્ર, સાદી રહેણીકરણી માટે પુરૂષાર્થ કરવો. ઈશ્વર કે દૈવી કૃપાની અપેક્ષા નહિ પરંતુ સાધક સ્વયં પુરુષાર્થ કરીને વાસના, ક્રોધ, લોભ, માન, માયા વગેરે સામે અડગપણે ઝૂઝવાનું પરાક્રમ કરે અને તેને જીતે તે જ સાચો પુરુષાર્થ.

જૈન ધર્મ માને છે કે માનવ માત્ર મોક્ષ મેળવવા શક્તિમાન છે. મુક્ત આત્માને સિદ્ધ કે ભગવાન માનવામાં આવે છે. આ યુગના ભગવાન મહાવીર ચોવીસમા અને અંતિમ તીર્થંકર છે. ભગવાન મહાવીરનો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો સંદેશ વૈશ્વિક કરુણાથી ભરેલો છે. વિચારોની વિવિધતામાં રહેલ સત્યને સ્વીકારવું એ જ ભગવાન મહાવીરનો અનેકાંતવાદ. અન્ય બીજા તીર્થંકરોની જેમ ભગવાન મહાવીરે પણ જૈન ધર્મને જીવંત રાખવા માટે શ્રી ચતુર્વિધ જૈન સંઘની ધાર્મિક વ્યવસ્થા શરૂ કરી જે આજે

પણ ચાલુ છે. ભગવાન મહાવીરના ઉપદેશને અનેક હસ્તપ્રતોમાં સાચવવામાં આવ્યા છે. જે આગમસૂત્ર અથવા આગમ તરીકે ઓળખાય છે.

## તીર્થંકર જીવન દર્શન

### શ્રી મહાવીર સ્વામી

| | |
|---|---|
| માતા :- ત્રિશલા | પિતાઃ- સિદ્ધાર્થ |
| વંશ :- ઈક્ષ્વાકુ | ગોત્ર :- કશ્યપ |
| વર્ણ :- સુવર્ણ | ઊંચાઈ :- ૭ હાથ |
| લાંછન :- સિંહ | ભવ :- ૨૭ |
| ગર્ભકાળ :- ૯ મહિના ને ૭ દિવસ | કુમારકાળઃ- ૩૦ વર્ષ |
| રાજ્યકાળ :- | ગૃહસ્થકાળ :- ૩૦ વર્ષ |
| છદ્મસ્થકાળ :- ૧૨ વર્ષ ૬ મહિના ૧૫ દિવસ | સંયતકાળ :- ૪૨ વર્ષ |
| જીવનકાળ :- ૭૨ વર્ષ | શાસનકાળ :- ૨૧ હજાર વર્ષ |
| પુત્ર/પુત્રી :- ૧ પુત્રી | ગણધર :- ૧૧ |
| સાધુ :- ૧૪,૦૦૦ | સાધ્વી :- ૩૬,૦૦૦ |
| શ્રાવક :- ૧,૫૯,૦૦૦ | શ્રાવિકા :- ૩,૧૮,૦૦૦ |
| યક્ષ :- માતંગ | યક્ષિણી :- સિદ્ધાયિકા |
| ચ્યવનકલ્યાણક :- અષાઢ સુદ ૬ | ચ્યવનનક્ષત્ર :- ઉત્તરાફાલ્ગુની |
| જન્મકલ્યાણક :- ચૈત્ર સુદ ૧૩ | જન્મનક્ષત્ર :- ઉત્તરાફાલ્ગુની |
| જન્મરાશિ : કન્યા | જન્મભૂમિ :- ક્ષત્રિયકુંડ |
| દીક્ષાકલ્યાણક :- કારતક વદ ૧૦ | દીક્ષાનક્ષત્ર :- ઉત્તરાફાલ્ગુની |
| દીક્ષાતપઃ- ૨ ઉપવાસ (છટ્ઠ) | દીક્ષાશિબિકા :- ચન્દ્રપ્રભા |
| દીક્ષાવૃક્ષઃ- અશોક | દીક્ષાભૂમિ :- ક્ષત્રિયકુંડ |
| પારણાનું સ્થળ :- કોલ્લાગ | પ્રથમ પારણું :- ક્ષીર |
| સહદીક્ષિતો :- એકલા | કેવલજ્ઞાનકલ્યાણકઃ-વૈશાખ સુદ ૧૦ |

| | |
|---|---|
| કેવળજ્ઞાનનક્ષત્ર :- ઉત્તરાફાલ્ગુની | કેવલજ્ઞાનતપ :- ૨ ઉપવાસ (છટ્ઠ) |
| કેવળજ્ઞાનવૃક્ષઃ- શાલ | કેવલજ્ઞાનભૂમિ :- ઋજુવાલિકા બિહાર |
| વિહાર :- બિહાર પ્રદેશ | |
| નિર્વાણકલ્યાણક :- આસો વદ ૦)) | નિર્વાણનક્ષત્ર :- સ્વાતિ |
| નિર્વાણતપ :- ૨ ઉપવાસ | નિર્વાણભૂમિ :- પાવાપુરી |

## સ્વાધ્યાય

૧. ભગવાનનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? તેમના સંબંધીઓના નામ બતાવો ?

૨. પ્રભુનું નામ વર્ધમાન કેમ પડ્યું ? મહાવીર નામ કોણે રાખ્યું ? અને કેમ રાખ્યું ?

૩. ભગવાનની પત્ની, પુત્રી અને જમાઈના નામ આપો.

૪. દીક્ષા લીધા પછી ભગવાનને કેવા ઉપસર્ગ થયા ?

૫. ભગવાનનો ઉપદેશ શું છે ?

૬. પાંચ કલ્યાણક કયા કયા છે ?

૭. ભગવાનનો પરિવાર કેટલો હતો ?

૮. દીવાળીનો તહેવાર કેમ શરૂ થયો ?

## નેમિસૂરિ મ.નુ જીવન ચારિત્ર

વિક્રમની વીસમી સદીમાં થઈ ગયેલા મહાન જૈનાચાર્યોમાં 'સૂરિચક્ર ચક્રવર્તી' તરીકે જેમને બિરદાવવામાં આવે છે એવા પરમ પૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જીવન વૃતાન્ત અનેક ઘટનાઓથી સભર, રસપ્રદ અને પ્રેરક છે. પૃથ્વીને અજવાળવા માટે જાણે કોઈ જ્યોતિપુંજ અવતર્યો હોય એવું પવિત્ર એમનું જીવન છે. એમના જીવનની એક જ ઘટના તાજુબ કરી દે એવી છે. એમનો

જન્મ અને કાળધર્મ એક જ ભૂમિમાં, એક જ દિવસે, એક જ વારે અને એક જ ઘડીએ થયો હતો.

પૂ. નેમિસૂરિ મહારાજનો જન્મ વિ. સં. ૧૯૨૯ના કારતક સુદ એકમના દિવસે સૌરાષ્ટ્રમાં મહુવા ગામે થયો હતો. બેસતા વર્ષના પવિત્ર પર્વના દિવસે પુત્રનો જન્મ થવો એ કોઈ પણ કુટુંબ માટે અત્યંત આનંદની વાત હોય. એમના પિતા લક્ષ્મીચંદભાઈ અને માતા દિવાળીબહેન એ બંનેના હર્ષનો પાર નહોતો. જ્યારે લક્ષ્મીચંદભાઈ જ્યોતિષી પાસે બાળકની કુંડળી લેવા ગયા ત્યારે જ્યોતિષી પણ એ કુંડળીથી આશ્ચર્યચકિત થયા હતા. એમણે કહ્યું, 'આ તો કોઈ ઊંચા પ્રકારની કુંડળી છે. એટલે તમારો પુત્ર આગળ જતાં મહાન જૈન સાધુ થાય એવી સંભાવના મને આ કુંડળી જોતાં જણાય છે.

પાલિતાણાના ઠાકોરે સિગરેટ પીતાં અને પગમાં બૂટ પહેરીને ગિરિરાજ ઉપર દાદાના દરબારમાં પ્રવેશ કર્યો. આખા જૈન જગતની લાગણી દુભાઈ. જાહેર સભા ભરાઈ. તે સભામાં અજીમગંજના ઠાકોર બાબુ છત્રપતિસિંહજીએ તલવાર કાઢીને પ્રતિજ્ઞા કરી કે "આ તલવારથી હું મારા તીર્થની પવિત્રતાનો નાશ કરનાર પાલિતાણા-ઠાકોરની હત્યા ન કરું તો મારું નામ બાબુ છત્રપતિસિંહ નહિ !"

વાતાવરણ વીફર્યું. સામે ઠાકોર પણ વીફર્યા. ઠાકોર માનસિંહજી. એણે નક્કી કર્યું કે હવે તો જૈનોને બતાવી દઉં ! એણે મુસલમાનોને બોલાવ્યા. અંગારશા પીર ડુંગર ઉપર છે ત્યાં એક ઓરડી બનાવડાવી. તેમાં બકરાની કતલ કરીને તેનું લોહી દાદા આદિનાથના દેરાસરમાં છાંટવાનું, આમ નક્કી કર્યું. આખો રેકોર્ડ છે આ ઘટનાનો.

આ વાતની ખબર પડી એટલે મહારાજજીએ વિચાર્યું કે આપણે ઠાકોરના સ્ટેટમાં બેઠા છીએ. અહીં એજન્સી(બ્રિટિશ હકૂમત) નથી. અહીં આ ઝુંબેશ ચલાવું છું હું. અમે સાધુ છીએ. ન કરે નારાયણ અને કાલે ઠાકોરની પોલીસ ત્રાટકે અને બધાય સાધુઓને જેલમાં પુરી દે તો ?

આ વિચાર આવતાં જ એમણે રાત માથે લઈને આનંદસાગરજી, સંસારપક્ષે એમના મોટા ભાઈ મણિવિજયજી અને એવા ૫-૭ જવાબદાર, તેજસ્વી સાધુઓને વિહાર કરાવી, પાલીતાણા-ઠાકોરના રાજ્યની હદ છોડીને એજન્સીની હદમાં મોકલી દીધા. એમ કે કાલે હું જેલમાં જઉં તો તમે આવીને લડત સંભાળી શકો. બધા સામટા જેલમાં જઈશું તો લડત કોણ ચલાવશે ? તો, તીર્થરક્ષા માટે આ સાધુઓએ શું કર્યું છે તેની જરાક કલ્પના કરો !

દરમ્યાનમાં, સાહેબે ભાઈચંદ નામના શ્રાવકને તૈયાર કર્યા. એમણે રાતોરાત પાલીતાણાની આજુબાજુના આયરો, ભરવાડોને ભેગા કર્યા અને સમજાવ્યા કે 'તમારો માલ, તમારાં બકરાં, આ દરબાર ઉપાડી જશે ને મુસલમાનોને આપશે. તમને કાણો પૈસોય નહિ આપે. એ બકરાંની કતલ કરી નાખશે. હવે તમે તો માલધારી છો, આના ઉપર તો તમારી જીવાઈ છે. તમને કાંઈ થતું નથી ?' પેલા કહે, 'પણ ભાઈ ! અમારે શું કરવું ?' એટલે સમજાવ્યા કે 'પેલાએ ઓરડી બાંધવાનો સામાન પીરે મોકલ્યો છે. બકરાં પણ બાંધ્યાં છે. તમે એનો નિકાલ કરી દો !'

રાત્રે જ પાછલા રસ્તે ભરવાડો ઉપર ચડ્યા ડાંગો લઈને, અને પેલી ઓરડી બાંધવા માટેનાં છાંપરાં, લાકડાં, દોરડાં બધું હતું તે ઉખાડીને ફેંકી દીધું ખીણમાં, અને બકરાં બાંધેલાં હતાં તે છોડીને લઈ ગયા. આજની ઘડી ને કાલનો દા'ડો ! એમાં એજન્સીનો ચુકાદો આવ્યો, ઠાકોરની વિરુદ્ધમાં. આપણે જીતી ગયા.

• • •

આવો જ બીજો એક પ્રસંગે છે. લાલભાઈ શેઠ ઓચિંતા ગુજરી ગયા, અને પ્રાયઃ અઢાર વર્ષની ઉંમરે કસ્તૂરભાઈ શેઠ પર બધો જ બોજ આવ્યો. પેઢીનો નહિ, પણ પોતાનો, વ્યવસાયિક બોજ અને કુટુંબનો બોજ. એમને કોલેજ તો છોડવી પડી. પૂરું ભણતર ન થયું. પણ એ

નેમિસૂરિ મહારાજ પાસે રોજ સાંજે એક કલાક ભણવા આવતા. મહારાજજી તેમને મહાકવિ ભારવિએ રચેલ 'કિરાતાર્જુનીય' મહાકાવ્ય શીખવાડતા. એનો એકેક શ્લોક ૧૫-૧૫ દિવસ સુધી છણાવટ કરીને એમને સમજાવે. કહે કે તમારે જૈન સંઘ ચલાવવાનો છે. તમારા વ્યવસાયો ચલાવવાના છે. તમારે આણંદજી કલ્યાણજી અને તીર્થો ચલાવવાનાં છે. તમારામાં બાહોશી, કુનેહ અને મુત્સદ્દીવટ હોવાં જોઈએ. આમ, એનાં અમીપાન એમણે મહિનાઓ સુધી કરાવ્યા.

●●●

મોટા મહારાજ અંતિમ દિવસોમાં છેલ્લા ૧૫ દિવસ અગાઉ પડી ગયેલા. ફ્રેક્ચર થયું હતું. ચોમાસાં પહેલાં પોતે કદંબગિરિ હતા ત્યારે ઇચ્છા વ્યક્ત કરી કે મારે અહીં ચોમાસું કરવું છે. એમાં મહુવાના નગરશેઠ આવ્યા. સંઘ આવ્યો. સંઘને તો ના પાડી, પણ નગરશેઠને ના ન પડાઈ. ધોરી પુરુષોની એક પ્રણાલિકા હતી કે ક્ષેત્રનો મુખ્ય આદમી કહે તો એનો નિષેધ નહિ કરવો. નગરશેઠે કીધું એટલે મહુવા આવ્યા. પણ હા પાડતી વેળા પોતે બોલ્યા કે મહુવાના દેરાસરની પ્રતિષ્ઠા મારે કરવાની નથી. તમે એને માટે મને લઈ જતાં હો તો એ મારા હાથે નહિ થાય.

તો ફ્રેક્ચરને કારણે સંથારાવશ થયા. છેલ્લા ૩ દિવસ બાકી રહ્યા ત્યારે ડોક્ટરોએ કીધું કે, સાહેબ, એમને મોસંબીનું પાણી પીવડાવો. શ્રાવકો લઈને આવ્યા. સાહેબે પૂછ્યું : 'આ શું છે ?' તો કહ્યું, 'મોસંબીનું પાણી. ત્યારે 'જ્યુસ' શબ્દ નહોતો. 'પાણી' જ ગણાતું ને બોલાતું. 'ડોક્ટરોએ કીધું છે કે વાપરવાનું છે.' એટલે એકદમ નીમાણા થઈ ગયા. બોલ્યા : 'ઉદય ! ડોક્ટરને બોલાવ ને !' બોલાવ્યા, તો પૂછ્યું : "હેં ડોક્ટર ! મારી જિંદગીમાં મે ફ્રુટ નામનો કોઈ પદાર્થ ચાખ્યો નથી, મોઢામાં નાખ્યો નથી; તો આ છેલ્લા દિવસોમાં મને આ મોસંબીનું પાણી પીવડાવશો ? ના પીઉં તો નહિ ચાલે ?" ડોક્ટર કહે કે

'સાહેબ, ચાલે, કોઈ બંધન નથી. આપ પાણી લેશો તો ચાલશે. તમારા વ્રત મારે તોડાવવા નથી.'

ઈન્જેક્શન આપવાની વાત આવી. મહારાજજી તો કાંઈ બોલ્યા નહીં. પણ નંદનસૂરિ મહારાજે પૂછ્યું : 'દાક્તર, આ ઈન્જેકશનથી મહારાજજી ૧૨ મહિના વધારે જીવે એવું ખરું ?' ડોક્ટર કહે, ના સાહેબ ! એ તો જવાના હોય ત્યારે જ જાય. આનાથી થોડી શક્તિ આવે. મહારાજજીએ કહ્યું, 'તો શું કામ આપો છો ? આખી જિંદગીમાં એમણે એલોપથી ઔષધ મોઢામાં નાખ્યું નથી. ઈન્જેકશનની તો વાત જ ક્યાં રહી ? ૭૭ વર્ષમાં. એમને આપવાનું રહેવા દો.' ડોક્ટર માની ગયા.

ધનતેરસે નંદનસૂરિ મહારાજે કહ્યું : 'સાહેબ ! પરમ દિવસે દીવાળી છે. આપણે જરા બેઠા થઈશું. દેરાસરે દર્શન કરીશું.' ત્યારે સાવ સહજભાવે સાદી વાત કરતાં હોય એમ મહારાજજીએ કહ્યું, "આપણે ક્યાં દીવાળી જોવાની છે ?" આ વાત ધનતેરસની. આ શબ્દો સાંભળીને બધા રડી પડ્યા. પણ પોતાને કાંઈ જ લેવા-દેવા નહિ. રડવું હોય તે રડે, ને જે કરવું હોય તે કરે.

અમાસના દિવસે સવારના પહોરમાં પ્રતિક્રમણ આદિથી પરવાર્યા એટલે મહારાજજીએ નંદનસૂરિ મ.ને બોલાવી કહી દીધું કે : "આજે મને પચ્ચક્ખાણ પરાવતા નહિ, મારા મોઢામાં પાણી નાખતા નહિ." ના પાડી. પચ્ચક્ખાણ ના પાર્યું. સંથારાવશ છે. સાંજે પાંચ વાગ્યા ને સાધુને બોલાવ્યા : "ધુરંધર ! મને પ્રતિક્રમણ કરાવી દે." પ્રતિક્રમણ પૂરું થયું એટલે મહારાજ શ્રીએ કહ્યું, 'ધુરન્ધર આજ બહોત અચ્છા પજિક્કમણા કરાયા.' પ્રતિક્રમણ થયા પછી આખો સંઘ ભેગો થયો છે. જોયું કે હવે દીવો વિલાઈ રહ્યો છે. બધા ભેગા થયા. પુણ્યપ્રકાશ, ચાર શરણાં, પાંચ મહાવ્રત વગેરે ચાલ્યા. બધું શ્રવણ કરતાં કરતાં નેટ સાત વાગે દેહનો ત્યાગ કર્યો. એક બાજુ દીવાળીનાં મેરૈયાં પ્રગટાવવાનો ટાઈમ થયો ને અહીં પૂજ્યશ્રીનો આત્મદીપ ઓલવાઈ ગયો.

**રોજ એક વખત શાન્ત પળોમાં**
**હૃદયથી ભાવવાની ભાવના...**

(૧)

કલ્યાણ થાઓ વિશ્વનું અનુકૂલ વૃષ્ટિ હો સદા
ઘર ઘર વિષે ધન ધાન્ય ને આરોગ્યની હો સંપદા
રોગો ગુના અપરાધ ને હિંસાદિ પાપો દૂર હો
સર્વત્ર શાંતિ સુખ સમૃદ્ધિ ધર્મનો જયકાર હો.
ધર્મનો જયકાર હો.

(૨)

જગમાં જે જે દુર્જન જન છે તે સઘળા સજ્જન થાઓ
સજ્જન જનને મનસુખદાયી શાન્તિનો અનુભવ થાઓ
શાન્ત જીવો આધિ વ્યાધિ ને ઉપાધિથી મુક્ત બનો
મુક્ત બનેલા પુરુષોત્તમ આ સકલ વિશ્વને મુક્ત કરો.

●●●

NOTE

JAIN EDUCATION & EMPOWERMENT TRUST
JEET
Estd. : 2006

# SUMMARY OF BALANCE SHEET (2008 - 2015)

| PARTICULARS | FY 08-09 | FY 09-10 | FY 10-11 | FY 11-12 | FY 12-13 | FY 13-14 | FY 14-15 |
|---|---|---|---|---|---|---|---|
| **FUND & LIABILITIES** | | | | | | | |
| **(A) TRUST FUND OR CORPUS** | | | | | | | |
| Balance as per last Balance Sheet | 10002 | 10002 | 10002 | 10002 | 10002 | 10002 | 10002 |
| Addition During the year | | | | | | | 108000 |
| Corpus Fund for Shree Adinath Vidyapeeth | | | | | 1340000 | 15301000 | 17251000 |
| | **10002** | **10002** | **10002** | **10002** | **13410002** | **15311002** | **17369002** |
| **Loans :** | | | | | | | |
| Loan from Trustee | 325000 | | 400000 | 10000 | | | |
| Other Loans | | | | | 400000 | 400000 | 200000 |
| Other Payable | | | 29500 | | | | |
| **TOTAL** | **325000** | | **429500** | **10000** | **40000** | **400000** | **200000** |
| **(D) INCOME & EXPENDITURE ACCOUNT** | | | | | | | |
| Balance as per last Balance Sheet | 102950 | (290253) | 2035435 | 87860 | 292373 | (364859) | 4230052 |
| Transfer to Reserve Fund | | | | | | | |
| Surplus as per Income & Expenditure A/c. | (393203) | 2325688 | (1947575) | 204514 | (657232) | 4594911 | 1863429 |
| | **(290253)** | **2035435** | **87860** | **292373** | **(364859)** | **4230052** | **6093481** |
| | **44749** | **2045437** | **527362** | **402375** | **13445143** | **19941054** | **23662483** |
| **ASSETS :** | | | | | | | |
| **FIXED ASSETS :** | | | | | | | |
| **JEET FIXED ASSETS :** | | | | | 32012 | 27210 | 33928 |
| **Shree Adinath Vidyapeeth FIXED ASSETS:** | | | | | 2635265 | 2427606 | 2328932 |
| **INVESTMENTS** | | | | | | | |
| **FD WITH BANK:** | | 1932603 | | | 9785492 | 16666150 | 17848000 |
| **Accrued Interest on FD** | | | | | | | 1945158 |
| **CURRENT ASSETS :** | | | | | | | |
| **Advances :** | | | 5000 | 165000 | | | |
| JEET Staff Loan | | | | | 20000 | 25500 | 35500 |
| SAV staff Loan | | | | | | | 22000 |
| T.D.S. | | 3261 | 3261 | 3260 | 37934 | 69965 | 69965 |
| **CASH & BANK BALANCE** | | | | | | | |
| Bank Balance | 36710 | 91918 | 515047 | 230439 | 927462 | 717826 | 1349024 |
| Cash in Hand | 8039 | 17655 | 4054 | 3676 | 6978 | 6797 | 29976 |
| **TOTAL** | **44749** | **2045437** | **527362** | **402375** | **13445143** | **19941054** | **23662483** |



જિત સંસ્થા દ્વારા થયેલ વિવિધ ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક...